આઈપીએલ આજની મેચ
રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર VS ચેન્નઈ સુપરકિંગ્સ
સાંજે ૭:૩૦ કલાકે

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૩-૫-૨૦૨૫, શનિવાર
વર્ષ: ૧૪, અંક : ૪૭

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

જોઈએ છે
રીટાયર્ડ ચોકીદાર
સફાઈ કામદાર
કલાર્ક - પટ્ટાવાળા
રહેવાની સગવડ
હાજરી ૫૦૦
અપ્પુ ચણાદાળ
અરજી માટે વ્હોટ્સએપ નંબર
મો. 98242 00970
જુનો મોરબી રોડ રાજકોટ

## ૧૫ વર્ષની મર્યાદા હટાવી ફ્રી હોલ્ડ થતા જ જીઆઈડીસી ધમધમશે

# આનંદો... જીઆઈડીસીના પ્લોટ હવે "સ્વતંત્ર" રીતે લે-વેચ કરી શકાશે

### જીઆઈડીસીના નિયમોમાં સુધારાઓ આવી રહ્યા છે, માથાના દુ:ખાવા સમાન લે-વેચ માટેની સમય મર્યાદા હટાવવાની તૈયારી: બીજા પણ અનેક ફેરફારો સાથે જીઆઈડીસીને બુસ્ટ આપવાના કરાશે પ્રયાસો

**અબતક, ગાંધીનગર**

રાજ્યની તમામ જીઆઈડીસીને બુસ્ટ મળે અને રાજ્યનો ઔધોગિક વિકાસ ઝડપી બને તેવા આશય સાથે સરકાર જીઆઈડીસીમાં અનેક ફેરફારો લાવવાની તૈયારી કરી રહી છે. જેમાં સૌથી મોટો ફેરફાર જીઆઈડીસીના પ્લોટોની લે-વેચ કરવા માટે જે ૧૫ વર્ષની સમય મર્યાદા રાખવામાં આવી છે તેને હટાવવામાં આવશે તેવું સૂત્રો જણાવી રહ્યા છે.

ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ (જીઆઈડીસી) એસ્ટેટમાં ફ્રીહોલ્ડ વ્યવહારોને મંજૂરી આપતા નવા સુધારાઓ રજૂ કરવા જઈ રહી છે, જેનાથી માત્ર ઔધોગિક એકમોને જ ફાયદો થશે નહીં પરંતુ જીઆઈડીસીના સંસાધન ઉપયોગ કાર્યક્ષમતામાં પણ સુધારો થશે.

(અનુ. આઠમા પાને)

### કોઈ સાહસમાં આર્થિક ખેંચ વધે ત્યારે પ્લોટ ન વેચી શકવાને કારણે ભારે મુશ્કેલી સર્જાતી હતી

સૂત્રોએ જણાવ્યું હતું કે, વર્તમાન લીઝહોલ્ડ સિસ્ટમના કારણે કાર્યકારી બિનકાર્યક્ષમતા વધી છે, જેમાં પ્લોટને ફ્રીહોલ્ડમાં રૂપાંતરિત કરવા પર ૧૫ વર્ષનો પ્રતિબંધ છે, (અનુ. આઠમા પાને)

### ટ્રાન્સફર ફીમાં પણ રાહત અપાઈ તેવી શક્યતા

સૂત્રોએ જણાવ્યું હતું કે જીઆઈડીસી એસ્ટેટ માટે સસ્તી ટ્રાન્સફર ફી પણ વિચારણા હેઠળ છે. એટલે કે જ્યારે જરૂર પડે ત્યારે જીઆઈડીસીના પ્લોટ વેચવામાં આવે તો વેચનાર કે ખરીદનારને ટ્રાન્સફર ફી મોટું ભારણ ન લાગે તે માટે પણ પગલાં લેવાની સરકારની તૈયારી છે.

# જમીની વોર થતું થશે, આર્થિક વોરમાં પાક.નો ખાત્મો બોલાવી દેવાશે!!!

### નાપાક લોકોને મળતી ૫૩ બિલિયન ડોલરની સહાય બંધ કરી દેવા ભારતે રજૂઆત કરી!!!

**અબતક, નવી દિલ્હી**

બે વૈશ્વિક યુધ્ધો લડાઈ ગયા બાદ હવે ત્રીજું વિશ્વ યુદ્ધ આર્થિક દ્રષ્ટિએ લડાઈ રહ્યું છે. ટેરિફ વોરની સ્થિતિ વચ્ચે પાકિસ્તાને ભારતના પ્રવાસીઓ સાથે જે નાપાક હરકત કરી છે તેને અવગણી શકાય નહીં. ભારતે પાકિસ્તાનને હચમચાવી નાખે તેવા મહત્ત્વપૂર્ણ પગલાં લીધા છે. ત્યારે હવે સશસ્ત્ર દળો વચ્ચે યુદ્ધ છેડાઈ કે નહીં પરંતુ આર્થિક

(અનુ. આઠમા પાને)

### મોદી હે તો મુમકિન હે !!!

પહેલગામ હુમલા બાદ સતત સરકાર દ્વારા એકશન લેવામાં આવી રહ્યા છે. ઉરી હુમલા વખતે કરેલ સર્જીકલ સ્ટ્રાઈકની ઘણા રાહ જોઈ રહ્યા છે. પરંતુ સરકાર માત્ર સશસ્ત્ર દળો દ્વારા જ નહીં તમામ ક્ષેત્ર દ્વારા ગરબા તોડો જવાબ આપી રહી છે. જોકે પહેલગામ હુમલા બાદ કોંગ્રેસ નેતા ગુલામ અહમદ મીરે સરકારના પ્રતિભાવને નક્કર ન ગણાવ્યો. સ્વિસ વિદેશ મંત્રીએ હુમલાની નિંદા કરી અને શાંતિની અપીલ કરી. જોકે નવમા દિવસે પણ ક્શ્ઝઈ પર તણાવ જારી છે. પાકિસ્તાની સેનાએ નિયંત્રણ રેખા પર ગોળીબાર કર્યો હતો, જેનો ભારતીય સેનાએ વળતો જવાબ આપ્યો હતો. આવા સમય વચ્ચે કોંગ્રેસના ચરણજીત સિંહ ચન્નીએ સર્જિકલ સ્ટ્રાઈકના પુરાવા માંગ્યા, જેના પર ભાજપના મનજિંદર સિંહ સિરસાએ કોંગ્રેસ પર સેનાનું મનોબળ તોડવાનો આરોપ લગાવ્યો.

### પાણી છોડવા ભારતને નાપાક નોટિસ !!!

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે સિંધુ જળ સંધિ સ્થગિત કરતાં પાકિસ્તાન હવે આ પગલાને પડકારવા માટે ઔપચારિક રાજદ્વારી નોટિસ તૈયાર કરી રહ્યું છે. પાકિસ્તાનના મુખ્ય મંત્રાલયો વચ્ચે આ અંગે પરામર્શ પૂર્ણ થઈ ગયો છે અને ટૂંક સમયમાં રાજદ્વારી માધ્યમો દ્વારા ભારતને નોટિસ મોકલવામાં આવશે. પાકિસ્તાન માને છે કે સંધિને સ્થગિત કરવાનો ભારતનો નિર્ણય એકપક્ષીય છે અને તે આ મુદ્દે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પોતાનો વિરોધ નોંધાવવાની તૈયારી કરી રહ્યું છે. પાકિસ્તાન આશા રાખે છે કે તેના દબાણથી ભારત પોતાના નિર્ણય પર પુનર્વિચાર કરશે. ફેડરલ કેબિનેટની મંજૂરી બાદ આ અંગેના તમામ પગલાં લેવામાં આવશે.




# ગોવાના શિરગાંવમાં જાત્રા દરમિયાન નાસભાગ

# ૭ના મોત, ૩૦થી વધુ ઈજાગ્રસ્ત

### ઈજાગ્રસ્તોને તાત્કાલિક ગોવા મેડિકલ કોલેજ અને માપુસા સ્થિત ઉત્તર ગોવા જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

ન્યુ રીનોવેટેડ A/C લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા

**અબતક, ગોવા**

ગોવાના શિરગાંવમાં આયોજિત શ્રી લરાઈ 'જાત્રા' દરમિયાન એક દુ:ખદ ઘટના બની હતી. જાત્રા વચ્ચે નાસભાગ મચી જવાને કારણે ૭ લોકોના કચડાઈ જતા મોત થયા જ્યારે ૩૦ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ગોવા મેડિકલ કોલેજ અને માપુસા સ્થિત ઉત્તર ગોવા જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ અકસ્માત ત્યારે થયો જ્યારે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પરંપરાગત 'જાત્રા'માં ભાગ લેવા માટે એકઠા થયા હતા. ભારે ભીડને કારણે અંધાધૂંધી ફેલાઈ ગઈ, જેના કારણે નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ. ઘાયલોમાંથી કેટલાકની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.

(અનુ. આઠમા પાને)






# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ — અ,લ,ઈ

સેલેબલ પર્શન તથા જાહેર ક્ષેત્રની વ્યક્તિ માટે આ સપ્તાહ પ્રતિકૂળ નીવડશે. તમામ પ્રકારની પ્રિન્ટ્સ, કાગળ, તથા પ્રકાશન એકમના જાતકો એવમ સ્ટેશનરી સંબંધિત ઉદ્યોગ તથા વ્યાપારના જાતકો માટે આ સપ્તાહ બહુ જ લાભકારક નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમ તથા વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ અર્ધ મધ્યમ નીવડશે.કુરિયર કાર્ગો એકમના જાતકો તેમજ સર્વિસ બિઝનેસ ના જાતકો માટે આ સપ્તાહ ખૂબ જ લાભદાયક નીવડશે. સરકારી તેમજ ખાનગી ક્ષેત્રના નોકરીયાત વર્ગ માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. આ સપ્તાહ દરમિયાન સગા સાથે હળવા વાદ વિવાદ થવાના સંયોગો. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી તથા ગૃહિણી માટે સાનુકૂળ સપ્તાહ. ૪ મે સામાન્ય નીવડશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

### વૃષભ — બ,વ,ઉ

ખાનગી એકાઉંટ્સી એકમના જાતકો, બેંક, વીમા કંપની જેવા એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સાથો સાથ નવી તકો પણ મળશે. ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ ભાગદોડ વાળું તથા હળવું સાનુકુળ નીવડશે. વ્યાપાર વણિજ ક્ષેત્રે છૂટક વ્યાપારના તમામ જાતકો માટે આ સપ્તાહ હળવું લાભકારક જણાશે. અન્ય વ્યાપારીઓ માટે આ સપ્તાહ ભાગદોડ વાળુ તથા સરેરાશ જણાશે. સર્વિસ બિઝનેસના જાતકો માટે આ સપ્તાહ ફાયદાકારક રહેશે. સરકારી કર્મચારી માટે મધ્યમ સપ્તાહ, બદલી બઢતીના સંયોગો. ખાનગી નોકરીયાત માટે સારુ સપ્તાહ. મેડિકલ સ્ટુડન્ટ, નિવૃત્ત તથા ગૃહિણીઓ, મહિલા કર્મીઓ માટે આ સપ્તાહ સારી રીતે પસાર થશે. ૯ તથા ૧૦ મે ના દિવસો સામાન્ય રહેશે.

### મિથુન — ક,છ,ઘ

ઉચ્ચસ્થ ગુરુ તથા ઉચ્ચસ્થ બુધ(સ્વગૃહી) વાળા તમામ જાતકો માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે, સાથોસાથ આકસ્મિક ધનલાભ થવા/મળવાના સંયોગો. શેરબજાર કે સટ્ટાના જાતકો માટે આ સપ્તાહ અતિ સામાન્ય નીવડશે. મોટા કે વિશાળ ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર- વણિજ એકમના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ખાનગી શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલ જાતકો માટે આ સપ્તાહ પ્રતિકૂળ નીવડશે. આ સપ્તાહે સરકારી કર્મચારી વર્ગ માટે બઢતી બદલીનાં સંયોગો. અર્ધ સરકારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સામાન્ય જણાશે. કુટુંબીજનો તરફથી સાથ સહકાર મળવાના સંયોગો. યુવાવર્ગ, મહિલા કર્મીઓ, વિદ્યાર્થીઓ તથા ગૃહિણીઓ માટે આ સપ્તાહ લાભદાયક રહેશે. ૫ તથા ૬ મે અર્ધ-સામાન્ય નીવડશે.

### કર્ક — ડ,હ

કેમિકલ્સ એવમ ફાર્માકેમિકલ્સ એકમના જાતકો માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડવાના સંયોગો. શીપીંગ તેમજ ફિશીંગ એકમ સમેત મરીન એન્જીનીયરીંગ એકમના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક તથા વ્યાપાર વણિજ એકમના જાતકો માટે આ સપ્તાહ અર્ધ-લાભદાયક રહેશે. સરકારી ક્ષેત્ર તથા અર્ધ સરકારી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સામાન્ય નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયક રહેશે. વાણિજય શાખાના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ, નિવૃત્ત, ગૃહિણીઓ અને વર્કિંગ વૂમન માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૭ મેનો દિવસ જ સાવ સામાન્ય નીવડશે.

### સિંહ — મ,ટ

કાયદો-વ્યવસ્થા વિભાગના જાતકો તથા ધારાશાસ્ત્રીઓ માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી ધારાશાસ્ત્રીઓ, ન્યાયાધીશો માટે બઢતીના સંયોગો. સરકારી તથા ખાનગી ક્ષેત્રના ઉચ્ચાધિકારી પદ પર સેવા બજાવતા જાતકો માટે આ સપ્તાહ શ્રેષ્ઠ અને શ્રેયકર નીવડશે. કન્સલ્ટન્સી-સર્વિસ બિઝનેસ ના જાતકો માટે આ સપ્તાહ સાનુકુળ જણાશે. રત્નાભુષણ તથા કોસ્મેટીક એકમના તમામ જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ઔદ્યોગિક વ્યાપાર વણિજ એકમના જાતકો માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક રહેશે. સરકારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે સપ્તાહ સારું રહેશે. ગૃહિણીઓ, નિવૃત્ત તથા વિદ્યાર્થીઓ માટે લાભદાયક સપ્તાહ. ૯ તથા ૧૦ મે મધ્યમ જણાશે.

### કન્યા — પ,ઠ,ણ

આ સપ્તાહે હકારાત્મક તથા ફાયદાકરક કામકાજ મળવાના સંયોગો જણાય છે. ઉદ્યોગ-ધંધાના અટકી પડેલા કામકાજને દિશા સાથે વેગ મળવાની સંભાવના. સરકારી કામકાજ જેવા કે દસ્તાવેજી કાર્ય માટે ખોટી ઉતાવળ ન કરવી. હેવી હ્યુજ મશીનરીનો ઉદ્યોગ તથા વ્યાપારના જાતકો માટે આ સપ્તાહ અતિ લાભદાયી નીવડશે. જથ્થા બંધ તથા છૂટક વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી કર્મચારી તથા સુરક્ષા કર્મી માટે આ સપ્તાહ હળવુ પ્રતિકૂળ જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ મધ્યમ નીવડશે. મિત્રો સાથે મતભેદ થવાના સંયોગો. વિજ્ઞાન શાખાના પ્રોફેસર્સ, શિક્ષકો તેમજ વિદ્યાર્થી, તથા ગૃહિણી, મહિલા કર્મીઓ, નિવૃત્ત માટે શ્રેષ્ઠ સપ્તાહ. ૧૦ મે પ્રતિકૂળ જણાશે.

### તુલા — ર,ત

સ્વગૃહી તેમજ ઉચ્ચસ્થ શનિ વાળા તમામ જાતકો માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. જાહેર ક્ષેત્રની સેલેબલ વ્યક્તિઓએ વિશેષ કાળજી રાખવી. સંબંધો બોલીને ન બગડે તેનું ખાસ ધ્યાન રાખવું. ફીશીંગ તથા શીપીંગ એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ઔદ્યોગિક તેમજ વ્યાપાર વાણિજ્ય એકમના તમામ જાતકો માટે આ સપ્તાહ પણ લાભકર્તા પરંતુ ભાગદોડ વાળુ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું લાભદાયક જણાશે. પરિવાર તથા સ્નેહીઓ વચ્ચે સંવાદિતા વધશે. વિદ્યાર્થી, મહિલાકર્મી, તથા ગૃહિણી સાનુકૂળ સપ્તાહ. ૪ તથા ૬ મે સાવ સામાન્ય રહેશે.

### વૃશ્ચિક — ન,ય

આ સપ્તાહે, કોઈ પણ કારણ વિના ઉદાસી, ઉચાટ તથા દ્વેષ રહેવા પામે. ગોથે ચડી ગયેલા કામકાજને યોગ્ય દિશા મળશે. ગૃહ ઉદ્યોગ તેમજ નાના ઔદ્યોગિક એકમ વાળા જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ તથા લાભદાયક નીવડશે, ધંધા માટે નવા અવસરોના સંયોગો સાંપડશે. આયુર્વેદ તથા યોગ દર્શન સંબંધિત જાતકો માટે આ સપ્તાહ અતિ લાભદાયક તથા દર્શનિય રહેશે. જથ્થાબંધ તેમજ વિદેશ વ્યાપારના એકમના જાતકો માટે આ સપ્તાહ ખૂબ જ લાભદાયક નીવડશે. કઠોર પરિશ્રમ વાળા ધંધા વ્યાપાર માટે આ સપ્તાહ ખૂબ લાભદાયક નીવડશે. વિદ્યાર્થી, મહિલાકર્મી, તથા ગૃહિણી માટે લાભકારી સપ્તાહ. ૯ તથા ૧૦ મે સામાન્ય રહેશે.

### ધન — ભ,ફ,ધ,ઢ

ઔદ્યોગિક એકમના તમામ જાતકો માટે આ સપ્તાહ બહુ જ લાભદાયક નીવડશે. ગ્રેઈન અને ગ્રોસરી મર્ચન્ટ માટે લાભકારી સપ્તાહ. ખાનગી શૈક્ષણિક એકમ તથા નાણાકીય એકમનું જાતકો માટે લાભકારક સપ્તાહ ઈમીટેશન જ્વેલરી ઉત્પાદક તથા વ્યાપારીઓ માટે મધ્યમ સપ્તાહ. કેમિકલ તથા ફાર્મા કેમિકલ્સ સંબંધિત એકમોના જાતકો માટે અતિ લાભદાયી સપ્તાહ. સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ એવરેજ રહેશે. ખાનગી એકમના ઉચ્ચ કર્મચારીઓ માટે પ્રમોશન તથા પગાર વધારા વાળું નીવડશે. મધ્યમ વર્ગના જાતકો માટે આ સપ્તાહ પણ લાભકારી. પરિવારમાં સુમેળ અકબંધ રહેશે. છાત્રો, મહિલા કર્મીઓ તથા ગૃહિણી વર્ગ માટે લાભકારી સપ્તાહ. ૯ મે સામાન્ય રહેશે.

### મકર — ખ,જ

શીપીંગ એકમ તેમજ ફિશીંગ એકમના તથા મરીન એન્જીનીયરીંગ એકમના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. વિદ્યુત કે અગ્નિ સંબંધિત કુડના ઔદ્યોગિક એકમના જાતકો માટે લાભકારી સપ્તાહ. ઈમીટેશન્સ જવેલરીઝ તથા સુવર્ણ રત્નાભુષણના ઉત્પાદન તથા વ્યાપાર વણિજ સાથે જોડાયેલ તમામ જાતકો માટે આ સાનુકૂળ સપ્તાહ. આ સિવાયના ઔદ્યોગિક તથા વ્યાપારી એકમના જાતકો માટે હળવુ લાભકારી સપ્તાહ. સરકારી તથા અર્ધ સરકારી કર્મચારી માટે આ સપ્તાહ મધ્યમ જણાશે. તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે ઉતમ સપ્તાહ. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી તથા મહિલા કર્મી માટે આ સપ્તાહ સાનુકુળ નીવડશે. ૬ મે સામાન્ય નીવડશે

### કુંભ — ગ,શ,ષ

કૌટુંબિક તેમજ પારિવારીક સુખ, શાંતિ તથા એકતામાં વધારે પ્રગાઢ થવાના સંયોગો. આકસ્મિક ધન લાભના તથા તેના જેવા અન્ય સંયોગો સમેત તેમજ અન્ય લાભ મળવાની સંભાવના. ફેશન તથા ફેબ્રીક તથા કોસ્મેટીક ઔદ્યોગિક તથા વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ થોડું ઉતાર ચડાવ વાળુ રહેશે. ઉદ્યોગ તથા વ્યાપાર વણિજના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના તમામ વર્ગના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવા સંઘર્ષ વાળુ પરંતુ સાથોસાથ લાભકારક પણ નીવડશે. નિવૃત્ત, ગૃહિણી તથા મહિલા કર્મી માટે આ સપ્તાહ મધ્યમ રહે તેવી સંભાવના. ૬ તથા ૯ મે સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન.)

### મીન — દ,ચ,ઝ,થ

આ સપ્તાહે હળવાં હળવાં પરિશ્રમ સાથે સતત દોડાદોડી થવાના સંયોગો. અગાઉ બોલીને બગડી ગયેલા સંબંધો સુધરતા જણાશે. નિષ્ઠાવાન અધિકારીઓ, કર્મચારીઓ, લોકો માટે આ સપ્તાહ બહુ જ સાનુકૂળ નીવડશે. ખાનગી એકાઉન્ટ, મેનેજમેન્ટ--તથા પ્રિન્ટ અને પબ્લિકેશન એકમના જાતકો માટે આ સપ્તાહ સરેરાશ રહેશે. ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતકો માટે આ સપ્તાહ હળવુ ચડાવઉતાર વાળુ જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ રહેશે. પરિવારમાં સાથ સહકાર અકબંધ રહેશે. ગૃહિણીઓ તથા નિવૃત્ત, છાત્રો માટે લાભદાયી સપ્તાહ. ૯ તથા ૧૦ મે સામાન્ય જણાશે. (પન્નોતિનો ઉપાય અભ્યંગ સ્નાન)

કાલે વિશ્વ હાસ્ય દિવસ

# પૃથ્વી પર વસતો માનવી હાસ્ય અને આંસુ વચ્ચેનું લોલક !

## સોળ હજાર વર્ષ પહેલાના હયાત પુસ્તકમાં ૨૬૫ જોક્સ જોવા મળે છે : આજે અને દરરોજ ચિંતા છોડી દો, અને હાસ્યનું સ્વાગત કરોઃ પુરાણોમાં નવ રસ પૈકી એક હાસ્ય રસ પણ છે, જે શૃંગાર રસના એક ભાગ તરીકે ગણવામાં આવે છે

આવતીકાલે સમગ્ર વિશ્વમાં ''લાફીંગ સન્ડે'' ઉજવાશે, કારણકે કાલે વિશ્વ હાસ્ય દિવસ છે. હાસ્યને કોઈના જાતના વાળા નડતા નથી, સ્ત્રી હોય કે પુરૂષ દરેકની હસવાની સ્ટાઈલ અલગ જોવા મળે છે, કેટલાક ખુલીને, મોટેથી રાડ રાડ કરીને, અટકી-અટકીને, મંદ-મંદ કે મરક-મરક હસતાં જોવા મળે છે. સ્વસ્થ રહેવા માટે હંમેશા ખુલીને હસવું અને ઘણી ન ગમતી વાતો હસીને કાઢી નાખવાથી ફાયદો જ જોવા મળે છે. હાસ્ય તમારા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક અને રોગ પ્રતિકારક શકિત વધારે છે. હાસ્ય તમારી મનોવૈજ્ઞાનિક સુખાકારીને વેગ આપે છે.

**નોલેજ કોર્નર**




**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

જીવન માટે જેમ ઓકિસજનની જરૂર પડે તેટલી જ હાસ્યની પણ પડે છે.હાસ્ય અને ખુશી દુનિયાને બદલવાની શકિત ધરાવે છે. આ દિવસની ઉજવણી સૌ પ્રથમ ૧૦ મે ૧૯૯૮ના રોજ મુંબઈ ખાતે થઈ હતી. હાસ્ય વજન ઘટાડવામાં પણ મદદ કરે છે. માનવીનું જીવન સ્મિત અને આંસુ વચ્ચે જોવા મળે છે, ત્યારે આજના યુગમાં લોકોની જીવનશૈલી અને પૈસા પાછળની દોડધામ વાળી જીંદગીમાં સતત તણાવમાં માનવી જીવતો જોવા મળે છે.

આજે હસતો ચહેરો આપણને ભાગ્યે જ જોવા મળે છે, લોકોને પોતાને માટે સમય નથી ત્યાં કયારે એ હસવાનો સમય કાઢે ,સૌથી અગત્યની વાત એ છે કે માત્ર એક વાર હસવાથી શરીરની ૪૦ થી ૫૦ કેલરી બળી શકે છે, એનો અર્થ એ થયો કે હાસ્ય વજન ઘટાડવામાં મદદ રૂપ થાય છે. પૃથ્વીપર વસતો માનવી હાસ્ય અને આંસુ વચ્ચેનું લોલક છે. હાસ્ય આપણા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક હોય છે. વિશ્વભરમાં મે મહિનાના પ્રથમ રવિવારે વિશ્વ હાસ્ય દિવસની ઉજવણી કરાય છે , અને તેમાં વિશ્વના મોટાભાગના દેશો જોડાય છે.વિશ્વ હાસ્ય દિવસનો ઈતિહાસ જોઈએ તો આપણાં દેશમાં દસ મે ૧૯૯૮ ના રોજ મુંબઈ ખાતે એક વૈશ્વિક હાસ્ય સંમેલન યોજાયેલ અને ત્યારથી આ દિવસ ઉજવવો એવું નકકી કરાયું હતુ. આ દિવસની ઉજવણીમાં એક ભારતીય ડો. મદન કટારીયાએ રચના કરી હતી. તેઓનું એક વાકય ખૂબજ જાણીતું છે. જેમાં તેમણે કહ્યું હ તુ કે 'મે કોઈને હાસ્યથી મરતા જોવા નથી, પણ હું એવા લાખો લોકોને જાણું છુ જેઓ હસતા ન હોવાને કારણે મરી રહ્યા છે. માનવ જાતી પાસે માત્ર એક જ અસરકારક શસ્ત્ર છે અને તે છે હાસ્ય , આ શબ્દો માર્ક ટવેઈનના છે. હોઠ પર સ્મિત શરૂ થાય તે આપણી આંખોમાં સ્મિત ફેલાઈને પેટમાંથી હાસ્ય ઉડાડે છે.હાસ્ય દિવસ હસવાના મૂલ્ય અને તેની ઉપચારની અસરો પર ભાર મૂકે છે. આજે તો શહેરો કે ગામમાં ઘણી લાફીંગ કલબો ખુલી ગઈ છે. જેમા બાળથી મોટેરા ખડકડાટ હસતા જોવા મળે છે. હાસ્ય સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલને ઘટાડવામાં મદદ કરતું હોવાથી આપણે તણાવમાંથી મૂકત થતાં જોવા મળે છે. આ કોર્ટિસોલનું સ્તર ઉંચુ જાયતો ઘણી બિમારીઓ થતી હોવાનું જાણવા મળ્યું છે , ત્યારે રોગોથી બચવા પણ સતત હસતા રહેવુ જરૂરી છે.

હાસ્ય વજન ઘટાડતુ હોવાની સાથે તે આપણા શરીરની કેલરી પણ બાળે છે. એકવાર હસવાથી જો શરીરને ફાયદો મળતો હોય તો સતત હસતા રહેવાથી ઘણો ફાયદો થાય છે. હસતા ચહેરાઓનું આયુષ્ય લાંબુ હોય છે. હસવાથી તમારા ચહેરાના મુખ્ય સ્નાયુઓ વર્ક કરવા લાગે છે.આપણે ચા-કોફી પીને કેવા ઉત્સાહિત થઈ જાય છીએ. તેવી જ રીતે હાસ્યથી શરીરમાં ઉર્જાનો વધારો થાય છે. આ વર્ષની થીમ '' સ્વાસ્થ્ય, શાંતિ અને ખુશી માટે હાસ્ય'' છે.આજે વિશ્વભરમાં કાર્યક્રમો યોજાયા છે. આજે સોશિયલ મીડિયા ઉપર વિવિધ વીડીયો જોઈને આપણને હસવું આવી જાય છે, તેવી જ રીતે જીવનમાં સતત હસતા રહેવાથી જીવનમાં સૌથી વધુ ખુશી મળે છે.

જીવન જીવવા જેમ શરીરને ઓકિસજનની જરૂર પડે તેવી જ રીતે હાસ્ય પણ જીવનને ટકાવવા જરૂરી છે. હસવાથી મગજ એન્ડોર્ફિન છોડે છે જે વ્યકિતને ખુશ કરે છે. મુંબઈ ખાતે વિશ્વની પ્રથમ હાસ્ય દિવસ સભામાં વિશ્વભરનાં કુલ બાર હજાર લોકો જોડાયા હતા. બીજુ સંમેલન ૨૦૦૦ માં ડેનમાર્કનાં કોપનહેગનમાં યોજાયું જેમાં દસ હજાર લોકો જોડાયા હતા. અને ગીનીશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ કર્યો હતો. હાસ્યનો ઈતિહાસ ખુબજ રસપ્રદ છે, તેની ઉત્પતિ દસ મિલિયન વર્ષો પહેલા શોધી શકાય છે. હાસ્ય ઉચ્ચ પીડા, સહિષ્ણુતા અને સામાજીક દરજજા સાથે જોડાયેલું છે. હાસ્યનું પ્રાથમિક કાર્ય પહેલા ઉંડા સામાજીક બંધનો બનાવવા માટે હતુ. પ્રાચિન પૂર્વજો એ સામાજીક માળખામાં જીવન જીવવું શરૂ કર્યું તેમ તેમ સંબંધોની ગુણવતા અને ટકી રહેવા માટે હાસ્ય નિર્ણાયક બનતું ગયું. મેસોડોનિયાના રાજા ફિલિપે રમુજ ટુચકાઓની બુક લખવાની વાત કરી હોવાનો પૌરાણિક પુસ્તકોમાં ઉલ્લેખ જોવા મળે છે.૩૩૯ થી ૩૩૬ બીસી માં જોકસનું સૌથી જુનુ પુસ્તક લખાયું , ચોથી સદીમાં લગભગ આજ થી સોળ હજાર વર્ષ પહેલા વિશ્વના સૌથી જુના હયાત પુસ્તક ફિલોગેલોસમાં ૨૬૫ જોકસ લખેલા છે. હાસ્યમાં બધાદર્દો મટાડવાની તાકાત છુપાયેલી છે .હાસ્યને ખુશી-આનંદ સાથે





સીધો સંબંધ હોવાથી આવી દરકે પળે માનવી જરૂરથી હસવા લાગે છે. ઘણા વીડિયો કોમેડી ફિલ્મો પણ બની છે , જે જોવાથી આપણે ખડખડાટ હસવા લાગીએ છીએ. આજે પણ ચાર્લી ચેપ્લીનની ફિલ્મો, મીસ્ટર બીન જેવી ફિલ્મો કે ફની વીડીયો બાળથી મોટેરા જોઈને મનોરંજન માણે છે. હસવાથી તમારી પીડામાં રાહત મળે છે. તેવું સંશોધનમાં જાણવા મળ્યું છે.

**હસતો ચહેરો રાખવાથી વૃદ્ધત્વ અટકે !**

હાસ્ય શરીરના ટી-સેલ્સને બુસ્ટર કરે છે, અને તમારી રોગ પ્રતિકારક શકિત વધારે છે. જયારે તમો હસો છો ત્યારે ટી સેલ્સ જીવંત થાય, સ્મિત તમારી કાર્ડિયાક હેલ્થમાં પણ સુધારો કરે છે. હસવાના ઘણા ફાયદાઓમાં દર્દમાંથી રાહત, પીઠના દુખાવા માથી રાહત ,ઉપરાંત રોજ મુક્ત મને હસવાથી ડાયાબિટીસ કંટ્રોલમાં રહે છે. હસે તેનું ઘર વશે એ કહેવત સાચી જ છે. પ્રતિકારક શકિત વધારવા, સારી ઊંઘ અને ડિપ્રેશનમાં સ્માઈલ અકિસર ટોનિક જેવું કામ કરે છે. હસવાથી રકત નળીનું કાર્ય સુધરે છે. આજના યુગમાં ઘણા ડોકટરો લાફિંગ થેરાપીથી રોગમાં રાહત સારવાર આપે છે. સૌથી અગત્યની બાબત એ છે કે હસતો ચહેરો રાખવાથી વૃદ્ધત્વ અટકે છે. હાસ્ય આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ લાભદાયક છે. સ્નાયુઓને આરામ અને વજન ઘટાડવામાં પણ સ્માઈલિંગ ચહેરો દવા જેવું કામ કરે છે. હસવાથી મતભેદ દૂર થાય અને સામાજિક સંબંધો મજબૂત બને છે . જીવનમાં હસો અને તંદુરસ્ત રહો, હાસ્ય પણ એક યોગ છે, તે તણાવ અને ચિંતામાંથી છુટકારો આપે છે.



## સૂડોકુ -૧૪૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૭ | ૨ | | | ૯ | |
| | ૭ | | | | ૯ | | ૬ | |
| | | | | | | | ૩ | ૮ |
| | ૧ | | | | | ૨ | ૫ | |
| ૩ | ૨ | | ૮ | | | ૯ | | |
| | | ૯ | ૪ | ૬ | | | | ૩ |
| | | | | ૪ | | | ૨ | ૯ |
| ૫ | ૬ | | | | | | | ૭ |
| | | | | | ૮ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૪૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૩ | ૭ | ૮ | ૪ | ૨ | ૯ | ૫ | ૧ |
| ૫ | ૮ | ૧ | ૬ | ૩ | ૯ | ૪ | ૨ | ૭ |
| ૨ | ૪ | ૯ | ૫ | ૧ | ૭ | ૮ | ૬ | ૩ |
| ૭ | ૫ | ૩ | ૪ | ૨ | ૮ | ૬ | ૧ | ૯ |
| ૪ | ૯ | ૨ | ૩ | ૬ | ૧ | ૫ | ૭ | ૮ |
| ૧ | ૬ | ૮ | ૯ | ૭ | ૫ | ૩ | ૪ | ૨ |
| ૩ | ૨ | ૫ | ૧ | ૮ | ૪ | ૭ | ૯ | ૬ |
| ૮ | ૧ | ૪ | ૭ | ૯ | ૬ | ૨ | ૩ | ૫ |
| ૯ | ૭ | ૬ | ૨ | ૫ | ૩ | ૧ | ૮ | ૪ |

## અબતક પંચાગ

### તા.૪-૫-૨૦૨૫ રવિવાર

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ શાલીવાહન શકિ: ૧૯૪૭ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ |
| તિથી | વૈશાખ સુદ સાતમ ભાનુસપ્તમી |
| નક્ષત્ર | પુષ્ય |
| યોગ | સુકર્મા કરણઃ બાલવ |
| સુર્યોદય | ૬.૧૪ સુર્યાસ્તઃ ૭.૧૪ |
| ચંદ્ર રાશી | કર્ક |
| રાશિ અક્ષર | ડ.હ |
| દિશાશૂળ | પશ્ચિમ દિશા તરફ |
| રાહુકાળ | સાંજે ૪.૩૦ થી ૬ |
| દિવસનાચોઘડીયા | ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ |
| રાત્રીનાચોઘડીયા | શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૧૯ થી ૧.૧૦ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૩-૦૫-૨૦૨૫ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૨૦ ગુજરાતી મુવી (ઓલ ધ બેસ્ટ પંડ્યા)
૦૨:૨૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રસ મલાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (માઇન્ડફુલનેસ પે ચર્ચા)
૦૪:૩૦ થી ૦૬:૦૦ ગુજરાતી નાટક (મણીબેનનુ મહાભારત)
૦૬:૦૦ થી ૦૧:૦૦ ખોડલધામ યુવા સમિતિ ક્રિકેટ ટુર્નામેન્ટ (લાઈવ)

**તારીખ ૦૪-૦૫-૨૦૨૫ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભગવતકથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ઝમકુડી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (મેંગો આઈસ્ક્રીમ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃઆજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (સુજોક થેરાપી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૬:૦૦ ગુજરાતી નાટક (એક મુરખની એવી ટેવ)
૦૬:૦૦ થી ૦૯:૦૦ ખોડલધામ યુવા સમિતિ ક્રિકેટ ટુર્નામેન્ટ (લાઈવ)
૦૯:૦૦ થી ૧૧:૦૦ શાંત સુધારસ નાટક (લાઈવ)
૧૧:૦૦ થી ૦૧:૦૦ ખોડલધામ યુવા સમિતિ ક્રિકેટ ટુર્નામેન્ટ (લાઈવ)

**તારીખ ૦૫-૦૫-૨૦૨૫ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભગવતકથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

### તા.૪.૫.૨૦૨૫, રવિવાર, સંવંત ૨૦૮૧, વૈશાખ સુદ સાતમ, પુષ્ય નક્ષત્ર, વિષ્ટિ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે

**મેષ** (અ,લ,ઈ) : નાની નાની ખુશી પ્રાપ્ત કરી શકો, પરિવાર સાથે આનંદ માણી શકો, મુસાફરી થાય,શુભ દિન.

**વૃષભ** (બ,વ,ઉ) : તમારા વિચારોને અમલમાં મૂકી શકો, ભાઈ ભાંડુ સુખ સારું રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**મિથુન** (ક,છ,ઘ) : કાર્યમાં એક નવી શરૂઆત થતી લાગે, તમારા સૌમ્ય વાણી વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો,શુભ દિન.

**કર્ક** (ડ,હ) : ઘણા વણઉકેલ પ્રશ્નોના જવાબ આજે મેળવી શકશો, આજના દિવસે તમામ મોરચે તમે સારી રીતે આગળ વધી શકો.

**સિંહ** (મ,ટ) : કોઈ બાબતને અહમનો પ્રશ્નના બનાવવો, વાદ વિવાદથી દૂર રહેવું, મતભેદ નિવારવા સલાહ છે, મધ્યમ દિવસ.

**કન્યા** (પ,ઠ,ણ) : અંગત લોકો અને સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, દિવસ સારો રહે.

**તુલા** (ર,ત) : સ્ત્રીવર્ગ પોતાની પતિભા બતાવી શકે, વેપારીવર્ગ ને મધ્યમ રહે, નોકરિયાત વર્ગની પ્રગતિ થાય.

**વૃશ્ચિક** (ન,ય) : યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : જે બાબત વિચારી હોય તે બનતી જોવા મળે, દૂર દેશથી સારા સમાચાર મળે, જુના મિત્રોને મળવાનું થાય.

**મકર** (ખ,જ) : સામાજિક રીતે આગળ વધી શકો, જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.

**કુંભ** (ગ,સ,શ) : ખાવા પીવામાં પરેજી રાખવી જરૂરી બને છે, તબિયતની કાળજી લેવી, વધુ પડતી દોડધામ નિવારવા સલાહ છે.

**મીન** (દ,ચ,ઝ,થ) : વિદ્યાર્થીવર્ગને એકાગ્રતા રહે, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, શુભ દિન.

## મંગળ નીચસ્થ થવાથી લાગણીની બાબતોમાં માથાકૂટ થાય

અગાઉ અત્રે લખ્યા મુજબ ઈઝરાયેલના જંગલોથી લઈ કલકત્તા સુધી અનેક મોટી આગજનીના બનાવો સામે આવી રહ્યા છે અને અકસ્માતોની શૃંખલા જોવા મળી રહી છે તો અત્રે ખાસ લખેલું કે હાલમાં ટીવી ,એસી, ફ્રિજ, કાર બેટરી જેવી વસ્તુઓ અચાનક બગડતી જોવા મળે વળી મંગળ નીચસ્થ હોવાથી રીઅલ એસ્ટેટમાં મંદી જોવા મળે અને બજાર અસ્થિર રહ્યા કરે તો ઘરમાં કોઈ ને કોઈ પ્રશ્નો વારંવાર આવતા જોવા મળે વળી કર્ક રાશિમાં મંગળ નીચસ્થ થાય છે. અત્રે લખ્યા મુજબ અનેક સાયબર એટેક પણ નોંધાયા છે કર્ક લાગણીની રાશિ છે ત્યાં મંગળ નીચસ્થ થવાથી લાગણીની બાબતોમાં માથાકૂટ થાય અને હતાશા આવે તથા મનમાં લાચારી ભર્યો ગુસ્સો રહે અને પ્રણય સંબંધોમાં ખાસ કરીને તકલીફો આવતી જોવા મળે. મંગળ જમીનના કારક પણ છે એટલે જમીનને લગતા વિવાદો પણ આ સમયમાં મોટા પાયે જોવા મળે. જે મિત્રો નવા ઘરની તલાશ કરતા હોય તેમને થોડો સમય લાગે વળી તમે પ્રોપર્ટી વેચવા માંગતા હો તો પણ સમય આપવો પડે તેવી સ્થિતિ મંગળના કારણે છે કેમ કે મંગળ પર હાલ રાહુની દ્રષ્ટિ આવી રહી છે. આ સમયમાં ઘરના વોટરબોડીમા પણ તકલીફો આવતી જોવા મળે.જલતત્વ ડિસ્ટર્બ હોવાના કારણે નદી બાબતે સમુદ્ર બાબતે વિવાદો અને ઘટનાઓ આપણે જોઈ રહ્યા છીએ.



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

# ભાગવત કથા જેવા કાર્યક્રમો આપણી સંસ્કૃતિને જીવંત રાખે છે: ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી

## સ્વ. ચંદુભાઈ સંઘાણીના સ્મરણાર્થે સુખનાથપરા યુવક મંડળ આયોજીત ભાગવત કથાનો ઈફકોના ચેરમેને શ્રવણનો લીધો લાભ





**અબતક, રાજકોટ**

ભાગવત કથા માત્ર ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ તે માનવ જીવનના આધ્યાત્મિક નૈતિક અને સામાજીક મૂલ્યોનો સાર પણ રજુ કરે છે. આ કથા ભગવાન કૃષ્ણના કાર્યો દ્વારા ભકિત અને જ્ઞાનનો માર્ગ દર્શાવે છે. આપણને જીવનમાં ધર્મ, ભકિત, સેવા, બલિદાન અને સાચા જ્ઞાનનો અનુભવ કરાવે છે. ભાગવત સાંભળવાથી, માનવ આત્માની શુધ્ધતા, વિચારોમાં સ્થિરતા અને કાર્યોમાં સત્વ પ્રાપ્ત કરે છે. આ કથા તમામ વર્ગો અને ઉંમરના લોકો માટે આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે કામ કરે છે. જે વ્યકિતને આત્માના સાચા સ્વભાવ સાથે જોડે છે.

અને જીવનના ઊંડા રહસ્યોને સમજવા માટે પ્રેરણા આપે છે. જ્યારે સમાજમાં આવી કથાઓનું આયોજન કરવામાં આવે છે. ત્યારે માત્ર શ્રોતાઓ જ આધ્યાત્મિક ઉર્જાથી ભરાઈ જતા નથી. પરંતુ સમગ્ર વાતાવરણમાં પણ સકારાત્મક પરિવર્તન આવે છે.

કથામાં સતાધારથી પૂ. વિજયબાપુ, દાનમહારાજના જગ્યા ચલાલાથી વલકુબાપુ, માનવ મંદિરના પૂ. ભકિતરામ બાપુ, પાળીયાદથી વિસામણબાપુની જગ્યાના પ્રતિનિધિ તરીકે મણિરામ મહારાજ સહિતના સંતો તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભાના સાંસદ પરષોતમભાઈ રૂપાલા, અમર ડેરીના અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલીયા, જીતુભાઈ ડેર, બેચરભાઈ ભાદાણી, ઝીણાભાઈ વઘાસીયા, કાળુભાઈ સંઘાણી, જયંતિભાઈ સંઘાણી, જયસુખભાઈ સંઘાણી, અમર ડેરીના ઉપાધ્યક્ષ મુકેશભાઈ સંઘાણી, અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષભાઈ સંઘાણી સહીત રાજદ્વારાએ થી વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહેલ.

# સરકારી બિલ્ડીંગોમાં વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ કાર્યરત થવી જોઈએ: રાજયપાલ

## રાજયપાલની અપીલ બાદ વીજળીની નોંધપાત્ર બચત



**અબતક, રાજકોટ**

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને માર્ગ અને મકાન વિભાગના વરિષ્ઠ અધિકારીઓની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં રાજ્યપાલએ સૂચવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જળ બચાવવાના સંકલ્પને સાકાર કરવા રાજ્યની તમામ સરકારી બિલ્ડીંગોમાં વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઉપલબ્ધ થાય તે જરૂરી છે. રાજ્યની તમામ યુનિવર્સિટી, કોલેજ તેમજ શાળાઓમાં વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઉપલબ્ધ થાય તો મહત્તમ વરસાદી પાણીને ભૂગર્ભમાં ઉતારીને ભૂગર્ભ જળ ઊંચા લાવી શકાય.રાજ્યપાલએ અધિકારીઓને રાજ્યમાં વીજળીની મહત્તમ બચત તે માટે જરૂરી પગલાં ભરવા અંગે પણ જરૂરી સૂચનો આપ્યા હતા. રાજ્યપાલના સૂર્યોદય અને સૂર્યાસ્તના થોડા સમય પહેલા અને બાદ સ્ટ્રીટ લાઈટ ચાલુ-બંધ કરવાના માર્ગદર્શનના પરિણામ સ્વરૂપે ગાંધીનગર શહેરમાં માત્ર દોઢ મહિના જેટલા સમયગાળામાં અંદાજીત રૂ.૧.૪૪ લાખની ૨૫,૬૦૬ યુનિટ વીજળીની બચત થઈ છે. જો આવી જ રીતે સમગ્ર રાજ્યમાં વીજળી બચાવવાનું કામ કરવામાં આવે તો કરોડો રૂપિયાની બચત થઈ શકે તેવો વિશ્વાસ રાજ્યપાલએ વ્યક્ત કર્યો હતો.

આ બેઠકમાં માર્ગ અને મકાન વિભાગના સચિવ પી.આર.પટેલિયા, માર્ગ અને મકાન વિભાગના ચીફ એન્જીનીયર પતંજલિ મિશ્રા, વિદ્યુત વિભાગના ચીફ એન્જીનીયર ઓઝા, રાજ્યપાલના ગૃહ નિયામક એ.કે. જોશી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


### અબતક ટચુકડી

**સુતારીકામ કરાવો**

બારીબારણા તથા ફર્નીચર રીપેરર, ત્રિકોણબાગથી જામનગર રોડ તરફ બંને બાજુ ૧-૧ કિ.મિ.નાં વિસ્તારમાં, સરકારી દવાખાનું, જંકશન ગાયકવાડી, વોરા સોસાયટી, તથા માધાપર ચોક સુધી

ફોનઃ ૬૩૫૨૬ ૩૭૪૪૦

૯ થી ૧૨.


### જાહેર નોટીસ

આથી હુ નીચે સહી કરનાર શ્રી જયાબેન પૃથ્વીસિંહ ડોડીયા રહે. રાજકોટ

હુ જાહેર કરૂ છુ કે મારા દાદી વૈજુબેન ભવાન રાજપુતનું મરણ તા.૧૮-૦૬-૧૯૬૭ના રોજ પડધરી મુકામે થયેલ છે. અમો અરજદારના દાદીની મરણની નોંધણી અમારી કાયદાકીય અજ્ઞાનતાને લીધે આજ દિવસ સુધી અમોએ કોઈ પણ સરકારી કે અર્ધ સરકારી કચેરીમાં કરાવેલ નથી.હવે અમે જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરવા અંગે પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ ગ્રામ્ય સમક્ષ દાદ મળવા માંગણી કરેલ છે. જેથી આ અંગે જણાવવાનું કે સદર બાબતે અન્ય કોઈ વ્યકિતઓને વાંધો-તકરાર હોય તો દિન-૩૦ માં ઉકત અધિકારીશ્રી સમક્ષ રેકર્ડ આધારીત વિગતો સાથે વાંધો રજુ કરવા લાગતા વળગતાઓને નોંધ લેવા આથી સ્પષ્ટ જણાવવામાં આવે છે.

તા. ૨૮/૦૩/૨૦૨૫

કોર્ટનો સિકકો

જે. પી. ડોડીયા
સરનામું.
૫ આરાધના સોસાયટી
એરપોર્ટ રોડ રાજકોટ-૭.

### જાહેર ખબર

**પોલીસ હેડ કવાર્ટર ખાતે આવેલ ફિટનેશ સેન્ટર (જીમ) રીનોવેશન કરવા બાબત**

પોલીસ હેડ કવાર્ટર ખાતે આવેલ ફિટનેશ સેન્ટરમાં(જીમ) ઈન્ડોર રીનોવેશનની જરૂરીયાત હોય સદરહુ કામગીરી કરવા ઇચ્છુક કોન્ટ્રાકટરો કામગીરીની વિગતનુ ફોર્મ હિસાબી શાખા, બીજો માળ,પોલીસ કમિશનર કચેરી,રાજકોટ શહેર ખાતેથી સવારે ક.૧૧/૦૦ થી ૬/૦૦ દરમ્યાન મેળવી તા.૦૭/૦૫/૨૦૨૫ના રોજ કલાક ૧૨/૦૦ સુધીમા પોલીસ કમિશનર કચેરી, રાજકોટ શહેર ખાતે ભાવપત્રકો (GST સાથેના)મોકલી આપવાના રહેશે.ત્યારબાદ આવેલ ભાવપત્રકો ધ્યાને લેવામાં આવશે નહી.

તારીખ- ૩૦/૦૪/૨૦૨૫

સ્થળ-રાજકોટ

(બ્રજેશકુમાર ઝા)
પોલીસ કમિશનર
રાજકોટ શહેર

માહિતી/રાજ/૧૬૨/૨૫-૨૬

### પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

**RMPUs નું ઓવરહોલિંગ/સમારકામ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુ. ચીફ મિકેનિકલ એન્જીનીયર, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે નીચે મુજબનાં કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ઈ-ટેન્ડર નં. BVPW-2025-26-RMPU-09, કામનું નામ:** ભાવનગર વર્કશોપ ખાતે કામના શેડ મુજબ ૧૨ મહિના માટે પરંપરાગત RMPU ટાઈપના AC કોચીઝના જથ્થામાં ૩૬ RMPU યુનિટ્સ (૧૮ કોચીઝ) ના છત પર સ્થાપિત રૂફ માઉન્ટેડ પેકેજ યુનિટ્સ (RMPUs) નું કન્ટ્રોલ પેનલ સહિત સંપૂર્ણ ઓવરહોલિંગ/સમારકામ કરવાનું કામ. **કામની અંદાજિત કિંમત:** ₹ ૬૧,૩૪,૪૨૮.૬૭/- **બીડ સિક્યુરીટી:** ₹ ૧,૨૨,૭૦૦/- **ટેન્ડર દસ્તાવેજ ફી:** ₹ ૦.૦૦/- **ટેન્ડર ઓફર ની માન્યતા :** ૬૦ દિવસ, **કાર્ય પૂર્ણ કરવાનો સમય ગાળો :** LOA ઇસ્યુની તારીખ થી ૧૨ મહિના, **ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય અને ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** તા.૨૩-૦૫-૨૦૨૫ ના ૧૧:૦૦ કલાકે અને તા.૨૩-૦૫-૨૦૨૫ ના ૧૧:૩૦ કલાકે. **જારીકર્તા:** ડેપ્યુ. ચીફ મિકેનિકલ એન્જીનીયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફીસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે. ઈમેલ: dycmews@bvp.railnet.gov.in **મહત્વની સુચના :** ટેન્ડર ફકત ઈલેક્ટ્રોનિકલી https://www.ireps.gov.in પર જમા કરવામાં આવશે અને આ ટેન્ડર સામે કોઈ મેન્યુઅલ ઓફરને મંજૂરી આપવામાં આવતી નથી અને આ ઓફિસમાં મોકલી આવી કોઈ પણ મેન્યુઅલ ઓફર ને અવગણવામાં આવશે અને ખોલવામાં નહિ આવે.

BVP-018

અમને લાઇક કરો: facebook.com/WesternRly


### શું આપ આપના બાળકનો સર્વાંગી વિકાસ ઈચ્છો છો?

જો હા તો ચિંતા ના કરો - અમારો ૬૬ વર્ષનો અનુભવ આપને મદદરૂપ થશે.
આવો અમારી આ સંસ્થાની મુલાકાતે જાતે જ નિહાળો....
અમે આપીએ છીએ શ્રેષ્ઠ અત્યાધુનિક ટેકનોલોજીયુક્ત શિક્ષણ સાથે સાંસ્કૃતિક - સાહિત્યિક રમત ગમત અને સંસ્કાર ધાર્મિકતા સભર સર્વાંગી શિક્ષણ

શ્રી વસંતભાઈ ગજેરા ના નેતૃત્વ અને માર્ગદર્શન થી કાર્યરત ૧૦૦ એકર ના વિશાળ કેમ્પસ માં અત્યાધુનિક infrastructure અને લેટેસ્ટ ટેકનોલોજી સાથે...

: સ્કૂલ કાર્યક્ષેત્ર :
બાલમંદિરથી ધોરણ-૧૨
(આર્ટસ, કોમર્સ, સાયન્સ)
ગુજરાતી માધ્યમ - અંગ્રેજી માધ્યમ
મિશ્ર માધ્યમ (ગર્લ્સ અને બોયઝ)

ADMISSION OPEN

909 909 8220

હોસ્ટેલ સુવિધા
ધો. ૪ થી ૧૨
ગર્લ્સ અને બોયઝ

સૌરાષ્ટ્રની એકમાત્ર શાળા – હોસ્ટેલ કે જ્યાં વિદ્યા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ અને જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ કાર્યરત છે.

સૌરાષ્ટ્રની નં. ૧ બોર્ડ પરીક્ષામાં પરિણામ આપતી એકમાત્ર શાળા

Since : 1959
અગ્રણી કેળવણીકાર શ્રી વસંતભાઈ ગજેરાના માર્ગદર્શનથી કાર્યરત

શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ
સ્કૂલ – કોલેજ – હોસ્ટેલ
વિદ્યા સભા, લાઠી રોડ, અમરેલી-૩૬૫૬૦૧ (ગુજરાત)
65 YEARS


# ચોથી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि।

અમારા જીવનના ઘડવૈયા તમે, તમારા જીવનથી ઉજ્જવળ અમે,
તમારા સંસ્કારોથી શોભતા અમે, તમારા પુરૂષાર્થથી સફળ અમે,
દેવતુલ્ય આત્માને સદગતિ આપજો, જન્મોજન્મના પ્રભુ ઋણી અમે.

**સ્વ. ટીડાભાઈ જીણાભાઈ મકવાણા**

સ્વ.તા. ૪-૫-૨૦૨૧, (ઉ.વ.૯૦)

| | |
|---|---|
| ખીમજીભાઈ ટીડાભાઈ મકવાણા | અશ્વિનભાઈ રમેશભાઈ મકવાણા |
| સ્વ. કનુભાઈ ટીડાભાઈ મકવાણા | દર્શનભાઈ રમેશભાઈ મકવાણા |
| રમેશભાઈ ટીડાભાઈ મકવાણા | દર્શિતભાઈ રમેશભાઈ મકવાણા |
| જીતેન્દ્રભાઈ ખીમજીભાઈ મકવાણા | ક્રિશ જીતેન્દ્રભાઈ મકવાણા |
| જયંતિભાઈ પ્રભુદાસભાઈ ચોલેરા | મીત જયંતિભાઈ ચોલેરા |
| નિલેશભાઈ કનુભાઈ મકવાણા | રાજ નિલેશભાઈ મકવાણા |
| દર્શ જયંતિભાઈ ચોલેરા | મકવાણા પરિવારના જયશ્રીકૃષ્ણ |

- મે. સમજુ ટ્રેક્ટર્સ
- ઓરેંજ ડીજીટલ વર્લ્ડ - ગ્રીનલેન્ડ સર્કલ
- ઓમ પાર્ટી લોન્સ
- ડાયમંડ પાર્ટી લોન્સ - કુવાડવા રોડ

SIMPLE-2460111

## તંત્રી લેખ

# મારી કલમ જ મારી તાકાત:અસત્ય સામેની લડાઈમાં ''પત્રકાર''જ સેનાપતિ

જીવના જોખમે લોકો સુધી માહિતી પહોંચાડતા પત્રકારોની કામગીરીને બિરદાવવાનો અને સલામ કરવાનો આજે દિવસ છે.આજે વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.જો કે આજે સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું ચોથી જાગીર ગણાતા પત્રકારો પોતાની રીતે સ્વતંત્ર કામગીરી કરવા માટે આઝાદ છે.આજે પત્રકારો સાથે એ.આઈ.નો નવો પડકાર મોઢું ફાડીને ઊભો છે.સોશિયલ મીડિયાના અતિરેક દેશના દરેક નાગરિકોમાં પત્રકારિત્વ જગાવી દીધું છે.આ વર્ષ ''નવી દુનિયાઃ પ્રેસ સ્વાતંત્ર્ય અને મીડિયા પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો પ્રભાવ''ની થીમ સાથે આજે વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.પત્રકારો માટે તેની કલમ જ તેનું સૌથી મોટું અને તાકતવર હથિયાર છે. અસત્ય સામેની લડાઈમાં પત્રકાર જ સેનાપતિ છે.

વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશમાં ભારતમાં સ્વતંત્ર પ્રેસ-મીડિયાની ભૂમિકા ખૂબ મહત્વની હોય છે. પ્રેસએ માહિતીના આદાન પ્રદાનની સાથે લોકોના પ્રશ્નોને વાચા આપે છે, પત્રકારો અનેક પડકારોનો સામનો કરીને માહિતીને સમાચાર સ્વરૂપે વિવિધ માધ્યમો થકી લોકો સુધી પહોંચાડે છે.

વર્ષ ૧૯૯૧માં આફ્રિકાના પત્રકારો દ્વારા પ્રેસની સ્વતંત્રતા માટે ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. જેના ભાગરૂપે ૩ મેના રોજ 'ડિક્લેરેશન ઓફ વિન્ડહોક' બહાર પાડવામાં આવ્યું હતું. જેને સ્વતંત્ર પ્રેસના મૂળભૂત સિદ્ધાંતોનું નિવેદન ગણવામાં આવે છે.

આ ઘોષણાની બીજી વર્ષગાંઠ નિમિત્તે, વર્ષ ૧૯૯૩માં સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ ૩ મે ''વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ'' તરીકે મનાવવાની જાહેરાત કરી હતી. ત્યારથી, આ દિવસ પ્રેસની સ્વતંત્રતાના મહત્વ વિશે જાગૃતિ લાવવા અને સરકારોને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારનું સન્માન કરવાની તેમની ફરજ યાદ

''પ્રેસ સ્વતંત્રતા દિવસ'' સમગ્ર વિશ્વમાં પ્રેસની સ્વતંત્રતાની સ્થિતિનું મૂલ્યાંકન કરવાનો, માધ્યમોને તેમની સ્વતંત્રતા પરના હુમલાઓથી બચાવવાનો અને ફરજ બજાવતી વખતે પોતાના પ્રાણ ગુમાવનારા પત્રકારોને શ્રદ્ધાંજલિ આપવાનો પણ દિવસ છે.

વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસના અવસરે, ૨૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ, યુ.એન. સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે જારી કરેલા સંદેશમાં જણાવ્યું હતું કે, પ્રેસ સ્વતંત્રતા લોકોની સ્વતંત્રતા માટે મહત્વપૂર્ણ છે અને તે જવાબદારી, ન્યાય, સમાનતા અને માનવ અધિકારોને આધાર આપતું આવશ્યક જાહેર હિત છે. તેમણે વૈશ્વિક સ્તરે પત્રકારો સામે વધી રહેલા જોખમો જેવા કે હુમલા, અટકાયત અને હિંસાનો ઉલ્લેખ કર્યો હતો. ખાસ કરીને ગાઝા જેવા યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં પત્રકારોના મૃત્યુ અંગે તેમણે ચિંતા વ્યક્ત કરી હતી. આ વર્ષની થીમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા ઊભા થયેલા જોખમ તરફ ઈશારો કરે છે. એ.આઈ. પક્ષપાતી અલ્ગોરિધમ્સ, જૂઠાણા અને દ્વેષપૂર્ણ ભાષણ દ્વારા અભિવ્યક્તિની સ્વતંત્રતાને ટેકો આપી શકે છે અથવા તો તેને દબાવી પણ શકે છે.

ભારતમાં દરેક નાગરિકને વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય મળેલું છે. જેમાં પ્રેસની સ્વતંત્રતાનો પણ સમાવેશ થાય છે. દરેક નાગરિક પોતાની માન્યતા મુજબનો મત રજુ કરવાનો અધિકાર ધરાવે છે.કલમની તાકાત તલવાર કે તોપ કરતાં પણ વધુ માનવામાં આવે છે.પત્રકારમાં સાચાંને સાચું અને ખોટાને ખોટું કહેવાની હિંમત રહેલી છે.લોકશાહીમાં પત્રકારોને ચોથી જાગીર ગણવામાં આવે છે.

# પ્રથમ જ્યોતિર્લીંગ સોમનાથ મંદિરનો ૭૫મો સ્થાપના દિન ઉજવાયો

## પ્રથમ સ્થાપના દિનની સ્મૃતિમાં સરદાર વંદના અને પૂષ્પાંજલી, ત્યાર બાદ ધ્વજા પૂજા, મહાપૂજન કરવામાં આવી હતી: પ્રાણ પ્રતિષ્ઠા દિવસે પ્રથમ શૃંગારની પ્રતિકૃતી સ્વરૂપ: ભસ્મ ત્રિપુંડ શૃંગાર કરાયો હતો





**અબતક, અતુલ કોટેચા, સોમનાથ**

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરના ૭૫' માં સ્થાપના દિવસની તીથી અનુસાર ભક્તિપુર્ણ ઉજવણી કરવામાં આવી હતી. સોમનાથ મંદિર દેશવાસીઓની આસ્થાનું પ્રતિક છે. આ મંદિર વિસર્જન બાદ નવસર્જનનું સર્વોત્તમ પ્રમાણ છે. યુગયુગાંતરથી અવિરત સોમનાથ મંદિરની આસ્થા અવિરત રહી છે. પરંતુ સદીઓ સુધી સર્જન અને વિસર્જનની પ્રક્રિયા બાદ દેશ સ્વતંત્ર થયો ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલના દ્રઢ સંકલ્પથી સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ શકય બન્યું. જયારે મંદિરનું ગર્ભગૃહ તૈયાર થયું ત્યારે સોમનાથ જયોતિર્લીંગ સ્વરૂપની પ્રાણપ્રતિષ્ઠા ૧૧ મે ૧૯૫૧ અને વૈશાખ સુદ પાંચમના રોજ દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડો.રાજેન્દ્રપ્રસાદના હસ્તે સવારે ૯ કલાક અને ૪૬ મિનિટે કરવામાં આવેલ હતી. આજે આ મહાન ક્ષણ ને ૭૪ વર્ષ થયા છે.

વિશ્વમાં કરોડો ભકતોના આસ્થાનું કેન્દ્ર સૌરાષ્ટ્રના રત્નાકર સમુદ્ર તટ પર બિરાજમાન આદિ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરનો આજે ૭૫મો પ્રાણપ્રતિષ્ઠા દિવસ છે. મંદિરની પ્રાણપ્રતિષ્ઠા સમયે પ્રત્યક્ષ દર્શીઓ અનુસાર તત્કાલીન રાષ્ટ્રપતિશ્રીએ શિવલિંગના તળ ભાગે રાખેલી સુર્વણ શલાકા ખસેડીને શિવલિંગ સ્થાપિત કરી પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યારે ૧૦૮ તીર્થસ્થાનોના અને ૭ સમુદ્રોના જળ લાવીને સોમનાથ મહાદેવનો અભિષેક કરવામાં આવ્યો હતો અને એ ધન્ય પળે ૧૦૧ તોપોની સલામી આપવામાં આવી હતી.

શ્રી સોમનાથ મંદિર ના ૭૫ માં' માં સ્થાપના દિવસ નિમિત્તે જેમના સંકલ્પને કારણે સોમનાથ મંદિરનું નિર્માણ શક્ય બન્યું એવા સરદાર વલ્લભભાઈ પટેલની સરદાર વંદના અને સરદારશ્રી ને પૂષ્પાજલી અર્પણ કરવામાં આવેલ, સોમનાથ મંદિર પર પૂજન કરીને નૂતન ધ્વજા રોહણ કરવામાં આવેલ, મંદિરની પ્રાણપ્રતિષ્ઠા સમયે સવારે ૯:૪૬ વાગ્યે મહાપૂજા કરવામાં આવેલ હતી, એ જ સમયે અને તે પ્રસંગે કરવામાં આવેલ શૃંગાર ની પ્રતિકૃતિ રૂપ ભસ્મ ત્રિપુંડ નો શૃંગાર પૂજારી ગણ દ્વારા કરવામાં આવેલ હતો. આ પ્રસંગે ટ્રસ્ટના ઈન્ચાર્જ જનરલ મેનેજર શ્રી અજયકુમાર દુબે તથા ટ્રસ્ટ પરિવાર અને સ્થાનિક તિર્થ પુરોહિતો જોડાયા હતાં.

# અમરેલી: ચાર કેન્દ્રો ઉપર નીટની પરીક્ષાની બેઠક વ્યવસ્થા

## પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈયરફોન સહિતના ઈલેકટ્રોનિક સાધનો લઈ જવા પર પ્રતિબંધ

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી શહેરના ૪ કેન્દ્રો પર તા.૪ મે, ૨૦૨૫ રવિવારના રોજ નીટ- ૨૦૨૫ પરીક્ષા યોજાશે. આ પરીક્ષા કેન્દ્રો પર શાંતિપૂર્ણ અને તંદુરસ્ત માહોલમાં પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે અમરેલી જિલ્લા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામુ પરીક્ષા કેન્દ્રોની ચતુર્દિશાની ચો તરફ ૧૦૦ મીટર ત્રિજ્યામાં આવેલા તમામ મકાનો તથા જગ્યા સ્થળ અને વિસ્તારમાં લાગુ પડશે.પરીક્ષા કેન્દ્ર પર મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈયરફોન, કેમેરા, લેપટોપ, ફેક્સ કે અન્ય પ્રકારના કોમ્યુનિકેશનના સાધનો ઈલેક્ટ્રોનિક વીજાણું યંત્રો લઈને પ્રવેશવું નહીં. આ ઉપરાંત કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા કે કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહિ, પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ વસ્તુ ઈલેક્ટ્રોનિક આઈટમ/પુસ્તક, કાપલીઓ, મોબાઈલ ફોન, ઝેરોક્ષ નકલનું વહન કરવું નહિ કે કરાવવામાં મદદગારી કરવી નહિ. પરીક્ષા સ્થળના આસપાસના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે લાઉડ સ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે. પરીક્ષા દરમિયાન દરેક કેન્દ્રના સંચાલકોએ શાળામાં ઝેરોક્ષ મશીન, સ્કેનર સીલ કરીને રાખવા.

જિલ્લા શિક્ષણાધિકારીએ આ અંગે ખરાઈ કરી અને આ બાબતનું પ્રમાણપત્ર કેન્દ્રના સંચાલક પાસેથી અચૂક મેળવી લેવું. આ હુકમ તા. ૪ મે, ૨૦૨૫ના રોજ સવારે ૧૦.૦૦ કલાકથી સાંજે ૦૬.૦૦ કલાક સુધી અમલી રહેશે. આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાપાત્ર છે.

# ધ્રાંગધ્રા: માન સરોવર ખાતે યોગ કરવા અર્થે યોગસાધકો ઉમટયાં

## આયુર્વેદિક હોસ્પિટલ આયોજીત કાર્યક્રમમાં સંસ્થાઓ, વડીલો અને બાળકો ઉપસ્થિત રહ્યા

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર જિલ્લા ના ધ્રાંગધ્રા શહેર ખાતે માન સરોવર તળાવની પારે આયુર્વેદિક હોસ્પિટલ દ્વારા અંતરરાષ્ટ્રીય અગિયારમાં યોગ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૦૧૪માં ૨૬ સપ્ટેમ્બરના રોજ યુનો સામાન્ય સભા માં વિશ્વને યોગ તરફ લઈજવા હાકલ કરેલ પ્રેરિત કર્યા અને દરેક દેશ આ તરફ કદમ મિલાવીને આંતરરાષ્ટ્રીય ૧૧માં યોગ દિવસ ઉજવી રહ્યું છે યોગ કરવાથી શરીરમાં રોગપ્રતિકારક શક્તિ વધે છે આજના આ અંતે રાષ્ટ્રીય યોગ દિવસના આયોજનમાં ધાંગધ્રા આયુર્વેદિક હોસ્પિટલ ના ડોકટર, તેમજ ધ્રાંગધ્રા શહેરની વિવિધ સંસ્થાઓના આગેવાનો સિનિયર સિટીઝનો બાળકો સહિત મોટી સંખ્યામાં લોકોએ યોગાસનનો લાભ લીધો હતો



# ગાંધીધામ મનપા દ્વારા ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન અભિયાન સાથે ગામડાઓને પણ સફાઈ સેવાઓ અપાશે



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

જયારે ગાંધીધામ નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો હતો ત્યારે નજીકના ઘણા ગામડાઓ - જેમ કે મેઘપર, કિડાણા, દાદર, પાલસર, જરમણકડી વગેરેનો પણ સમાવેશ થયો હતો. પરંતુ આ વિસ્તારોમાં મનપાની સીધી સફાઈ સેવા હજુ સુધી ઉપલબ્ધ નહોતી. આજે શરૂ કરાયેલ ડોર ટુ ડોર કચરો કલેક્શન અભિયાનથી હવે આ વિસ્તારોમાં પણ નાગરિકોને શહેર જેવી સેવા મળી રહેશે.

મહાનગરપાલિકા દ્વારા ફાળવાયેલા વાહનો દરરોજ નક્કી કરેલા રૂટ પ્રમાણે દરેક ઘરની બહારથી ઘરોમાંથી પડતો સૂકો અને ભીનો કચરો અલગ અલગ એકત્રિત કરશે. આ અભિયાનથી માત્ર સફાઈ નહીં, પણ કચરા વ્યવસ્થાપનમાં પણ સુધારાઓ થશે. મનપાએ નાગરિકોને પણ અપીલ કરી છે કે તેઓ ઘરમાંથી કચરો છાનીને આપે અને સ્થળ ઉપર જ કચરો ન ફેંકે.

ગાંધીધામ મહાનગરપાલિકાના કચેરીથી આજે સવારથી આજ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ઉદઘાટન પ્રસંગે શહેરના ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરી, અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, મનપા કમિશ્નર મિતેશ પંડયા, ડેપ્યુટી કમિશ્નરઓ મેહુલ દેસાઈ અને સંજય રામાનુજ, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ તેજસભાઈ શેઠ, નવીનભાઈ જરૂ, પુનિતભાઈ દુધરેજિયા, એ. કે.સિંઘ, કમલ શર્મા, કમલેશ પરિયાણી, મનિષાબેન ધુઆ તેમજ અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કચરો ઉપાડનારા વાહનોને લીલી ઝંડી આપી શહેરના નવા વિસ્તારો તરફ રવાના કરવામાં આવ્યા હતા.

# ભુજ: મજદુર કામદાર યુનિયન દ્વારા આંતરરાષ્ટ્રીય મજદુર દિવસની ઉજવણી



**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભૂજ**

આંતરરાષ્ટ્રીય મજદૂર દિવસ નિમિત્તે ભુજ જથ્થાબંધ બજાર સ્થિત ભુજ મજદુર કામદાર યુનિયન અને ભુજ મજુર વેલ્ફેર ફાઉન્ડેશન ના સંયુક્ત ઉપક્રમે ભુજ જથ્થાબંધ બજારમાં મજૂરો દ્વારા આંતરરાષ્ટ્રીય મજદૂર દિવસની ઉજવણી કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ભુજના સામાજિક કાર્યકર અને નેશનલ હોકર ફેડરેશનના જનરલ સેક્રેટરી મહમદ લાખા ની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. અધ્યક્ષ સ્થાનેથી બોલતા મહમદ લાખા દ્વારા જણાવાયુ હતુ કે આજે દેશનો શ્રમિક દેશના અર્થતંત્રમાં મહત્વનો ભાગ ભજવી રહ્યો છે નાનું મોટું કોઈ પણ સામાન એક સ્થળે થી આગળ સ્થળ ઉપર પહોંચાડવામાં સૌ પ્રથમ મજદૂર ની મહેનત હોય છે.

આ પ્રસંગે રફીક ભાઈ ઉર્ફે મુસા કુંભાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા મજુર યુનિયન સાથે સંકળાયેલા મુબારક વીરા, હનીફ ગગડા, કાશમ જેક, રમેશભાઈ કોલી, મજીદ મંધરા, સલીમ બાવા, ગની સાડ, સલીમ હુસેન અબડા, ગફુરભાઈ બકાલી, આલમશા સૈયદ, ઓસમાણ ભૂકેરા વગેરે ઉપસ્થિત રહી પ્રાસંગિક ચર્ચાઓ સાથે આગામી સમયમાં સંગઠનને મજબૂત બનાવવા પ્રયત્ન કરવાની તૈયારીઓ બતાવી હતી.

# કચ્છ: સામખીયારી પોલીસ સ્ટેશન હેઠળના શિકારપુર ઓપી અને સુરજબારી ચેક પોસ્ટનું લોકાર્પણ




**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છના મુખ્ય પ્રવેશદ્વાર સામખીયારી ખાતે લોકભાગીદારીથી બે નવી પોલીસ સુવિધાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારના હસ્તે આ સુવિધાઓનું ઉદઘાટન થયું. સુરજબારી ખાતે ૨૦ લાખના ખર્ચે નવી પોલીસ ચેક પોસ્ટ બનાવવામાં આવી છે. આ સ્થળેથી દક્ષિણ ભારત અને સૌરાષ્ટ્ર-કચ્છ વચ્ચે વાહનોની અવરજવર થાય છે. શિકારપુર પોલીસ આઉટ પોસ્ટ ૪૦ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવી છે. બંને સુવિધાઓ લોકભાગીદારીથી નિર્માણ પામી છે.

આઈજી ચિરાગ કોરડીયા અને પોલીસ વડા બાગમારે જણાવ્યું કે, પૂર્વ કચ્છ પોલીસ વિભાગમાં લોકભાગીદારીથી પોલીસ સુવિધાઓ ઊભી કરવામાં આવે છે. તેમણે લોકોને સાયબર ક્રાઈમ અને કાયદો-વ્યવસ્થા જાળવવામાં સહયોગ આપવા અપીલ કરી. શિકારપુર આઉટ પોસ્ટ પર એક ફોજદાર અને ત્રણ પોલીસ કર્મચારીઓ ફરજ બજાવશે. સુરજબારી ચેક પોસ્ટ પર ૨૪ કલાક વાહન ચેકિંગ કરવામાં આવશે. કાર્યક્રમમાં ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, ભચાઉ વિભાગના ડીવાયએસપી સાગર સાંબડા, સામખિયાળી પીઆઈ વી.કે. ગઢવી સહિત અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# પ્રભાસપાટણના રામમંદિર ખાતે જિલ્લાના રૂ.૧૧.૨૩ કરોડના કામોનું ખાતમૂહુર્ત કરતા સાંસદ ચુડાસમા

## ડી.એમ.એફ. અંતર્ગત કૌશલ્યવર્ધન તાલીમ અને ટૂરિસ્ટ ગાઈડ તાલીમ કાર્યક્રમનું ઉદ્દઘાટન કરી મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને કીટ અને પ્રમાણપત્ર વિતરણ કરાયું



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગુજરાત સ્થાપના દિવસના અવસરે પ્રભાસપાટણના રામમંદિર ખાતે ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન (ડી.એમ.એફ.) તથા જિલ્લા આયોજન કચેરી ગીર સોમનાથની ગ્રાન્ટ અંતર્ગત જિલ્લામાં આરોગ્ય, શિક્ષણ, સ્વચ્છતા અને જાહેર બાંધકામ ક્ષેત્રે પૂર્ણ થયેલા રૂ.૧૧ કરોડ ૨૩ લાખના વિવિધ વિકાસ કામોનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું. તેમજ, ડી.એમ.એફ. અંતર્ગત કૌશલ્યવર્ધન તાલીમ અને ટૂરિસ્ટ ગાઈડ તાલીમની શરૂઆત કરવામાં આવી હતી.

સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યું હતું કે, ગુજરાત સ્થાપના દિવસથી શરૂ થયેલી રાજ્યની અવિરત પ્રગતિને વિકાસના પંથે કંડારી નાગરિકોને સુવિધા પહોંચાડવી એ જ રાજ્ય સરકારનું લક્ષ્ય રહ્યું છે. વિકાસ સાથે જ રોજગારીનું સર્જન થાય એ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, સોમનાથ એ મહત્વનું ધાર્મિક સ્થળ છે. આ સ્થળને તીર્થધામ તરીકે વિકસાવવા તેમજ પર્યટકો સારી છાપ લઈને પરત ફરે તે અગત્યનું છે. આ માટે નાગરિકો સાથે મળી અને વહીવટી તંત્રએ સહિયારા પ્રયાસ કરવા પડશે. જિલ્લામાં સુનિયોજીત આયોજન થકી ૧૦૦ દિવસમાં ૯૬૫ કામો પૂર્ણ કરવા બદલ અમલીકરણ અધિકારીઓને તેમણે અભિનંદન પાઠવ્યાં હતાં.

દહેજ પ્રતિબંધક અધિકારી સોનલ રાઠોડે તાલીમ કાર્યક્રમની રૂપરેખાં આપતાં જણાવ્યું હતું કે, ગીર સોમનાથ જિલ્લો પ્રવાસન ક્ષેત્રે અસીમિત સંભાવનાઓ ધરાવતો જિલ્લો છે. અહીં ગાઈડની તાલીમ મેળવીને મહિલાઓ પરિવારને આર્થિક રીતે મદદ કરી શકશે. આ ઉપરાંત, સામાજિક જીવનમાં પણ અગ્રેસર થઈ શકે છે.

પ્રારંભે પ્રાંત અધિકારી શ્રી વિનોદ જોશીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ અવસરે, બૌદ્ધિક અસમર્થતા ધરાવતા, સેરેબ્રલ પાલ્સી જેવા રોગગ્રસ્ત બાળકોના ગાર્ડિયનને 'ગાર્ડિયન સર્ટિફિકેટ' તેમજ સ્ટ્રે ડોગ્સની દેખભાળ કરનાર સંસ્થાઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયાં હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ મંજૂલાબહેન મૂછાર, વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા પ્રમુખ પલ્લવીબહેન જાની, સંશોધન અધિકારી શ્રી શૈલેષભાઈ બાગુલ, ઉના પ્રાંત અધિકારી કે.આર.પરમાર, અગ્રણી સંજયભાઈ પરમાર સહિત વિવિધ નગરપાલિકાના સભ્યો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ગીર સોમનાથ જિલ્લા પંચાયત ખાતે રૂ. ૪૦ કરોડથી વધુના વિકાસકામોના ખાતમૂહર્ત-લોકાર્પણ કરાયું

## સાંસદ રાજેશભાઈ ચુડાસમા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં જિલ્લાના ૩૪૯ વિકાસ કામોનું લોકાર્પણ તેમજ ૧૫૬ કામોનું ખાતમૂહર્ત

**અબતક,અતુલ કોટેચા, વેરાવળ**

ગુજરાત સ્થાપના દિવસના અવસરે સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઈણાજ જિલ્લા પંચાયત ખાતે જિલ્લા પંચાયત હસ્તકની વિવિધ યોજનાઓ અંતર્ગત ગીર સોમનાથના વિવિધ તાલુકાઓમાં ૩૪૯ વિકાસ કામોનું લોકાર્પણ કરાયું હતું તેમજ ૧૫૬ કામોનો ખાતમૂહુર્ત કાર્યક્રમ યોજાયો હતો.

સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમાએ ઉપસ્થિત સર્વેને ગુજરાત સ્થાપના દિવસની શુભેચ્છા આપતાં જણાવ્યું હતું કે, જનપ્રતિનિધિઓ, અધિકારીઓ સહિત નાગરિકો પણ સાથે મળી વિકાસના કામોનું સુનિયોજીત ઢબે આયોજન કરી અને સમગ્ર ગીર સોમનાથ જિલ્લાને વિકાસના પંથે અગ્રેસર બનાવવામાં પોતાનો ફાળો અવશ્ય આપે.



જિલ્લા પંચાયતના પ્રમુખ મંજૂલાબહેન મૂછારે જણાવ્યું હતું કે, ગીર સોમનાથ જિલ્લાના વિકાસમાં જિલ્લા પંચાયતનો અમૂલ્ય ફાળો રહ્યો છે. ૧૫મું નાણાપંચ, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામ્ય), સ્વચ્છ ભારત મિશન (ગ્રામ્ય), મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, મનરેગા જેવી સરકારની વિવિધ યોજનાઓ થકી ગ્રામ્ય વિસ્તારમાં પણ શહેરો જેવી સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે.

કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત સર્વેએ પહેલગામ આતંકી હુમલામાં દિવંગતોને મૌન થકી શ્રદ્ધાંજલિ આપી હતી તેમજ કાર્યક્રમનું સમગ્ર સંચાલન શ્રી દિપકભાઈ નિમાવતે કર્યું હતું.

આ કાર્યક્રમમાં ઉપપ્રમુખ રાજવિરસિંહ ઝાલા, જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક યોગેશ જોષી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ડી.પી.ચૌહાણ, અગ્રણી સંજયભાઈ પરમાર, મહેન્દ્રભાઈ પીઠિયા, કારોબારી ચેરમેન સમિતિના ડાહ્યાભાઈ જાલોંધરા સહિત વિવિધ સમિતિના સભ્યો, તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યઓ, વિવિધ વિભાગના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ધારીના મૌલાનાનું પાક કનેક્શન મળતા એટીએસએ તપાસમાં ઝુંકાવ્યું

## પાકિસ્તાન-અફઘાનિસ્તાનનાં સાત વ્હોટ્સએપ ગ્રુપ મળી આવતા તંત્રમાં દોડધામ

**અબતક**
**મેહુલ ત્રિવેદી, ધારી**

અમરેલીનાં ધારીમાથી ગઈકાલે એક શંકાસ્પદ મૌલાનાને ઉઠાવીને પૂછપરછ શરૂ કરવામાં આવી હતી. જેમાં તેના વ્હોટ્સએપમાંથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાનનાં શંકાસ્પદ ગ્રુપ મળતાં પોલીસે એ દિશામાં તપાસ હાથ ધરી હતી. દરમિયાન હવે સમગ્ર મામલે એટીએસએ પણ તપાસમાં ઝુકાવતા મોટા ઘટસ્ફોટ થવાના એંધાણ છે.

આ અંગે મળતી માહિતી મુજબ, ગેરકાયદે વસવાટ કરતા લોકોની તપાસમાં ધારીના હિમખીમડીપરાના મદ્રેસામાં ભણાવતા મૌલાના મોહંમદફઝલ અબ્દુલઅઝીઝ શેખ પર એસઓજીને શંકા ગઈ હતી, જેથી તેના આધાર પુરાવા માગ્યા હતા. જોકે મૌલાનાએ કોઈ આધાર પુરાવા રજૂ ન કરતાં એસઓજીએ ધારી પોલીસ મથકે લાવીને તેની પૂછપરછ કરતાં તે મૂળ અમદાવાદના જુહાપુરાનો રહેવાસી હોવાનો ઘટસ્ફોટ થયો છે.

પોલીસે મૌલાના મોહંમદફઝલ અબ્દુલઅઝીઝ શેખ સામે જાણવાજોગ દાખલ કરીને તેનો મોબાઈલ કબજે લઈને મોબાઈલની ઊંડાણપૂર્વક તપાસ કરતાં એમાંથી સાત પાકિસ્તાન અને અફઘાનિસ્તાનનાં ગ્રુપ મળ્યાં છે, જેની પોલીસ હાલ તપાસ કરી રહી છે. આ અંગે અમરેલી જિલ્લા પોલીસવડા સંજય ખરાતે જણાવ્યું હતું કે મૌલાનાની શંકાસ્પદ પ્રવૃત્તિઓ લાગતાં એની અટકાયત કરીને પૂછપરછ કરતાં તેનું પાકિસ્તાની કનેક્શન હોવાનું લાગી રહ્યું છે, જોકે હજી તેની પૂછપરછ ચાલુ છે. આ મૌલાના પાકિસ્તાની કનેક્શન ધરાવે છે કે કેમ એ તેની તપાસ બાદ સામે આવશે. હવે સમગ્ર મામલામાં ગુજરાત એટીએસએ તપાસમાં ઝુકાવ્યું છે. એટીએસ ટૂંક સમયમાં જ મૌલાનાની પૂછપરછ કરનારી છે બીજી બાજુ મૌલાનાનાં મોબાઈલમાં રહેલી શંકાસ્પદ સામગ્રીઓની ટેક્નિકલ સર્વેલન્સ મારફતે તપાસ શરૂ કરવામાં આવી છે.



### ધારીની પ્રજામાં હરામી લોકોનાં હરામીવેળા અંગે તરહ તરહની વાતો

મામલામાં ધારીની પ્રજામાં ચાલતી તરહ તરહની વાતો અંગે સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ધારીનાં ચોક્કસ વિસ્તારમાં અનેક શંકાસ્પદ લોકો વસવાટ કરી રહ્યા છે. જેમની ગતિવિધિથી માંડી વાણી વ્યવહાર પણ શંકાનાં દાયરામાં હોય છે ત્યારે પ્રજા ઝંખી રહી છે કે, ધારીનાં ચોક્કસ વિસ્તારમાં રહેતા શંકાસ્પદ ઈસમોની પૂછપરછ કરવામાં આવે તો અનેક મોટા ઘટસ્ફોટ થઈ શકે તેમ છે. પોલીસ તંત્ર ખાનગી રાહે તપાસ કરાવે તો દેશ વિરોધી પ્રવૃત્તિઓનાં તાર પણ સામે આવે તો નવાઈ નહિ પણ હાલ તો આ વાતો ફક્ત લોકમુખે ચાલતી ચર્ચાઓ સિવાય કશું નથી.

### મૌલાનાનાં મોબાઈલથી માંડી મદ્રેસામાં આવતા શંકાસ્પદ લોકો પણ તપાસ એજન્સીનાં રડાર પર

## દસાડા: અંબાળા ગામે યુવકને માર માર્યો

**અબતક**
**ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

દસાડા તાલુકાના અંબાળા ગામે ખેતરમાં વરસાદ પાણીના નિકાલ માટે કરેલ ધોળીયાનું બુરાણ કરવા બાબતે એક શખ્સને છુટ્ટા પથ્થરનો ઘા મારી ઈજાઓ પહોંચાડ્યાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી અંગે ભોગ બનનારે દસાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ દસાડાના અંબાળા ગામે રહેતા ફરિયાદી કિર્તિસિંહ છત્રસિંહ ઝાલાની અંબાળા ગામેથી મેટાસર તરફ જવાના રસ્તા પર આવેલ ખેતીની જમીનમાં વરસાદી પાણીના નિકાલ માટે બનાવવામાં આવેલ ધોળીયાનું મહાવિરસિંહ રણજીતસિંહ ઝાલા રહે.અંબાળા વાળા જેસીબી વડે માટીનું બુરાણ કરતા હોવાથી ફરિયાદી ના પાડતા તે બાબતનું મનદુઃખ રાખી ફરિયાદીને ગાળો આપી છુટ્ટા પથ્થરનો ઘા ઝીંકી માથાના ભાગે ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી જે અંગે ભોગ બનનારે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ધોરાજી દુષ્કર્મના ગુનામાં બાટવાના શખ્સને દસ વર્ષની સજા

### સગીરાને પ્રેમજાળમા ફસાવી અપહરણ કરી હવસનો શિકાર બનાવી હતી

**અબતક, રાજકોટ**

ધોરાજી ગ્રામ્ય પંથકની સગીરાને પ્રેમ જાળમાં ફસાવી અપરણ કરી દુષ્કર્મક્ષ આચરવાનાનો ગુના નો કેસ ચાલી જતા અદાલતે બાટવા પંથક ની લખમણ જીવન સોલંકીને દસ વરસની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ ધોરાજી પંથકની ૧૫ વર્ષની સગીરાને લક્ષ્મણ જીવન સોલંકી નામના શકશે પ્રેમ જાળમાં ફસાવી બાટવા અને ચોટીલા ખાતે અપહરણ કરી મંગળસૂત્ર પહેરાવી લગ્નનું નાટક કરિ આદિત્યાણા મુકામે કારખાનામાં ઓરડીમાં બને પતિ પત્નીની જેમ રહેતા હોવાની ફરિયાદ પીરિત ના પિતાએ તો ઉપલેટા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી પોલીસે સગીરાને શોધી લક્ષ્મણ જીવન સોલંકીની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જ સીટ રજૂ કરવામાં આવ્યું હતું. કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં આરોપી હાજર ન રહેતા તેની સામે એક તરફી કેસ ચલાવવામાં આવ્યો ભોગ બનનારે ફરિયાદીની જુબાની લેવામાં આવેલી આ તમામ સંજોગો પબ્લિક પ્રોસિક્યુટર કાર્તિકેય મ પારેખની દલીલ અને ડોક્ટર તથા એફ એસ એલ અધિકારીએ પ્રોસિટ્યુશન તરફે જુબાની આપેલી હતી? ભોગ બનનારના પુરેથલ સ્વોબ પર માનવ વીર્યની હાજરી મળેલી હતી. આ વખતે ભોગ બનનાર આરોપીના કબજામાં હતી. આ તમામ સંજોગો અને દલીલોને ધ્યાને લીધેલા, ગાયનેકોલોજિસ્ટ ડોક્ટર વ્યાસ ની જુબાની ધ્યાને લઈ અને ધોરાજીના સ્પેશિયલ પોક્સો જજ અલી હુસેન મોહીબુલ્લા શેખ આરોપીને તકસીરવાન ઠરાવી, પોકસો ના કાયદામાં સજાની જોગવાઈ વધેલી છે તે સુધારો આવ્યો તે પહેલાનો ગુનો હોય આરોપીને રૂપિયા ૫૦૦૦ દંડ તથા દસ વર્ષની સજા નો હુકમ ફરમાવેલો હતો.

## દશાડા: પીપળી ગામે યુવકની હત્યામાં પિતા-પુત્રને આજીવન

**અબતક**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના પીપળી ગામે આશરે ચાર વર્ષ આગાઉ એક હત્યાનો બનાવ બનવા પામ્યો હતી જેમાં પ્રાપ્ત માહિતી અનુસાર તા.૧૨-૧૧-૨૨ ના રોજ સરદારખાન ઉર્ફે મોઈનખાન નામના વ્યકિતને તેનાજ મિત્ર મીરઝાનખાન મલેક દ્વારા પિતા અલેપખાન ની મદદગારી થી છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યાની ઘટના બનવા પામી હતી જેને લઈને સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ હતી ત્યારે આ કેશમાં તેના કાકા ના દીકરા દ્વારા બજાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસ ફરિયાદ ના આધારે ધ્રાંગધ્રા સેસન્સ કોર્ટમાં કેશ ચાલ્યો હતો અને જેમાં વકીલની ધારદાર દલીલોને લઈને મહે. જજ એમ.પી.ચૌધરી ની અદાલતમાં હત્યાના કેશમાં આરોપી પિતા પુત્રને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

## સામખીયારી: કોપર વાયરની ચોરીનો ભેદ ઉકેલાયો

### ૭૮ કિલો કોપર, કાર, ત્રણ મોબાઈલ સાથે ચારની ધરપકડ: એકની શોધખોળ

**અબતક, ભારતીય માખીજાણી, ગાંધીધામ**

જંગી સીમમાં સુઝલોન કંપનીની પવનચક્કીમાંથી રૂ.૩૧,૨૦૦ નો કોપર સ્પેરપાર્ટ ચોરી કરનારી ગેંગના ચાર સાગરીતોને પૂર્વ કચ્છ એલસીબીની ટીમે પકડી ચોરાઉ તમામ મુદ્દામાલ રીકવર કર્યો હતો, જો કે હજી એક આરોપી ફરાર છે.

જંગીની સીમમાં સુઝલોન કંપનીની એસ-૨૩ નંબરની પવનચક્કીમાંથી કોપર સ્પેરપાર્ટ ચોરી થયો હોવાની ફરિયાદ સામખિયાળી પોલીસ મથકે નોંધાઈ હતી. એલસીબી ટીમ આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, જંગી સીમની પવનચક્કીમાંથી ચોરી કરનાર તસ્કરો ચોરાઉ મુદ્દામાલ કારમાં ભરી જંગી થી છાડવારા તરફ આવી રહ્યા છે.

આ બાતમીના આધારે વોચ ગોઠવી બાતમી મુજબની કાર આવતાં તેને રોકી તલાશી લેતાં પવનચક્કીનો કેબલનો જથ્થો હતી



તેના આધાર પુરાવા ન હોતાં કારમાં સવાર જંગીના વેરશી પચાણભાઈ આહીર, પ્રેમજી પચાણભાઈ આહીર, પોપટ પચાણભાઈ આહીર અને વોંધનો રામેશ્વર ઝુઝારસિંહ ખારોલને પુછપરછ કરતાં તેમણે આ કોપર કેબલ જંગીની પવનચક્કીમાંથી ચોરી કર્યો હોવાની કબૂલાત આપતાં ચારેયની અટક કરી તેમણે ચોરેલો રૂ.૩૧,૨૦૦ ની કિંમતનો ચોરાઉ ૭૮ કિગ્રા કોપર કેબલ, કાર અને ત્રણ મોબાઈલ સહિત કુલ રૂ.૨,૬૧,૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી સામખિયાળી પોલીસને સોંપ્યા હતા. જો કે આ ગેંગનો ભચાઉના માનસરોવર વિસ્તારમાં રહેતો કરીમશા હુશેનશા શેખ હાજર મળ્યો ન હતો. આ કામગીરી લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સપેક્ટર એન.એન.ચુડાસમા,પોલીસ સબ ઈન્સપેકટર ડી.જી.પટેલ તથા એલ.સી.બી. સ્ટાફ દ્વારા કરવામા આવેલ છે.

## ત્રણ ચેક રિટર્ન કેસમાં અમદાવાદની પેઢીના ભાગીદારને એક-એક વર્ષની કેદ

### જામકંડોરણાના પત્રકાર પાસેથી ધંધાકીય જરૂરિયાત માટે ઉછીના લીધેલા ૧૮ લાખ પરત કરવા આપેલા ચેક પરત ફર્યો તા

**અબતક, પ્રવિણ દોંગા, જામકંડોરણા**

જામકંડોરણાના પત્રકાર પાસેથી ધંધાકીય જરૂરિયાત માટે ઉછીના લીધેલા કુલ રૂપિયા ૨૧ લાખ પૈકી રૂપિયા ૧૮ લાખ પરત કરવાના આપેલા ત્રણેય ચેક રિટર્ન થવાના કેસમાં જામકંડોરણા અદાલતે અમદાવાદવાસી પેઢીના ભાગીદારને ત્રણેય કેસમાં એક-એક વર્ષની કેદ અને ચેકની રકમથી દોઢી રકમ વળતર તરીકે ફરિયાદીને ચૂકવી દેવાનો હુકમ કર્યો છે.

આ અંગેની હકીકત મુજબ, જામકંડોરણાના પત્રકાર અને વર્ષોજૂના ન્યુઝ પેપર એજન્ટ ધરાવતા ગિરીશભાઈ પરસોતમભાઈ અગ્રાવતના પુત્ર ફરીયાદી જીતેનભાઈ ગિરીશભાઈ અગ્રાવતે અમદાવાદના એમ. આર. વી. ભાગીદારી પેઢીના ભાગીદાર દુષ્યંત રસીક શાહ તથા રાકેશ ભીખા શાહ (રહે. અમદાવાદ)ને રૂા.૨૧ લાખ ધંધા માટે રોકાણ કરવા માટે આપેલા હતા, તે અંગે પ્રોમિસરી નોટ પણ લખાવવામાં આવી હતી. બાદ તે હાથ ઉછીની રકમની અવાર નવાર માંગણી કર્યા બાદ તેમની ભાગીદારી પેઢીના કુલ ચાર ચેકો અલગ અલગ રકમ અને તારીખોના આપેલા હતા, જેમાંથી ૩ લાખનો ચેક રિટર્ન અંગે આરોપી રાકેશ શાહે ચેકની રકમ ભરી આપતા કેસ લોક અદાલતમાં કેસ ફેસલ થયો હતો. બાકીના રૂપિયા ૭ લાખ, રૂ. ૯ લાખ અને રૂ. ૫ લાખના જુદા જુદા ત્રણ ચેક રિટર્ન થયા પછી આરોપીઓને લીગલ નોટિસ આપવા છતા ચેકની રકમ નહીં ચૂકવતા ફરિયાદી જીતેન અગ્રાવતે તેના વકીલ કાંતિલાલ બી.બાલધા મારફત ફરીયાદો દાખલ કરવામા આવેલ અલગ અલગ ત્રણ ફરિયાદો દાખલ કરી હતી. જે કેસો કોર્ટમાં ચાલતા ટ્રાયલ દરમ્યાન આરોપી કે તેના વકીલે હાજર ન રહી બચાવ પણ લેવામાં આવેલ ન હતો.

ફરીયાદીના વકીલે કોર્ટમાં ત્રણેય કેસમાં એવી દલીલ કરેલ હતી કે આરોપીએ ત્રણ ચેક રિટર્ન કરાવ્યા અંગે ફરીયાદીએ નેગો. કલમ.૧૩૮ અને ૧૩૯ જોગવાઈઓને પુરવાર કરેલ છે. ચેકોમાં આરોપી રાકેશની સહી હતી જે કેસ જામકંડોરણા અદાલતે સાબીત માની ગઈ કાલ તા.૩૦/ ૪/ ૨૦૨૫ના રોજ ત્રણેય કેસોમાં આરોપી રાકેશ ભીખા શાહને એક એક વર્ષની સજા અને ચેકની રકમથી દોઢી રકમ વળતર તરીકે ફરીયાદીને ચુકવી આપવાનો હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ કાંતિલાલ બી. બાલધા તથા પ્રતીક આર. કોયાણી રોકાયા હતા.

## ધોરાજી પોક્સોના કેસમાં આરોપીના જામીન રદ કરવાની અરજી રદ

### આરોપી પીડિતના ઘર પાસે બાઈક લઈને વારંવાર નીકળતો હોય જેની કરેલી ફરિયાદથી શરતોનું ઉલ્લંઘન થતા જમીન રદ કરવા દાદ માંગી તી

**અબતક**
**રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી પોલીસ પથકના ચોપડે સગીરા પર દુષ્કર્મ ગુજરવાના ગુનામાં જેલ હવાલે રહેલા વિશાલ ખીમજી પરમારના જામીન રદ કરવાની અરજી અદાલતે ફગાવી દીધા છે. વધુ વિગત મુજબ ધોરાજી ખાતે રહેતી સગીરાને પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અપહરણ કરી અને દુષ્કર્મ ગુજરીયા અંગેની વિશાલ ખીમજી પરમાર નામના શખ્સ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે વિશાલ ખીમજી પરમારની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલહવાલે કર્યા હતા. બાદ ધોરાજી અદાલતે શરતોને આધીન વિશાલ પરમારના જામીન મંજૂર કર્યા હતા બાદ પીડિત પુખ્ત વયની થતા તેના ઉપલેટા પંથકમાં અન્ય યુવક સાથે લગ્ન થયા હતા. બાદ આરોપી વિશાલ પરમાર પીડિતનો પીછો કરી તેના ઘર પાસે વારંવાર બાઈક લઈને નીકળતો જેનો ડર પીડીતને લાગતા તેને ધોરાજી પોલીસ મથકમાં વિશાલ ખીમજી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદને ટાર્ગેટ બનાવે ધોરાજી પોલીસ સ્ટેશન દ્વારા જામીનનો શરતનો ભંગ થતો હોય તો આરોપીના જામીન રદ કરવા ધોરાજી સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ આરોપીના એડવોકેટ સંજયકુમાર વાઢેર દ્વારા કરાયેલી લેખિત મૌખિક દલીલ તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાને ધ્યાને લઈ ધોરાજીના અધિક સેશન્સ જજ એ એમ શેખે આરોપીના જામીન રદ કરવાની અરજી રદ કરતો હુકમ ફરમાવ્યો છે.

## ભચાઉ: શિક્ષક પર છરી વડે હુમલો કરી મોબાઈલની લૂંટનો ભેદ ઉકેલાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ભચાઉના ભવાનીપુરથી ગુણાતીતપુર બાજુ જતા માર્ગ પર કેનાલની પાળે બેઠેલા યુવાન એવા શિક્ષક ઉપર છરીથી હુમલો કરી રૂા. ૬૦,૦૦૦ના મોબાઈલ લૂંટ પ્રકરણમાં પોલીસે ત્રણ શખ્સને પકડી પાડયા હતા. ભચાઉના લુણવામાં પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવનાર ફરિયાદી જયદીપ ગોરધન ચિકાણી ભવાનીપુરથી ગુણાતીતપુર તરફ જતા માર્ગ પર વોક કરવા નીકળ્યો હતો ત્યારે ત્રણ અજાણ્યા શખ્સ ત્યાં આવી રૂ. ૬૦,૦૦૦ ના મોબાઈલની લૂંટ કરી છરી વડે ઈજાઓ કરીને નાસી ગયા હતા. બનાવ અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાયા અને ભચાઉ કોલિયાસરીના વિક્રમ ઉર્ફે લાલો લક્ષ્મણ કોલી, રોટરી કલબ વિસ્તારના સંજય દેવા કોલી તથા રબારીવાસના નરપત ઉર્ફે ભાવેશ કરશન કોલી નામના શખ્સોને પકડી પાડયા હતા. ગણતરીના સમયમાં મોબાઈલ લૂંટનો ભેદ ઉકેલી આ શખ્સોએ અગાઉ કોઈ બનાવોને અંજામ આપ્યા છે કે કેમ તે સહિતની આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

આ કામગીરી ભચાઉ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એ.એ.જાડેજા,પોલીસ સબ ઈન્સપેક્ટર ડી.જે.ઝાલા તથા ભચાઉ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફ તથા પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

### શા માટે ગોધરાકાંડનું ભૂત ૨૩ વર્ષે પણ ધૂણી રહ્યું છે?

# ફરજમાં બેદરકાર નવ પોલીસમેનને બિનશરતી બરતરફ કરવા હાઈકોર્ટનો આદેશ

**અબતક, રાજકોટ**

૨૦૦૨ ગોધરાકાંડનું ભૂત ૨૩ વર્ષે પણ ધૂણી રહ્યું છે. દેશની ટોચની અદાલતો તબક્કાવાર એક બાદ એક ચુકાદા આપી રહી છે જેમાં નવા નવા બણગા હજુ પણ ફૂટી રહ્યા છે. ગોધરાકાંડ એક એવી દુર્ઘટના કે જેમાં ૫૯ મુસાફરોને જીવતા સળગાવી નાખવામાં આવ્યા હતા. તે ઘટનાનાં અનેક પાસા આગની ઘટનામાં ક્યાંક ધરબાઈ ગયા હોય તે બાબતથી ઈન્કાર કરી શકાય નહિ. ત્યારે સાબરમતી ટ્રેનમાં ફરજ હોવા છતાં અન્ય ટ્રેનમાં મુસાફરી કરી રહેલા નવ પોલીસમેનોને બરતરફ કરવા હાઈકોર્ટએ આદેશ આપ્યો છે.

વર્ષ ૨૦૦૨ના ગોધરા કાંડ સાથે જોડાયેલા એક મહત્ત્વપૂર્ણ કેસમાં ગુજરાત હાઈકોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ સાબરમતી એક્સપ્રેસની સુરક્ષા ફરજ પર તહેનાત ૯ રેલવે પોલીસકર્મીઓ (GRP)ની બરતરફીને સમર્થન આપ્યું છે.

### સાબરમતી એક્સપ્રેસ ટ્રેનમાં ફરજ હોવા છતાં પોલીસકર્મીઓ અન્ય ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા'તા



ઉલ્લેખનીય છે કે, સાબરમતી ટ્રેનમાં ફરજ હોવા છતાં પણ ટ્રેન મોડી પડવાના કારણે તેઓ ફરજ પર હાજર થયા ન હતા અને બીજી ટ્રેન દ્વારા પાછા ફર્યા હતા.

અહેવાલો અનુસાર, ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ વૈભવી નાણાવટીએ તેમના આદેશમાં કહ્યું હતું કે, જો આ પોલીસકર્મીઓ સાબરમતી એક્સપ્રેસમાં સવાર હોત, તો ગોધરા સ્ટેશન નજીક ટ્રેનમાં આગ લગાવવાની ઘટના, જેમાં ૫૯ મુસાફરોના મોત થયા હતા, તેને રોકી શકાઈ હોત.

ગુજરાત હાઈકોર્ટે કહ્યું કે, 'પોલીસકર્મીઓએ રજિસ્ટરમાં ખોટી નોંધો કરી અને શાંતિ એક્સપ્રેસ દ્વારા અમદાવાદ પાછા ફર્યા હતા. જો તેમણે સાબરમતી એક્સપ્રેસમાં મુસાફરી કરી હોત, તો ગોધરા ઘટના રોકી શકાઈ હોત. આ ફરજમાં ઘોર બેદરકારી છે. પોતાની ફરજના ભાગ રૂપે આ પોલીસકર્મીઓને દાહોદ સ્ટેશનથી સાબરમતી એક્સપ્રેસમાં ચઢીને અમદાવાદ સુધી ટ્રેનમાં પેટ્રોલિંગ કરવાનું હતું પરંતુ જ્યારે તેમને ખબર પડી કે ટ્રેન મોડી છે, ત્યારે તેઓ શાંતિ એક્સપ્રેસમાં પાછા ફર્યા હતા. આ ઘટનાની તપાસ કર્યા પછી, ગુજરાત સરકારે ૨૦૦૫માં નવ જીઆરપી કર્મચારીઓને સસ્પેન્ડ અને બરતરફ કર્યા, જેમાં ત્રણ સશસ્ત્ર અને છ પોલીસકર્મીઓનો સમાવેશ થાય છે. તેમણે આ આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો, પરંતુ કોર્ટે સરકારના નિર્ણયને માન્ય રાખ્યો.

સરકારે દલીલ કરતા જણાવ્યું હતું કે, 'આ પોલીસકર્મીઓએ ફરજ ટાળવા માટે બીજી ટ્રેન જ નહીં, પણ દાહોદ સ્ટેશન પર ખોટી એન્ટ્રી પણ કરી હતી, જેના કારણે કંટ્રોલ રૂમમાં ખોટી માહિતી મોકલી હતી કે ટ્રેનમાં સુરક્ષા હાજર છે. સાબરમતી એક્સપ્રેસને 'એ શ્રેણી'માં મૂકવામાં આવી હતી, જ્યાં ચેઈન પુલિંગ, ઝઘડા અને અન્ય ગુનાઓ વારંવાર બનતા હોય છે, તેથી સુરક્ષા ટીમ હોવી ફરજિયાત હતી. ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ વૈભવી નાણાવટીએ કહ્યું કે, એ સ્પષ્ટ છે કે અરજદારોએ તેમની જવાબદારીને ગંભીરતાથી લીધી ન હતી અને આટલી મહત્ત્વપૂર્ણ ફરજને હળવાશથી લીધી હતી. કોર્ટે આ મામલે કોઈ પણ પ્રકારની દખલગીરી વાજબી ન હોવાનું ઠરાવ્યું અને કલમ ૨૨૬ હેઠળ અરજીઓ ફગાવી દીધી. આ નિર્ણય માત્ર ફરજમાં બેદરકારીના ગંભીર પરિણામોને જ ઉજાગર કરતો નથી, પરંતુ એ પણ દર્શાવે છે કે સુરક્ષા વ્યવસ્થામાં નાની ભૂલ પણ મોટી દુર્ઘટનામાં ફેરવાઈ શકે છે.

### જો પોલીસમેનો સાબરમતી ટ્રેનમાં હાજર હોત તો ૫૯ મુસાફરોનાં જીવ બચાવી શકાય તેમ હતા: વડી અદાલતનું તારણ

### પોલીસકર્મીઓએ દાહોદ સ્ટેશન પર ખોટી એન્ટ્રી કરી'તી

સરકારે દલીલ કરતા જણાવ્યું હતું કે, 'આ પોલીસકર્મીઓએ ફરજ ટાળવા માટે બીજી ટ્રેન જ નહીં, પણ દાહોદ સ્ટેશન પર ખોટી એન્ટ્રી પણ કરી હતી, જેના કારણે કંટ્રોલ રૂમમાં ખોટી માહિતી મોકલી હતી કે ટ્રેનમાં સુરક્ષા હાજર છે. સાબરમતી એક્સપ્રેસને 'એ શ્રેણી'માં મૂકવામાં આવી હતી, જ્યાં ચેઈન પુલિંગ, ઝઘડા અને અન્ય ગુનાઓ વારંવાર બનતા હોય છે, તેથી સુરક્ષા ટીમ હોવી ફરજિયાત હતી.

### સુરક્ષા વ્યવસ્થામાં નાની ભૂલ મોટી દુર્ઘટના નોતરે છે: જસ્ટિસ નાણાંવટી

જસ્ટિસ વૈભવી નાણાવટીએ કહ્યું કે, એ સ્પષ્ટ છે કે અરજદારોએ તેમની જવાબદારીને ગંભીરતાથી લીધી ન હતી અને આટલી મહત્ત્વપૂર્ણ ફરજને હળવાશથી લીધી હતી. કોર્ટે આ મામલે કોઈ પણ પ્રકારની દખલગીરી વાજબી ન હોવાનું ઠરાવ્યું અને કલમ ૨૨૬ હેઠળ અરજીઓ ફગાવી દીધી. આ નિર્ણય માત્ર ફરજમાં બેદરકારીના ગંભીર પરિણામોને જ ઉજાગર કરતો નથી, પરંતુ એ પણ દર્શાવે છે કે સુરક્ષા વ્યવસ્થામાં નાની ભૂલ પણ મોટી દુર્ઘટનામાં ફેરવાઈ શકે છે.

# પીપળી નજીક રીક્ષામાં દારૂની હેરાફેરી કરતા બે પકડાયા: રાજકોટના સપ્લાયરની શોધખોળ

## દારૂની ૨૭ બોટલ અને વાહન મળી રૂ. ૧.૦૮ લાખનો મુદામાલ કબ્જે

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના જેતપર રોડ ઉપર પીપળી ગામના બસસ્ટેન્ડની સામેથી તાલુકા પોલીસે સીએનજી રીક્ષામાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતા બે ઇસમોને પકડી લેવાયા છે, આ સાથે પોલીસે રીક્ષામાંથી વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૨૭ બોટલ ઝડપી લીધી હતી. જ્યારે પકડાયેલ બન્ને આરોપીની સઘન પૂછપરછમાં રાજકોટના બુટલેગર પાસેથી વિદેશી દારૂનો જથ્થો વેચાણ કરવાના ઇરાદે લઈ આવ્યાનું જણાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી તાલુકા પોલીસને ખાનગીરાહે મળેલ બાતમી મુજબ સીએનજી રીક્ષા નં. જીજે-૩૬-ડબલ્યુ-૦૯૯૭માં વિદેશી દારૂની હેરાફેરી થવાની હોય, જેથી તાલુકા પોલીસ જેતપર રોડ ઉપર પીપળી બસ સ્ટેન્ડ નજીક વોચમાં હોય તે દરમિયાન ઉપરોક્ત રીક્ષા ત્યાંથી પસાર થતા, તેને રોકી તલાસી લેવામાં આવી હતી, જેમાંથી વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૨૭ બોટલ કિ.રૂ.૮૪૪૧/- મળી આવી હતી, આ સાથે પોલીસે આરોપી રાહુલભાઈ મહેશભાઈ ચાવડા ઉવ ૨૦ રહે.નવી ટીંબડી તથા આરોપી અરમાનભાઈ ઈકબાલ જુણેજા ઉવ.૨૧ રહે. રણછોડનગર મોરબી વાળાની અટક કરી હતી, આ વિદેશી દારૂનો જથ્થો રાજકોટના ભગવતીપરા વિસ્તારમાં રહેતા બુટલેગર નઝીરભાઈ રહીમભાઈ સંધી પાસેથી લઈ આવ્યાની પકડાયેલ આરોપીઓએ કબુલાત આપતા, પોલીસે રીક્ષા તથા વિદેશી દારૂ મળી કુલ કિ.રૂ.૧,૦૮,૪૪૧/-નો મુદ્દામાલ કબ્જે કરી, ત્રણેય આરોપીઓ વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા વિવિધ સ્થળે ઠંડા સરબતનું વિતરણ

**અબતક, ઋષિ મહેતા**



સૂર્ય પ્રકોપને લીધે હિટવેવ જેવી સ્થિતિ સર્જાતા જનજીવન આકુળ વ્યાકુળ થઈ ગયું છે અને અંગ દઝાડતી ગરમીને લીધે લોકો રીતસર શેકાય રહ્યા છે. ત્યારે મોરબીમાં તમામ જન સમુદાયના હિતમાં કાર્ય કરતા યંગ ઈન્ડિયા ગ્રુપે આવી કાળઝાળ ગરમીમાં લોકોની વ્હારે આવી શહેરના વિવિધ સ્થળે હેલ્ધી લીંબુ સરબત અને વરિયાળી સરબત વિતરણ કરવામાં આવ્યું હતું.મોરબીમાં અનેક સેવાકીય, સામાજિક, શૈક્ષણિક સહિત તમામ ક્ષેત્રે લોકોને ઉપયોગી પ્રવૃત્તિઓ કરીને દેશ અને સમાજમાં ક્રાંતિકારી પ્રયાસો કરનાર યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા હાલના ઉનાળાના બળબળતા તાપ સામે લોકોના આરોગ્યના હિત માટે ઠંડા લીંબુ સરબત અને વરિયાળી સરબતનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યંગ ઈન્ડિયા ગ્રુપના તમામ સભ્યોએ ઉમિયા સર્કલ, રવાપર ચોકડી, ગાંધીચોક, જુના અને નવા બસ સ્ટેન્ડ, દલવાડી સર્કલ, સામાકાંઠે આવેલ મહારાણા પ્રતાપ સર્કલ, ત્રાજપર ચોકડીએ પસાર થતા અસંખ્ય લોકોને ઠંડા લીંબુ સરબત અને વરિયાળી સરબત પીવડાવી આગઝરતી ગરમીમાં રાહત આપી હતી. આ અંગે યંગ ઈન્ડિયા ગ્રુપના મેન્ટોર ડો.દેવેનભાઈ રબારીએ જણાવ્યું હતું કે, હાલની ગરમીએ લોકોને તોબા પોકારવી દીધા છે. બપોરે તો બહાર નીકળી પણ ન શકાય તેવી ગરમી પડે છે. ત્યારે કામ સબબ નીકળતા અને ખુલ્લામાં મજૂરી કામ કરતા શ્રમિકોના આરોગ્ય માટે ઠંડા લીંબુ સરબત અને વરિયાળી સરબત એકદમ રાહતરૂપ છે.

# પેરોલ જમ્પ કરનાર શખ્સ બે વર્ષે પકડાયો

## દુષ્કર્મ અને મર્ડર કેસમાં આજીવન સજા બાદ પેરોલ લઈ બિહાર નાશી ગયો તો

**અબતક, ઋષી મહેતા**



મોરબી એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કવોડની ટીમે પેરોલ રજા પરથી બે વર્ષથી ફરાર દુષ્કર્મ અને હત્યાના ગુનામાં દોષિત સુરજકુમાર ચૌહાણ બિહારવાળાને, બિહારના નવાદા જીલ્લામાંથી ઝડપી રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવ્યો છે.

રાજ્ય પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ પેરોલ-ફર્લો અને જેલ ફરાર આરોપીઓને પકડવા માટે રાજ્યવ્યાપી સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. આ અંતર્ગત મોરબી એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્કવોડ ટીમ દ્વારા તાલુકા પોલીસ સ્ટેશનના પોકસો, હત્યા અને દુષ્કર્મ જેવા ગંભીર ગુન્હા હેઠળ પકડાયેલા અને આજીવન સજા પામેલા આરોપી સુરજકુમાર ગોરેલાલ ચૌહાણ બિહાર વાળો જેને ઉચ્ચ ન્યાયાલય દ્વારા તા. ૧/૬/૨૦૨૩થી ૨૧ દિવસની પેરોલ રજા મળી હતી, તે તા. ૨૩/૬/૨૦૨૩ના રોજ જેલમાં હાજર ન રહી ફરાર થઈ ગયો હતો. આ આરોપીની શોધખોળ દરમિયાન પેરોલ ફર્લો સ્કવોડના જયેશભાઈ વાઘેલા તથા વિક્રમભાઈ રાઠોડને ખાનગી બાતમી મળતાં, બિહાર રાજ્યના નવાદા જીલ્લાના બાધી બરડીહા ગામેથી તા. ૩૦/૪/૨૦૨૫ના રોજ આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ કાયદેસર કાર્યવાહી બાદ આરોપીને રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવ્યો છે.

# રવાપર ચોકડી ખાતે શ્રમદાન કાર્યક્રમમાં ૧૦ ટન કચરાનો નિકાલ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીઃ તા. ૧ મે, ૨૦૨૫ના રોજ મહાનગરપાલિકા દ્વારા રવાપર ચોકડી વિસ્તારમાં શ્રમદાન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ અને નાગરિકોએ સહભાગી બની અંદાજે ૧૦ ટન કચરો સાફ કર્યો હતો. આ સાથે ગંદકી ફેલાવનારા ૯ આસામી પાસેથી કુલ રૂ. ૧૨,૫૦૦/-નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરની સ્વચ્છતા માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ અનુસંધાને તા.૧ મે ૨૦૨૫ના રોજ રવાપર ચોકડી ખાતે શ્રમદાન ફોર મોરબી અંતર્ગત વિશેષ શ્રમદાન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મહાનગરપાલિકા કમિશ્નર, ડેપ્યુટી કમિશ્નર (પ્રોજેક્ટ), પાલિકા સ્ટાફ, મોરબી સિરામિક એસોસિયેશનના પ્રતિનિધિઓ તથા નગરજનોનો ઉમંગભેર સહભાગ જોવા મળ્યો હતો. શ્રમદાન દરમિયાન રવાપર ચોકડી વિસ્તારમાંથી અંદાજે ૧૦ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. સફાઈ ઝુંબેશ દરમિયાન ગંદકી ફેલાવનારા ૯ આસામીઓ સામે કાર્યવાહી કરીને કુલ રૂ. ૧૨,૫૦૦/-નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

# રખડતા પશુ સામે મહા પાલિકાની કાર્યવાહીઃ ૮ દિવસમાં ૧૮ ઢોર પકડયા

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકાની પ્રાણી રંજાડ અંકુશ શાખાએ તા. ૨૩ એપ્રિલ થી ૩૦ એપ્રિલ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાંથી કુલ ૧૮ રખડતા ઢોર પકડીને આજુબાજુની ગૌશાળામાં ખસેડ્યા હતા, આ દરમિયાન ૩ ઢોર-માલિકો પાસેથી રૂ. ૧૨,૦૦૦/- વહીવટી ચાર્જ વસુલ કરાવી, પોતાનાં ઢોર પાછાં મેળવ્યા હતા.

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સર્જાતા ટ્રાફિક અવરોધ, દુર્ઘટનાઓ તથા નાગરિકોના અસંતોષના નિરાકરણ માટે રખડતા ઢોર સામે કડક પગલાં લેવાઈ રહ્યાં છે. જેમાં તા. ૨૩ થી ૩૦ એપ્રિલ ૨૦૨૫ દરમિયાન મહાનગરપાલિકાની પ્રાણી રંજાડ અંકુશ શાખાએ શહેરી વિસ્તારમાં ઢોર પકડવાની કામગીરી હાથ ધરી હતી. આ કામગીરી દિવસે અને રાતે કરીને રેલવે સ્ટેશન રોડ, અંબિકા રોડ, સુભાષ રોડ, સોમનાથ સોસાયટી, કાયાજી પ્લોટ, નહેરુ ગેટ, મંગલ ભુવન ચોક, નગર દરવાજા, ગ્રીન ચોક, એ-ડિવિઝન પોલીસ સ્ટેશન સામે તથા કબીર ટેકરીના નાલા નજીકથી કુલ ૧૮ ઢોર પકડી પાડવામાં આવ્યા હતા. કામગીરી દરમિયાન પકડાયેલા ઢોરોને નજીકની ગૌશાળાઓમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૩ ઢોરના માલિકોએ મહાનગરપાલિકા દ્વારા નક્કી કરાયેલા વહીવટી ચાર્જ રૂપે રૂ. ૧૨,૦૦૦/- ભરપાઈ કર્યા બાદ પોતાનાં ઢોર મુક્ત કરાવ્યા હતા.

# મોરબીનું ગૌરવઃ અન્ડર-૧૯ મેચમાં યશરાજસિંહ ઝાલાની ધમાકેદાર ઈનિંગ

## ૭૨ બોલમાં ૭૧ રન ફટકારી મોરબીના યુવાન બેટ્સમેનનો કરિશ્મો

**અબતક, ઋષિ મહેતા**



સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના ગ્રાઉન્ડ પર ચાલતી અંડર-૧૯ ડિસ્ટ્રિક્ટ મેચમાં મોરબીના યુવાન ખેલાડી યશરાજસિંહ ઝાલાએ ૧૦ ચોગ્ગા અને ૧ છગ્ગાના સહારે ૭૨ બોલમાં ૭૧ રન બનાવ્યા. તેમના આ શાનદાર પ્રદર્શનથી સમગ્ર મોરબી જીલ્લાનું ગૌરવ વધ્યું છે.

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના પેવેલિયન ગ્રાઉન્ડ, સણોસરા ખાતે જામનગર ડિસ્ટ્રિક્ટ અંડર-૧૯ અને મોરબી ડિસ્ટ્રિક્ટ અંડર-૧૯ વચ્ચે મેચ યોજાઈ હતી. આ મેચમાં મોરબી તરફથી રમત રમી રહેલા યુવાન અને પ્રતિભાશાળી બેટ્સમેન યશરાજસિંહ ઝાલાએ શાનદાર બેટિંગ કરતાં ૭૨ બોલમાં ૭૧ રનની નોંધપાત્ર ઈનિંગ રમી હતી. તેમણે ૧૦ ચોગ્ગા અને એક છગાની મદદથી ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી હતી.

યશરાજસિંહ ઝાલા છેલ્લા કેટલાય સમયથી પોતાની સતત મહેનત અને પ્રતિભા દ્વારા ટીમ માટે મજબૂત પાયો પૂરો પાડી રહ્યા છે. દરેક મેચમાં તેમની પ્રગતિ અને આત્મવિશ્વાસભરી બેટિંગ મોરબી જેવા શહેરમાં નવી આશા જગાવી રહી છે. નાના શહેરમાંથી આવતાં આ યુવાન ખેલાડીએ મોટાં શહેરોની ટીમ સામે પણ પોતાનું આધિપત્ય સ્થાપ્યું છે. મોરબીના યશરાજસિંહ ઝાલાએ પોતાના કુટુંબ ઉપરાંત સમગ્ર જીલ્લાનું ગૌરવ વધાર્યું છે અને ક્રિકેટના મહાકુંભ સુધી પહોંચવાની શક્યતાઓ પ્રબળ બનાવી છે. આવતીકાલના એક આશાસ્પદ ખેલાડી તરીકે યશરાજસિંહ ઝાલાનું નામ હવે પ્રદેશસ્તર પર ગુંજાઈ રહ્યું છે.

# કોર્પોરેશનની સફાઈ ઝુંબેશમાં માત્ર એક અઠવાડિયામાં રૂ.૯૦,૧૦૦ દંડની વસુલાત

## પ્રતિબંધિત પ્લાસ્ટિક, ગંદકી અને જાહેરમાં થૂંકવા સહિતનાઓ સામે કાર્યવાહી

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાએ તા. ૨૩ થી ૩૦ એપ્રિલ ૨૦૨૫ દરમિયાન શહેરમાં સ્વચ્છતા માટે કડક પગલાં લીધા હતા. કુલ ૬૬ આસામી પાસેથી રૂ. ૯૦,૧૦૦/- નો દંડ વસુલ કરવામાં આવ્યો છે.મોરબી મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાએ શહેરમાં સ્વચ્છતા જાળવવા તેમજ હાનિકારક પ્રવૃત્તિઓને અંકુશમાં લેવા માટે તા. ૨૩/૦૪ થી ૩૦/૦૪ દરમિયાન વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમ્યાન પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ કરતા ૨૪ આસામી પાસેથી રૂ. ૫૦,૪૦૦/- નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. ઉપરાંત, શહેરમાં ગંદકી કરતા ૩૭ આસામી પાસેથી રૂ. ૩૮,૯૦૦/- નો દંડ વસૂલાયો હતો. જાહેર સ્થળે કચરો સળગાવવાના કેસમાં ૨ આસામી પાસેથી રૂ. ૬૦૦/-, ઓપન યુરીનેશન માટે ૧ પાસેથી રૂ. ૧૦૦/- અને જાહેરમાં થૂંકવાના કેસમાં પણ ૧ પાસેથી રૂ. ૧૦૦/- નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.આ સાથે, મોરબી મહાનગરપાલિકાએ શહેરીજનોને અનુરોધ કર્યો છે કે તેઓ શહેરની સ્વચ્છતા જાળવે, ગંદકી ન ફેલાવે અને પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળે. પાલિકા દ્વારા આવનારા દિવસોમાં પણ આવી સખત ચેકિંગ પ્રક્રિયા ચાલુ રહેશે.

# માળીયા(મી): ટ્રેઈલરની ઠોકરે બાઈક ચાલક વૃદ્ધનું મોત

**અબતક, ઋષિ મહેતા**

માળીયા(મી)ના નવા હજીયાસરથી મોટર સાયકલ ઉપર કરિયાણાની દુકાનનો માલ સમાન લેવા મોટર સાયકલ ઉપર નીકળેલ ૬૦ વર્ષીય વૃદ્ધના મોટર સાયકલને પાછળથી ટ્રક ટ્રેઈલરે હડફેટે લેતા, મોટર સાય ચાલક નીચે રોડ ઉપર પટકાયા હતા અને ત્યારે ટ્રેઈલરનું પાછળનું વ્હીલ મોટર સાયકલ ચાલક વૃદ્ધને માથા ઉપર ફરી વળતા, તેમનું સ્થળ ઉપર કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી અનુસાર, માળીયા(મી) તાલુકાના નવા હજીયાસર ગામે રહેતા અનવરભાઈ સીદીકભાઈ જેડાએ માળીયા(મી) પોલીસ મથકમાં ટ્રક ટ્રેઈલર રજી.નં. જીજે-૧૨-બીઝેડ-૮૬૩૯ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ગઈ તા.૦૧/૦૫ના રોજ અનવરભાઈના પિતાજી સીદીકભાઈ ગગાભાઈ જેડા પોતાની કરિયાણાની દુકાન માટે માલ સમાનની ખારી કરવા મોટર સાયકલ રજી.નં. જીજે-૩૬-એએચ-૩૭૭૨ લઈને જતા હોય તે દરમિયાન મોરબી કચ્છ હાઈવે ઉપર આરામ હોટલ સામે રોડ ઉપર પાછળથી પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવીને આવતા ટ્રેઈલરના ચાલકે સીદીકભાઈના મોટરસાયકલનો પાછળથી ટક્કર મારતા, મોટર સાયકલ આગળના વ્હીલમાં આવી ગયું, જયારે સીદીકભાઈ ટ્રેઈલરના પાછળના વ્હીલમાં આવી જતા, તોતિંગ વ્હીલ સીદીકભાઈના માથા ઉપર ફરી વળ્યું હતું. હાલ માળીયા(મી) પોલીસે અકસ્માતના બનાવમાં મૃતકના પુત્રની ફરિયાદને આધારે આરોપી ટ્રેઈલર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરઃ રોડની સાઈડમાં ઉભેલા બે મિત્રોને કારે અડફેટે લેતા એકનું મોત,એક ઘાયલ

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર-ચોટીલા નેશનલ હાઈવે રોડ ઉપર વતન હોટલે જમીને બે રાજસ્થાની મિત્રો રોડ સાઈડમાં ઉભા હોય તે દરમિયાન પુરપાટ ઝડપે આવતી ફોર વ્હીલ કારે બંને મિત્રોને ઠોકરે ચડાવ્યા હતા, જે અકસ્માતની ઘટનામાં એક મિત્રને માથામાં તથા હાથમાં ફ્રેકચર જેવી ઈજા પહોંચી હતી, જ્યારે સાથેના મિત્રને શરીરે ગંભીર ઈજા પહોચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે સમગ્ર અકસ્માતના બનાવ મામલે વાંકાનેર તાલુકા પોલીસે ફોરવ્હીલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ ફરિયાદમાં રાજસ્થાનના બાડમેર જીલ્લાના ગોલીયાર ગામે રહેતા નુરાખાન સફુરખાન કુંભાર ઉવ.૨૫ અને તેનો મિત્ર સિકંદરખાન અબ્બાસખાન બંન્ને ગઈ તા.૦૧/૦૫ ના રોજ રાત્રીના સાડા અગિયાર વાગ્યાની આસપાસ વાંકાનેર-ચોટીલા નેશનલ હાઈવે ઉપર આવેલ વતન હોટલે જમીને રોડ પર ઉભા હતા ત્યારે વાંકાનેર બાઉન્ટ્રી તરફથી એક કાર (ફોરવ્હીલ) રજી.નં.જીહે-૩૬-એલ-૯૨૨૯ વાળીના ચાલકે પોતાની કાર પુરઝડપે બેફીકરાયથી ચલાવી આવી નુરાખાન સફુરખાન કુંભાર અને તેની સાથેના સિકંદરખાન સાથે ભટકાડતા નુરાખાનને માથાના ભાગે તથા જમણા હાથે ઈજા પહોચી હતી તથા સિકંદરખાનને ડાબા પગે સાથળના ભાગે તથા કાંડાના ભાગે ફ્રેકચર જેવી ગંભીર ઈજા પહોચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું, હાલ વાંકાનેર તાલુકા પોલીસે આરોપી ફોરવ્હીલના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મનપા દ્વારા ડ્રેનેજ મેનહોલ સર્વે પૂર્ણ ૮૪ મેનહોલની મરામત

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકાની ડ્રેનેજ શાખાએ શહેરભરના ૪૧૪૪ મેનહોલનું સર્વે હાથ ધરી ૧૧૦ મેનહોલ રીપેર કરવા પાત્ર ગણાવ્યા હતા. જેમાંથી અત્યાર સુધી ૮૪ મેનહોલની મરામત પૂર્ણ થઈ છે અને બાકી રહેલાં મેનહોલ પર કાર્ય ચાલુ છે.

મોરબી શહેરમાં નાગરિકોની સુરક્ષા અને આરોગ્યના હિતમાં ડ્રેનેજ શાખા દ્વારા મેનહોલ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. દરમિયાન કુલ ૪૧૪૪ મેનહોલના સર્વે દરમિયાન ૧૧૦ મેનહોલ રીપેર કરવાની જરૂરિયાત જણાઈ હતી. મહાનગરપાલિકા દ્વારા તેમાંના ૮૪ મેનહોલની મરામત પૂર્ણ કરવામાં આવી છે, જયારે બાકી રહેલા મેનહોલ પર કામગીરી ચાલુ છે અને ટૂંક સમયમાં તે પણ પૂર્ણ કરવામાં આવશે. વધુમાં, મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે જો શહેરના કોઈ પણ વિસ્તારમાં તુટેલા કે ખરાબ મેનહોલ કવર જોવા મળે તો મહાનગરપાલિકા કચેરીએ અથવા કચેરી ટેલીફોનઃ ૦૨૮૨૨-૨૨૦૫૫૧ ઉપર જાણ કરવા વિનંતી કરવામાં આવી છે.

# રાજપર ગામે પોલીપેક કારખાનામાં શ્રમિકનો ગળેફાંસો ખાઈ આપઘાત

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના રાજપર ગામે આવેલ મિત્રા પોલીપેક કારખાનામાં રહેતા કરણ બંટીલાલ બારોલીયા ઉવ.૩૨ એ ગઈકાલ તા.૨/૫ના રોજ સાંજના કોઈપણ સમયે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા, તેનું મૃત્યુ નીપજ્યું હતું,

ત્યારે મૃતકની ડેડબોડી તેમના પત્ની મમતાબેન સિવિલ હોસ્પિટલ મોરબી ખાતે લાવતા, તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# ઓસમ સ્કુલના પ્રિન્સિપાલને કાર્ટ બ્લેન્ચ પ્રોજેકટ અંતર્ગત સન્માનીત કરાયા

**અબતક, ઋષી મહેતા**



તાજેતર માં બેંગલોર ખાતે સીબીએસઈ બોર્ડ ના વિવિધ પાઈલોટ પ્રોજેક્ટ અંતર્ગત જનરલ ફોરમ ઈડી કોનક્લેવ ૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં દેશભર ની ૫૦૦ થી વધુ સીબીએસઈ સ્કુલ ના પ્રિન્સિપાલ ઉપરાંત વિવિધ ક્ષેત્ર ના નિષ્ણાંતો તેમજ શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા. ITC Gardenia,Bengaluru ખાતે આયોજીત કોનક્લેવ માં ડીઝીટલ ટ્રાન્સફોર્મેશન, હાઈબ્રીડ લર્નિંગ, સ્કીલ ડેવલોપમેન્ટ, હેલ્થ પ્રોગ્રામ સહીત ના સીબીએસઈ બોર્ડ ના પાઈલટ પ્રોજેક્ટ નો સમાવેશ કરવામાં આવ્યો હતો. સીબીએસઈ બોર્ડ દ્વારા આયોજીત કાર્ટ બ્લેન્ચ પ્રોજેક્ટ અંતર્ગત મોરબી ની સૌપ્રથમ સીબીએસઈ સ્કુલ ઓસમ સ્કુલ તથા સ્કુલ ના પ્રિન્સિપાલ દીપાબેન શર્મા ને એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા જે સમગ્ર મોરબી ના શિક્ષણ જગત માટે ગૌરવ ની વાત કહી શકાય. સંસ્થા ના પ્રિન્સિપાલ ના નેતૃત્વ માં શાળા એ મેળવેલ આ સિધ્ધી બદલ ઓસમ સીબીએસઈ સ્કુલ ના ટ્રસ્ટી સુમંતભાઈ પટેલ, સિધ્ધાર્થભાઈ રોકડ, સુર્યરાજસિંહ જેઠવા તેમજ સમગ્ર સ્ટાફગણે અભિનંદન પાઠવ્યા છે.

# ટંકારાઃ મેઘપર ગામે કારમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો સાથે ચાલક પકડાયો

**અબતક, ઋષિ મહેતા**

ટંકારા તાલુકાના મેઘપર ઝાલા ગામના પાટીયા પાસે પોલીસે વેન્યુ કારમાં વિદેશી દારૂ વ્હિસ્કી-વોડકાની હેરાફેરી કરતા એક વેપારી યુવકની ધરપકડ કરી છે, આ સાથે ટંકારા પોલીસે વિવિધ બ્રાન્ડની દારૂની ૨૦ બોટલ તથા કાર તેમજ એક મોબાઈલ મળી કુલ રૂ.૪.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી, પકડાયેલ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તજવીજ શરૂ કરી છે.મળતી વિગતો અનુસાર, ટંકારા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ખાનગીરાહે બાતમી મળી કે, વેન્યુ કાર રજી.નં. જીજે-૩૬-એસી-૯૫૩૭ માં વિદેશી દારૂ ભરીને મેઘપર ઝાલા ગામ તરફ જવાની હોય, જેથી ટંકારા પોલીસ ટીમ મેઘપર ઝાલાના પાટીયા પાસે રોડ ઉપર વાહન ચેકીંગની કામગીરીમાં હોય તે દરમિયાન ઉપરોક્ત વેન્યુ કાર ત્યાંથી પસાર થતા તેને રોકી તેની તલાસી લેવામાં આવી હતી, ત્યારે કારમાંથી વિદેશી દારૂ વહીસ્કી વોડકાની અલગ અલગ બ્રાન્ડની ૨૦ બોટલ મળી આવી હતી, જેથી કાર ચાલક આરોપી સાગરભાઈ સવજીભાઈ માલકીયા ઉવ.૨૬ ની સ્થળ ઉપરથી અટકાયત કરી, પોલીસે કાર, વિદેશી દારૂ તથા એક મોબાઈલ સહિત કુલ કિ.રૂ.૪,૧૭,૧૧૧/-નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી વિરુદ્ધ પ્રોહી.ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# મહાનગરપાલિકા દ્વારા વિવિધ પ્રોજેકટ માટે ઓનલાઈન ટેન્ડર પ્રસિધ્ધ

## શહેરને વધુ સુવિધા સભર અને સુવ્યવસ્થિત બનાવશે

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકાની સીવીલ અને સીટી બ્યુટીફીકેશન શાખાએ ૧ મે, ૨૦૨૫થી અનેક વિકાસ કામોની ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી છે. તેમાં મોડલ રોડ, મોડલ ફાયર સ્ટેશન, મહેન્દ્ર ડ્રાઈવ રોડનું બ્યુટીફીકેશન તથા શહેરના વિવિધ વિસ્તારોમાં સી.સી.રોડ અને ડામર રોડ રીસર્ફેસીંગના કામોનો સમાવેશ થાય છે. આ કામો માટે એજન્સીની નિમણૂંક પછી ટૂંક સમયમાં કામગીરીનો આરંભ થશે.

મોરબી મહાનગરપાલિકા શહેરના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. આ અન્વયે શહેરી વિસ્તારના વિકાસ કાર્ય માટે સીવીલ અને સીટી બ્યુટીફીકેશન શાખાએ ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી છે, જેમાં યદુનંદન પાર્ક, શ્રીકુંજ સોસાયટી, રાજનગર થી ભગવતી હોલ નાની કેનાલ રોડ સુધીના રોડને મોડલ સી.સી. રોડ બનાવવામાં આવશે. જેનું ટેન્ડર તા. ૦૧ મે ૨૦૨૫થી બહાર પાડવામાં આવ્યું છે.

મહાનગરપાલિકા હદ વિસ્તારમાં જીલ્લામાં પ્રથમ વખત મોડલ ફાયર સ્ટેશન બનાવવા માટે પણ ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી છે. તેમજ ૧૫માં નાણાપંચ ગ્રાન્ટ હેઠળ મહેન્દ્ર ડ્રાઈવ રોડને આધુનિક અને આકર્ષક બનાવવા બ્યુટીફીકેશન કાર્ય હાથ ધરાશે. આ સિવાય રોડ રીસર્ફેસીંગ કાર્ય માટે વાર્ષિક ભાવ હેઠળ શહેરના વિવિધ સી.સી. અને ડામર રોડ પર રીસર્ફેસીંગ માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં કામગીરી શરૂ થશે.

મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવ્યું છે કે તમામ કામગીરી એજન્સીની નિમણૂંક પછી ઝડપથી શરૂ કરવામાં આવશે જેથી મોરબી શહેર વધુ સુવિધાસભર અને સુવ્યવસ્થિત બનશે.

# મનપા દ્વારા "મોરબીની અસ્મિતા" કાર્યક્રમમાં ૬૮ સ્પર્ધકોએ ઉત્સાહસભર ભાગ લીધો

**અબતક, ઋષિ મહેતા**



મોરબી મહાનગરપાલિકા દ્વારા ગુજરાત સ્થાપના દિવસે યુવાનોમાં સાંસ્કૃતિક ગૌરવ અને રુચિ જગાડવા 'મોરબીની અસ્મિતા' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ કલાત્મક સ્પર્ધાઓમાં ૬૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કલેકટર, કમિશ્નર અને ધારાસભ્યો હાજર રહ્યા હતા.


મોરબીમાં તા.૦૧/૦૫ના રોજ ગુજરાત સ્થાપના દિવસે યુવાનોમાં ગુજરાતની સંસ્કૃતિ પ્રત્યે રસ અને ગૌરવ જાગૃત કરવાના ઉદેશ્યથી મોરબી મહાનગરપાલિકા દ્વારા એક વિશેષ કાર્યક્રમ 'મોરબીની અસ્મિતાનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ રાસ ગરબા, એક પાત્રીય અભિનય, સોલો ડાન્સ, ગાયન તેમજ વાદન જેવી વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૬૮ સ્પર્ધકો દ્વારા ભાગ લેવામાં આવેલ તથા બહોળી સંખ્યામાં નગરજનોની ઉપસ્થિતિએ આ કાર્યક્રમની શોભા અનેકગણી વધારી દીધી હતી.

આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે જીલ્લા કલેકટર કિરણ ઝવેરી, મહાનગરપાલિકા કમિશ્નર સ્વપ્નિલ ખરે તથા મુખ્ય અતિથિમાં ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા ઉપસ્થિત રહેલ. ત્યારે કાર્યક્રમના અંતમાં મોરબી મહાનગરપાલિકા દ્વારા દરેક પ્રવૃત્તિમાં પ્રથમ સ્થાન મેળવનાર વિજેતાને રૂ.૨૦૦૦/-, દ્વિતીય સ્થાન મેળવનાર વિજેતાને રૂ.૧૦૦૦/- તેમજ તૃતીય સ્થાન મેળવનાર વિજેતાને રૂ.૫૦૦/- આપવામાં આવેલ. આ ઉપરાંત દરેક પ્રતિસ્પર્ધીને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

# સોમનાથ મહાદેવના સાનિધ્યમાં યોજાનારી શ્રીમદ્ ભાગવત કથાની પોથીયાત્રા રંગેચંગે નીકળી

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

સોમનાથ મંદિર ભારતના પ્રાચીન અને મહત્વપૂર્ણ ધાર્મિક સ્થળોમાનું એક છે આ મંદિર હિન્દુઓનાં બાર જયોતિલિગમાનું પ્રથમ છે. સોમનાથ મહાદેવની પાવન નિશ્રામાં રમેશભાઈ ઓઝાના વ્યાસાસને શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સોમનાથ મંદિરેથી ગોલોકધામ ગ્રાઉન્ડ ખાતે યોજાનાર શ્રીમદ્ ભાગવત કથાની પોથીયાત્રા શહેરમાં વાજતે ગાજતે નીકળી હતી.



આ પોથીયાત્રાનો પ્રારંભ સોમનાથ મહાદેવ મંદિર ખાતેથી કરવામાં આવ્યો હતો. વૈશાખ સુદ પાંચમના પવિત્ર દિવસે યજમાન પરિવાર તેમજ ભાવિભકતો ઉપસ્થિત રહી પ્રસંગ સાક્ષી બન્યા હતા. મંદિરના પુજારી તેમજ સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર અજયભાઈ દુબે દ્વારા રમેશભાઈ ઓઝાને સ્મૃતિ ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતુ.

# ધોરાજી: ચુવાંળીયા કોળી સમાજ દ્વારા તા.૧૨મીએ તાવા-પ્રસાદનું આયોજન

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજીની અવેડા લાઈન ખાતે આવેલ પૌરાણીક મંદિર મેલડી માતાજી મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૨ને સોમવારે તાવાનું આયોજન કરવામાં આવેલ છે તે અંગે તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવેલ છે. મેલડી માતાજીના તાવા પ્રસંગે ચુવાળીયા કોળી સમાજ સહિતના લોકો બહોળી સંખ્યામાં ઉમટી પડશે અને દર્શનનો લ્હાવો લેશે. મેલડી માતાજીના તાવા પ્રસંગે ભવ્ય શોભાયાત્રા સાથે આસ્થાભેર ઉજવણી કરવામાં આવશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા યુવકો જહેમત ઉઠાવી રહ્યા છે. આ અંગે કાર્યકર્તા, યુવાઓ, વડીલો સહિતની બેઠક મળી હતી જેમાં શ્રી રામ પ્રોવીઝનવાળા આશીષભાઈ ઠેશીયા (ભુરાભાઈ) સહિતના લોકો હાજર રહેલ હતા

## અબતકમાં અહેવાલ પ્રસિધ્ધ થયા બાદ તંત્ર સફાળું જાગ્યું

# ''અબતક''ના અહેવાલનો પડઘો: તાલાલા-વેરાવળ રોડ પર ભૂગર્ભ ગટરમાં લગાવાયા ઢાંકણા

## ઢાંકણા લાગી જવાથી ગટરમાં કચરો પડતો અટકશે તેમજ મચ્છરો અને અન્ય રોગો ફેલાવતા જીવાતોનો ઉપદ્રવ ઘટશે

**અબતક, લીલાધર હરવાણી, તાલાલા**

તાલાલા નગરપાલિકા રચિત વેરાવળ રોડ પર દસ દિવસથી ભૂગર્ભ ગટરના ઢાંકણાઓને ખુલ્લા હતા તેમજ ટ્રાફિક થી ધમધમતા રોડ પર અકસ્માતનો ભય સેવાઈ રહ્યો હતો ત્યારે તારીખ ૨ -૫ શુક્રવારે ના રોજ અબતકમાં આ અન્વયે અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો તે અન્વયે તંત્ર સફાળું જાગ્યું અને દસ દિવસથી જે ગટરના ઢાંકણા ખુલ્લા હતા તે માત્ર ચાર કલાકમાં ઢાંકી દેવાયા આમ''અબતક''ના અહેવાલનો પડઘા થકી તંત્ર દોડતું થયું સરહનીય કામગીરી બદલ ઠેર ઠેરનો આભાર વર્ષા થઈ રહી હતી આ ઉપરાંત હવે અવરજવર કરતા



લોકોના જીવનની ગુણવત્તામાં સુધારો લાવશે. સ્થાનિક તંત્રએ આ સમસ્યાને ગંભીરતાથી લઈને તાત્કાલિક પગલાં ભર્યા તે ખરેખર પ્રશંસનીય છે. હવે લોકો અને વાહનો ખુલ્લા ખાડામાં પડવાના જોખમથી સુરક્ષિત રહેશે. અકસ્માતોની શકયતા ઘટશે.ઢાંકણા લાગી જવાથી ગટરમાં કચરો પડતો અટકશે અને ગંદકી ઓછી થશે. ગટર ઢંકાઈ જવાથી મચ્છરો અને અન્ય રોગો ફેલાવતા જીવાતોનો ઉપદ્રવ ઘટશે, જેના કારણે રોગોનું પ્રમાણ પણ ઘટશે.ગટર ઢંકાઈ જવાથી આસપાસના વિસ્તારમાં આવતી દુર્ગંધમાં પણ ઘટાડો થશે, જેનાથી લોકો વધુ સારી રીતે રહી શકશે.રસ્તાઓ વધુ વ્યવસ્થિત અને




સ્વચ્છ દેખાશે.આ એક મહત્વપૂર્ણ સુધારો છે જે વેરાવળ રોડ પર રહેતા અને અવરજવર કરતા લોકોના જીવનની ગુણવત્તામાં સુધારો લાવશે. સ્થાનિક તંત્રએ આ સમસ્યાને ગંભીરતાથી લઈને તાત્કાલિક પગલાં ભર્યા તે ખરેખર પ્રશંસનીય છે.

# ઉપલેટા: ધ મધર્સ ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે બાળકોને ચૂંટણી પ્રક્રિયાથી અવગત કરાયા

## ધો.૧ થી ૧૦ના વિદ્યાર્થીઓએ મતદાન કરી લોકશાહીના પર્વની ઉજવણી કરી





**અબતક,કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ભારત એ લોકશાહીને વરેલો દેશ છે. ભારત વિશ્વનો સૌથી મોટો લોકતાંત્રિક દેશ છે.

પ્રાયમરી શિક્ષણ દરમ્યાન બાળકો ને લોકશાહી ઢબે સમગ્ર ચૂંટણી પ્રકિયા થી અવગત કરાવવા માટે સ્કૂલમાં વિધાર્થી લીડર માટે એક ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિધાર્થી નેતા

માટે બોય અને ગર્લ નેતા માટે વોટિંગ કરવામાં આવ્યું. દરેક માં ધોરણ ૮ ના પાંચ પાંચ ઉમેદવાર ચૂંટણી મેદાનમાં હતા. ધોરણ ૧ થી ૧૦ ના વિધાર્થીઓ એ મતદાતા બની ને પોતાનો મત આપ્યો અને લોકશાહીના મહાપર્વ ની ઉજવણી કરવામાં આવી.

મતગણતરીના અંતે બોયઝ માંથી સૌમ્ય શેઠ ૧૦૮ મત ની જંગી લીડથી પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાઈ આવ્યા છે જ્યારે રુદ્ર પાનસરા ૧૪ મત ની લીડથી વાઈસ પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાઈ આવ્યા છે. ગર્લ્સ વિભાગની મતગણતરી બાદ રીવા જોબનપુત્રા ૮૯ મતોની જંગી લીડ થી પ્રેસિડેન્ટ તરીકે વિજેતા થયા અને મહેક કાંજિયા ૩૯ મતો ની સરસાઈ સાથે વાઈસ પ્રેસિડેન્ટ તરીકે વિજેતા થયા છે.

સમગ્ર પ્રકિયા લોકશાહીના મહાપર્વ ના ભાગરૂપે કરવામાં આવી હતી. જેમાં દરેક વિધાર્થીઓ ને ચૂંટણી કાર્ડ આપી ત્યાર બાદ પોલિંગ બુથ પર ખરાઈ કરી આગલા પર શાહી લગાવી અને બેલેટ પેપર આપી મતદાન કુટિરમાં જઈને ગુપ્ત મતદાન કર્યુ હતું. મતદાન ના અંતે મતગણતરી કરી વિજેતા ઉમેદવારના નામ ઘોષિત કરી ને વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું.

આવા કાર્યક્રમ યોજવા પાછળનો મુખ્ય ધ્યેય બાળકોમાં નાનપણ થી લીડરશીપ ક્વોલિટી આવે આપણી લોકશાહીની ચૂંટણી પ્રક્રિયાથી તેઓ માહિતગાર થાય.

આ પ્રસંગે સ્કૂલના ચેરમેન શક્તિસિંહ રાઠોડ, મેનેજિંગ ડિરેક્ટર રાજેન્દ્રસિંહ ઝાલા અને પ્રિન્સીપાલ માધુરી બેન દ્વારા તમામ વિજેતા બાળકોને અભિનંદન અને તમામ બાળકોએ આ લોકશાહી નો મહાપર્વ ધામધૂમ થી ઉજવ્યો તે બદલ આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પૂનમ મેડમ યાદવ અને સંગીતા મેડમ શાહુ દ્વારા કરવામાં આવ્યું હતું.

# વઢવાણ: ડાંગસીયા વસાહતમાં સીસી રોડની કામગીરીમાં નિયમોના ઉડ્યા લીરે લીરાં !

## જાગૃત નાગરિક વિનોદ જાદવે ૫ મીટર પહોળાઈને બદલે ૪ મીટર પહોળાઈનો રોડ બનતો હોવાની મનપા કમિશનરને કરી રજૂઆત

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર મનપા તંત્ર દ્વારા તમામ વોર્ડમાં પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં આવી રહી છે પરંતુ વઢવાણ જીઆઈડીસી વિસ્તારમાં દુધની ડેરી પાછળ ડાંગસીયા વસાહતમાં પ્રાથમિક સુવિધાઓ ન મળતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે જેમાં તાજેતરમાં ચાલી રહેલ સીસી રોડની કામગીરીમાં નિયમોનું ઉલંધ્ધન થતું હોવાની સ્થાનીક જાગૃત નાગરિક દ્વારા મનપા કમીશ્નરને લેખીત રજુઆત કરવામાં આવી છે.

આ અંગે રજુઆતમાં જણાવ્યા મુજબ વઢવાણ જીઆઈડીસી દુધની ડેરી પાછળ આવેલ ડાંગસીયા વસાહતમાં અંદાજે ૨૦૦થી વધુ પરિવાર વસવાટ કરેછે પરંતુ આ વિસ્તારમાં ઘણા વર્ષોથી તંત્ર દ્વારા ભેદભાવ ભરી નિતિ રાખી રોડ, રસ્તા, પાણી, સફાઈ, ગટર સહિતની પ્રાથમિક




સુવિધાઓ પુરી પાડવામાંન આવતા સ્થાનીક મહિલાઓઅને રહિશોને મુશ્કેલી પડી રહી છે. અનેક વખત રજુઆતો બાદ હાલ મનપા તંત્ર દ્વારા આ વિસ્તારમાં સીસી રોડની કામગીરી શરૂ કરવામાં આવી છે પરંતુ આ રોડ પાંચ મીટરના બદલે ચાર મીટર પહોળાઈનો જ બનાવવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત આ વિસ્તારમાં અંડરગ્રાઉન્ડ ગટરની કામગીરી પણ અધુરી મુકવામાં આવી છે જેના કારણે ત્યાં રોડ બની નહિં શકે અને રોડનું કામ અધુરૂ રહેશે. તેમજ અધુરી ગટરની કામગીરી હોવા છતાં રોડ બનાવવામાં આવશે તો ગટરલાઈન નાંખતી વખતે રોડને ફરીથી તોડવાનો વારો પણ આવી શકે તેમ છે. આથી મનપાના અધિકારીઓ દ્વારા સીસી રોડની કામગીરીમાં નિયમોના ઉલંધ્ધન અંગે સ્થળ પર મુલાકાત લેવામાં આવે તેમજ સીસી રોડની કામગીરી કરનાર કોન્ટ્રાક્ટરને રોડની પાંચ મીટરની પહોંળાઈ અંગે કડક સુચનાઓ આપવામાં આવે તેવી માંગ સાથે સ્થાનીક જાગૃત નાગરિક વિનોદભાઈ જાદવ દ્વારા મનપા કમીશ્નરને લેખીત રજુઆત કરવામાં આવી છે.

# રાજુલા: કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા શ્રીમદ દેવી ભાગવતનું આયોજન

## વકતા લાખણશીભાઈ ગઢવી દ્વારા સંગીતમય શૈલી સાથે માતાજીના ગુણગાન ગવાશે તેમજ ભવ્ય લોકડાયરો યોજાશે

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

બાબરીયા વાડના નાગેશ્રી પાસેના મોમાઈ માતાજીના વડ ખાતે શ્રીમદ દેવી ભાગવત પુરાણ મોમાઈ વડના સુર્યપ્રકાશ દાસજી ઉદાસીન સંત તથા બાબરીયા વાડ કાઠી ક્ષત્રીય સમાજ દ્વારાઆગામી તા.૧૨/૫/૨૫ ને સોમવાર થી ૨૦/૫/૨૫ ને મંગળવાર સુધી સવાર ના ૯.૦૦ થી ૧.૦૦ સુધી જુનાગઢ ના લોકસાહિત્યનું ઘરેણું અને વકતા



લાખણશીભાઈ ગઢવી કથા રસપાન કરાવશે. તા.૧૨/૫/૨૫ ના રોજ બપોરે ૩.૩૦ થી પોથીયાત્રા બલાડ માતાજી નો મઢ નાગેશ્રીથી મંદિરેથી મોમાઈ માતાના વડ કથા સ્થળ સુધી જશે. સાજે ૫ કલાકે હાજર સંતો મહંતો દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવશે. તા. ૧૬/૫/૨૫ ના રોજ કૃષ્ણ જન્મ તેમજ તા.૧૮/૫/૨૫ ના રોજ દુર્ગા પ્રાગટ્ય જેવા ઉત્સવો ઉજવાશે. કથા દરમ્યાન તા. ૧૩/૫/૨૫ ને મંગળવારે સાજે સુપ્રસિદધ લોકસાહિત્યકાર દેવાતભાઈ ખવડ, ભરતદાન ગઢવી, વિરાજ કામળીયા, જસુબેન આહિર દ્વારા લોકસાહિત્ય અને ભજન સંતવાણીના કાર્યક્રમો યોજાશે.આ કથા દરમ્યાન ગુજરાત સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ જગ્યાઓ ના સંતો મહંતો હાજરી આપશે

બાબરીયાવાડ કાઠી ક્ષત્રીય સમાજ અને મોમાઈ માતાજી સેવક સમાજ આ કથા ની તડામાર તૈયારી કરી રહેલ છે. આ કથામાં ઉપસ્થિત રહેવા સૂર્યપ્રકાશ દાસજી મહારાજ ઉદાસીન તથા બાબરીયાવાડ કાઠી ક્ષત્રિય સમાજનું જાહેર આમંત્રણ અને નિમંત્રણ છે

# કુંકાવાવના બાંભણીયા ગામે નવનિર્મિત પ્રાથમિક શાળા ખાતમુહર્ત કરતા ધારાસભ્ય કૌશિક વેકરીયા



**અબતક,પ્રદીપ ઠાકર, અમરેલી**

બાંભણિયા ગામ ખાતે નવનિર્માણ પ્રાથમિક શાળાના ખાત મુહેત કાર્યક્રમમાં મુખ્ય અતીથી અમરેલી કુકાવાવના ધારાસભ્ય અને મુખ્ય ઉપ દંડક કૌશિકભાઈ વેકરીયા રાંદલના દડવાના રાંદલ માતાજીના મંદિરના મહંત હરેશ પ્રગટ બાપુ દેવગામ અમર આશ્રમના મહંત ચંદ્રેશ બાપુ દેવગામ થી સંજયભાઈ વાળા ગીર ગંગા પરિવાર ટ્રસ્ટ ના રાજકોટના પ્રમુખ દિલીપભાઈ સખીયા ગીરગંગા પરિવાર ટ્રસ્ટના અમરેલીના પ્રમુખ અરવિંદભાઈ લાવડીયા કુકાવાવ તાલુકા પંચાયત પ્રમુખ પરસોત્તમભાઈ હિરપરા પીવી વસાણી ભીખાભાઈ બોઘાણી ગામ બાંભણિયા અગ્રણી ઉધોગપતિ ચુમતભાઈ પાનસુરીયા દરેક ગામના સરપંચો તેમજ બાંભણિયા ગામમાંથી ભાઈઓ બહેનો અને બાળકો બહોળી સંખ્યામાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા.અને આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું પુષ્પ ગુંજ તેમજ સાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા હતા

અને અમરેલી કુકાવાવ વડીયા ના ધારાસભ્ય અને મુખ્ય ઉપ દંડક કૌશિકભાઈ વેકરીયા અને રાંદલના દડવા રાંદલ માતાજીના મંદિરના મહંત હરેશ પ્રગટ બાપુનું બાંભણિયા ગામની બાળાઓ દ્વારા કુમકુમ તિલક કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ધોરાજી: ભાજપ અગ્રણી વી.ડી.પટેલને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા નગરપાલિકાના સભ્યો

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી ભાજપ અગ્રણી વી ડી પટેલ પ્રદેશ કારોબારી સભ્ય આજરોજ જન્મદિવસ નિમિત્તે ધોરાજી શહેરના નગરપાલિકાના તમામ સદસ્યો તથા તમામ ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો પત્રકાર મિત્ર તથા સામાજિક આગેવાનો દ્વારાજન્મદિવસની હાર્દિક શુભકામના પાઠવેલ છે



# અંજાર: સરહદ ડેરીની સફાઈ ઝુંબેશમાં અડધો ટન કચરો એકત્રિત

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ ૨૦૨૫ને આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ઘોષિત કરવામાં આવેલ છે. તેના ભાગ રૂપે અંજાર તાલુકા ના ચાંદરાણી સ્થિત પ્રખ્યાત વડવાળા હનુમાન મંદિર તથા સંત રામચરણ દાસ બાપુ ના અખંડ ધુણા ની સાફ-સફાઈ કરવામાં આવેલ.



આ કાર્યક્રમ ની ઉજવણી અમૂલ ફેડરેશન ના વાઈસ ચેરમેન તથા સરહદ ડેરી ના ચેરમેન વલમજીભાઈ હુંબલ ના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી. જેમાં તેમની સાથે અંજાર તાલુકા પંચાયતના માજી ઉપપ્રમુખ દેશીબેન હુંબલ, એપીએમસી અંજાર ના ચેરમેન પ્રકાશભાઈ લોદરિયા તથા ડાયરેકટર અનિલ હુંબલ, માજી સરપંચ ધનજીભાઈ હુંબલ , ચાંદરાણી સેવા સહકારી મંડળી ના પ્રમુખ માવજી જીવા ખૂંગલા, સરહદ ડેરી ના પ્લાન્ટ ના અધિકારીઓ તથા કર્મચારીઓ તથા ગ્રામજનો અને શ્રમિકો એમ કુલ ૫૫ લોકો આ શ્રમકાર્ય માં જોડાયા હતા.

આ કાર્યક્રમ દરમિયાન અડધા ટન જેવો કચરો એકત્ર કરવામાં આવેલ હતો તથા ૧ ટ્રેક્ટર-ટ્રોલી, ૮ પાવડા, ૩૦ સાવરણા, ૨૦ ઘમેલા, ૭ કચરા પેટી વગેરે સંશાધનો નો ઉપયોગ કરવામાં આવેલ.

આ બાબતે વલમજીભાઈ હુંબલે જણાવ્યુ હતું કે આ આ એક મહત્વપૂર્ણ વૈશ્વિક પહેલ છે. જે અર્થતંત્ર અને સામાજીક વિકાસ માં સહકાર ની ભૂમિકા ઉજાગર કરે છે. જેમાં અલગ અલગ સહકારી સંસ્થાઓ ના પ્રમુખશ્રીઓ, રાજકીય અને સામાજીક આગેવાનો પણ ઉલ્લાસ ભેર જોડાયા હતા.

# ખેલ મહાકુંભમાં ઉપલેટાની નોબલહુડ સ્કૂલનો ડંકો: રાજ વસ્તાનીએ કરાટેમાં 'અવ્વલ'

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટાની ખ્યાતનામ નોબલહુડ સ્કૂલમાં ધોરણ ૧૧ માં અભ્યાસ કરી રહેલ વસ્તાની રાજ ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભમાં રાજ્યકક્ષાએ કરાટેમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી નોબલહુડ સ્કૂલ, ઉપલેટા શહેર અને રાજકોટ જિલ્લાનું નામ રાજ્યભરમાં ગુંજતું કર્યું છે. આજનો દિવસ નોબલહુડ સ્કૂલ માટે ખૂબ જ ગૌરવ ભર્યો રહયો છે. નોબલહુડ શાળાના પ્રેસીડન્ટ ભરતભાઈ વઘાસિયા તેમજ




તસવીર : શહેઝાદ બાદશાહ

નોબલહુડ શાળા પરિવાર રાજને તેમને આ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવે છે તેમજ ભવિષ્યમાં આવી સિધ્ધિઓ હાંસલ કરતા રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

# વિસાવદર: યુનિયન બેંકના કર્મચારીઓના કથિત - અમાનવીય વર્તનની 'રાવ'

## વૃધ્ધ સાથે કરેલા અમાનવીય વર્તનની સીસીટીવીના ફૂટેજના આધારે ફરિયાદ નોંધવામાં આવશે

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**


વિસાવદર યુનિયન બેન્કની શાખાના કમેચારીઓ જાણે બેંકના બધા નિયમો ઘોળીને પી ગયા હોય એવું મનમાની ભર્યુ વતેન કરી રહ્યા છે.એક તો વૃધ્ધ લોકો માટે કોઈ જાતની વ્યવસ્થા નથી બીજા માળે આવેલી આ શાખાની લિફ્ટ બંધ છે. આજે એક વૃધ્ધ ખેડુત દેવરાજભાઈ ડોબરીયા ગામડેથી રીક્ષામાં આવ્યા હતા જેને પેરાલિસિસનો હુમલો આવેલ છે તે અશક્ત વૃધ્ધની હાલત જોઈ કોઈને પણ દયા આવી જાય તો તેના માટે અન્ય શાખા જે સ્ટેટ બેંક આ જ બિલ્ડિંગમાં આવેલ છે તેઓએ માનવતા દર્શાવી અને નીચે આવીને જરૂરી કાર્યવાહી કરીને સહકાર આપ્યો હતો



પણ યુનિયન બેન્કના અધિકારીઓ તેને બેફામ વર્તન કરી બીજા માળે પોતાના એકાઉન્ટમાંથી પૈસા ઉપાડવા કનડગત કરવામાં આવેલ.આ ઘટનાની ટુંક સમયમા સીસીટીવી ફૂટેજ મેળવીને આર.બી.આઈ.ને તેમજ શાખાની હેડ ઓફીસ ખાતે આ અધિકારીઓ સામે ફરીયાદ નોંધાવવામાં આવશે. નિયમો સમજાવી ખોટી રીતે રીઝવે બેંકનો પરીપત્ર છે તેમજ કથળેલા બેંક વ્યવહારમાં સ્ટાફની સતત ગેરહાજરી જોવા મળે છે. રિઝર્વ બેંકના નિયમોનું પાલન કરે છે કે નહીં તે પણ તપાસનો વિષય છે.ખાતામા ખોટી રીતે ટી.ડી.એસ. કાપવાની વ્યાપક ફરીયાદો ઉઠી છે.

### દરિયાઈ સ્થળે આહલાદક વાતાવરણના કારણે

# દ્વારકામાં ઉનાળુ વેકેશનમાં પ્રવાસીઓનો ધસારો



## શિવરાજપુર બીચ સહેલાણીઓમાં બન્યાં આકર્ષણ રૂપ


**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકા ક્ષેત્રમાં હોટેલ ઉદ્યોગમાં પણ ક્રાંતિ આવતા છેલ્લાં દશકામાં થ્રી-સ્ટાર ફોરસ્ટાર કેટેગરીની હોસ્પિટાલીટી સાથેની સુવિધા સંપન્ન હોટલોની ભરમાર થતાં યાત્રીકોની સાથે સાથે ટુરીસ્ટ માટે પણ હરવા ફરવા માટેનું પ્રમુખ સ્થાન બની રહયો છે. ગુજરાતના અન્ય ક્ષેત્રોની સાપેક્ષમાં દ્વારકામાં આહલાદક વાતાવરણમાં યાત્રીકલક્ષી હોસ્પિટાલીટી વાળી હોટલ તથા રીસોર્ટ પણ ઉપલબ્ધ થતાં પ્રવાસીઓ વીકેન્ડ યા વેકેશનની મજા માણવા દ્વારકાને પ્રથમ પસંદ આપી રહયા હોય ત્યારે હાલમાં ચાલતા ઉનાળું વેકેશનમાં દેશભરમાં હીટવેવની આગાહીઓ થતી હોય ત્યારે ૩૦-૩૫ ડિગ્રી વચ્ચેના સામાન્ય તાપમાન ધરાવતાં દ્વારકા ક્ષેત્રમાં યાત્રીકો તેમજ સહેલાણીઓનું ઘોડાપુર ઉમટી રહયું છે જે સમગ્ર વેકેશન દરમ્યાન રહેશે તેવો આશાવાદ દ્વારકાના હોટેલીયર્સ તેમજ ટુરીસ્ટ ઉદ્યોગ સાથે સંકળાયેલાં ધંધાર્થીઓ વ્યકત કરી રહયા છે.

પ્રવાસન યાત્રાધામ દ્વારકામાં છેલ્લા દોઢ દાયકામાં થયેલા વિકાસકાર્યોનો લાભ આ વિસ્તારના ટુરીઝમ ઉદ્યોગને થયો હોય તેમ પહેલાં જયારે વર્ષમાં ચાર માસ યાત્રાળુઓની સીઝન કહેવાતી તે હવે લગભગ દસ માસથી બારે માસ જેટલો ટુરીસ્ટ ટ્રાફીક જોવા મળી રહયો છે.

કોરોનાકાળ બાદથી યાત્રીકોનો વ્યાપક ધસારો દ્વારકા ક્ષેત્રમાં જોવા મળી રહયો છે. ખાસ કરીને શુક્ર - શનિ રવિના વીકેન્ડમાં તો લગભગ હાઉસફુલની સ્થિતિ જ જોવા મળી છે. તાજેતરમાં ફુલડોલ ઉત્સવમાં એક સપ્તાહમાં જ લાખો ભાવિકો ઉમટયા હતા. ફાગણ માસ બાદ પવિત્ર ચૈત્ર અને વૈશાખ માસમાં સમગ્ર રાજ્યમાં ગરમીનો પારો ખૂબ ઊંચો રહયો છે ત્યારે પ્રમાણમાં આહલાદક વાતાવરણ ધરાવતાં ઓખામંડળના ૩૦ ડિગ્રી આસપાસના વાતાવરણ સાથે યાત્રાધામ તેમજ દરિયાકિનારાની સફર માણવા લોકો પસંદ કરી રહયા છે.

વળી દ્વારકા આસપાસના જામનગર -કેશોદ - રાજકોટ વિગેરે એરપોર્ટ ધમધમવા લાગતા તેમજ લાંબા રૂટની ટ્રેઈનોની ફ્રીકવન્સી વધી જતાં દ્વારકાનો યાત્રા પ્રવાસ ખેડવા લોકો પસંદ કરી રહયા છે.



### શિવરાજપુર બીચ ખાતે વોટર સ્પોર્ટ્સ તથા એડવેન્ચર પ્રવૃત્તિઓ

શિવરાજપુર બીચનો ક્રમશઃ વિકાસ તેમજ સ્કુબા ડાઈવીંગ, પેરાસીલીંગ, વોટર સ્પોર્ટસ સહિતની સુવિધાઓ વધતાં પ્રવાસીઓનું આકર્ષણ કેન્દ્ર બની રહ્યુ છે. આ ઉપરાંત કાચ જેવા શુધ્ધ પાણી ધરાવતાં રમણીય બ્લ્યુ ફ્લેગ બીચની મજા માણવી એ જીવનનો લહાવો હોય જેના લીધે પણ શિવરાજપુર બીચ સહેલાણીઓ માટે પ્રાઈમ ટુરીસ્ટ ડેસ્ટીનેશન બની રહયો છે.

## જામનગર ક્રાઈમ ડાયરી

## નાઘેડી ગામે મકાનમાં ચાલતા જુગારધામ પર પોલીસનો દરોડો

### જુગાર રમતી ચાર મહિલા સહિત ૭ પત્તા પ્રેમીઓ પકડાયા

**અબતક, જામનગર**

જામનગર નજીક નાઘેડી ગામમાં એક રહેણાક મકાનમાં જુગારધામ ચાલી રહ્યું છે, અને કેટલાક સ્ત્રી પુરુષો એકત્ર થઈને ગંજી પાના વડે જુગાર રમી રહ્યા છે, તેવી બાતમીના આધારે પંચકોષી બી. ડિવિઝન પોલીસે દરોડો પાડી સાત સ્ત્રી પુરુષોને ઝડપી લીધા છે, અને રોકડ રકમ તેમજ જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

જામનગર નજીક નાઘેડી ગામમાં રહેતા કારાભાઈ અરશીભાઈ કારાવદરા નામના શખ્સના રહેણાક મકાનમાં બહારથી સ્ત્રી પુરુષો એકત્ર થઈને જુગાર રમવા માટે આવ્યા છેઝ તેવી બાતમી પરથી ગઈકાલે સાંજે પંચકોષી બી. ડિવિઝનના પી.આઈ. વી.જે. રાઠોડ અને તેમની ટીમે દરોડો પાડ્યો હતો. જે દરોડા દરમિયાન સાત સ્ત્રી પુરુષો જુગાર રમતાં મળી આવ્યા હતા.

આથી પોલીસે મકાન માલિક કારાભાઈ અરશીભાઈ કારાવદરા, વિક્રમસિંહ વીરાજી વાઢેર, કાનાભાઈ હાજાભાઈ ભાટિયા, તેમજ ગીતાબા નટુભા જાડેજા, ઉષાબેન કનુભાઈ ચૌહાણ, નંદુબેન કાનાભાઈ ભાટીયા અને અજાઈ બેન જગાભાઈ ડાંગર સહિત ૭ પત્તાપ્રેમીઓની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧૫,૭૪૦ ની રોકડ રકમ તેમજ જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

## શંકર ટેકરી વિસ્તારમાં સેફટી ટેન્કની સફાઈ દરમિયાન ગેસ ગળતરઃ ૪ શ્રમિકોને અસર

### એક સફાઈ કામદાર બેશુદ્ધઃ સફાઈ કામદાર યુનિયનના નેતાઓ દોડ્યા

**અબતક, જામનગર**

જામનગર નજીક ના દરેડ જીઆઈડીસીમાં એક કારખાનાની સેપ્ટિક ટેન્ક સફાઈ કરવા ગયેલા ચાર કામદારો માંથી એક ને ગેસ ગળતર ની અસર થતા નાસભાગ મચી જવા પામી હતી.આ કામદાર ને સારવાર માટે લઈ જવાયો છે, જ્યાં તેની હાલત નાજુક ગણાવાઈ રહી છે. જામનગરના સની રમેશભાઈ વાઘેલા, હસમુખ જગદીશભાઈ કબીરા, શૈલેષ રમેશભાઈ વાઘેલા અને કલ્પેશ વિજયભાઈ મકવાણા જે ચારેય ઉદ્યોગનગર માં એક કારખાના ની સેફ્ટી સફાઈ માટે ગયા હતા પરંતુ ગેસ ગળતાની અસર થતા તેમણે દેકારો બોલાવાયો હતો. સાફ સફાઈ કરતી વખતે અચાનક સેપ્ટિક ટેન્ક માંથી ગેસ નીકળતા જે વ્યક્તિ અંદર રહેલા જેને ગેસની જાણ થતા તત્કાલિક બીજાને કહેવાય લાગ્યા કે મને બહાર કાઢો આમાંથી ગેસ નીકળે છે માટે સની રમેશભાઈ વાઘેલા એ તેને બહાર કાઢતી વખતે તેઓને ગેસની અસર બહુ પ્રમાણમાં થતા ત્યાના આજુ બાજુના શ્રમિકોએ ૧૦૮ ને જાણ કરી તાત્કાલિક સરકારી જી જી હોસ્પિટલ ખાતે પહોંચાડેલ જેમ એક સની રમેશભાઈ વાઘેલાની હાલત ગંભીર ગણાવાય રહી છે.

આમ બનાવન જાણ થતા જ રાષ્ટ્રીય સફાઈ કર્મચારી મજદુર યુનીયનનાં ઉપાધ્યક્ષ અમિતભાઈ પરમાર અને જામનગર શહેર પ્રમુખ મહેશભાઈ બાબરીયાએ તાત્કાલિક નાં ધોરણે તમામ કાયેવાહી કરવા અને તે ઓના પરીવાર સાથે રહી ને કાયદેસરની કાર્યવાહી કરવા માટે હાજર રહ્યા હતા.

## અંધાશ્રમ વિસ્તારમાં પાડોશીઓ બાખડ્યાંઃ મહિલા પર હુમલો

### બે મહિલા સહિત ત્રણ શખ્સો સામે નોંધાતો ગુનો

**અબતક, જામનગર**

જામનગરમાં અંધ આશ્રમ નજીકના વિસ્તારમાં રહેતી પાડોશી મહિલાઓ વચ્ચે ડખો થયો હતો જૂની અદાલતના કારણે એક મહિલા પર તેના પાડોશમાં જ રહેતી બે મહિલા સહિત ત્રણ શખ્સોએ હુમલો કરી દેતાં નાકમાં ફ્રેક્ચર સહિતની ઈજા પહોંચાડ્યા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે.

આ ફરિયાદના બનાવની વિગત એવી છે કે જામનગર માં અંધ આશ્રમ નજીક રહેતી સગુફાબેન મુજમીલભાઈ શેખ નામની ૩૦ વર્ષની યુવતીએ પોતાના ઉપર પથ્થર અને ધોકા વડે હુમલો કરી ઘૂંટણમાં અને નાકમાં ફ્રેક્ચર સહિતની ઈજા પહોંચાડવા અંગે પાડોશમાં રહેતી રેશમાબેન ઉર્ફે મુમતાઝ હનીફભાઈ આલા, હનીફ ઈબ્રાહીમ આલા, અને સાનિયા હનીફ આલા વગેરે પતિ પત્ની અને પુત્રી સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી ના પુત્ર સમીર અને આરોપી તાન્યા સાથે અગાઉ તકરાર થઈ હતી, તેનું મનદુઃખ રાખીને આ હુમલો કરી ફ્રેક્ચર કરી નાખ્યાનું પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે. જેમાં ફરિયાદી મહિલા સગુફાબેનને ફ્રેક્ચર સહિતની ઈજા થઈ હોવાથી સારવાર આપવી પડી રહી છે. જે સમગ્ર મામલે સીટી સી. ડિવિઝન પોલીસ વધુ તપાસ ચલાવે છે.


## પરબધામના મહંત કરસનદાસ બાપુને હાર્ટ એટેક આવતા સિનર્જીમાં દાખલ

### બાપુની નાજુક તબિયતના સમાચાર વાયુવેગે પ્રસરતા પરબધામ સાથે જોડાયેલા અને કરસનદાસ બાપુમાં આસ્થા ધરાવતા ભક્તોમાં વ્યાપક ચિંતા

**અબતક, રાજકોટ**

પરબધામ આશ્રમના મુખ્ય મહંત સંત કરસનદાસ બાપુને હાર્ટ એટેક આવતા તેમને તાત્કાલિક રાજકોટ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. બાપુને રાજકોટની સીનર્જી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. આ સમાચાર મળતા જ દેશભરમાં ફેલાયેલા તેમના લાખો ભક્તોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ, સંત કરસનદાસ બાપુની તબિયત લથડતા તેમને હાર્ટ એટેક આવ્યો હતો.

તાત્કાલિક એકશન લઈને તેમને રાજકોટની સીનર્જી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હોસ્પિટલમાં ડોક્ટરોની ટીમ દ્વારા તેમની તબિયત સુધારવા માટે તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.બાપુની નાજુક તબિયતના



સમાચાર વાયુવેગે પ્રસરતા

પરબધામ સાથે જોડાયેલા અને કરસનદાસ બાપુમાં આસ્થા ધરાવતા ભક્તોમાં વ્યાપક ચિંતા જોવા મળી રહી છે.

જોકે, હાલમાં બાપુની સારવાર ચાલી રહી હોવાથી અને હોસ્પિટલમાં ભીડ ન થાય તે હેતુથી તેમના ભક્તોને હોસ્પિટલ ખાતે કોઈ ન આવે તેવી અપીલ કરવામાં આવી છે. ડોક્ટરો દ્વારા બાપુને સંપૂર્ણપણે સ્વસ્થ કરવા માટે શક્ય તમામ પ્રયાસો કરાઈ રહ્યા છે અને ભક્તો તેમના સ્વાસ્થ્ય સુધારણા માટે પ્રાર્થના કરી રહ્યા છે. પરબધામની સ્થાપના આશરે ૩૫૦ વર્ષ પૂર્વે સંત દેવીદાસે કરી હોવાનું મનાય છે. આ ઐતિહાસિક સ્થળનો ઉંડો આધ્યાત્મિક અને સામાજિક મહત્વ રહ્યો છે, જ્યાં સંતો અને ભક્તોએ માનવતાની સેવા અને આધ્યાત્મિક માર્ગદર્શનનું કાર્ય કર્યું છે.

(પહેલા પાનાનું ચાલું)

### આનંદો જીઆઈડીસી

ઉદ્યોગ દ્વારા સામનો કરવામાં આવતા લાંબા સમયથી ચાલી રહેલા પડકારો અંગે હિસ્સેદારો સાથે વ્યાપક પરામર્શ કર્યા પછી નીતિગત ફેરફાર પર વિચારણા કરવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્ય સરકારે જીઆઈડીસીના પડતર પ્રશ્નોના ઉકેલ માટે ઉદ્યોગ સંગઠનો પાસેથી સૂચનો માંગ્યા છે. ઉદ્યોગ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ‘‘જીઆઈડીસીના પ્લોટ ૧૫ વર્ષ બાદ જ વેચી શકાય છે. આ સમય મર્યાદા હટાવી દેવામાં આવશે. આ ફેરફારથી રાજ્યને વધતી જમીનની કિંમતો વચ્ચે મોંઘી નવી મિલકતો વિકસાવવાની જરૂર વગર, નિષ્ક્રિય ઔદ્યોગિક જગ્યાઓને પુનજીવિત કરી શકાય છે.'' ફક્ત ફ્રી-હોલ્ડ વ્યવહારોને મંજૂરી આપવા ઉપરાંત, જીઆઈડીસીના અધિકારીઓ વહીવટી પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા, મંજૂરીઓને સરળ બનાવવા, મંજૂરીઓ ઝડપી બનાવવા અને વધુ પારદર્શક કામગીરી બનાવવા માટે એક વ્યાપક સુધારા પેકેજ પણ વિકસાવી રહ્યા છે.

ઉદ્યોગ સંગઠનોએ આ સંભવિત સુધારાઓનું સ્વાગત કર્યું છે, અને નોંધ્યું છે કે તે ગુજરાતમાં વ્યવસાય કરવાની સરળતામાં નોંધપાત્ર સુધારો કરશે. આ ફેરફારો નવા રોકાણોને આકર્ષિત કરી શકે છે અને હાલના ઉદ્યોગોને વધુ કાર્યક્ષમ રીતે ચલાવવામાં મદદ કરી શકે છે. ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગોને જમીન વ્યવહારોમાં વધેલી સુગમતાનો લાભ મળશે.

આ સુધારા સરકારના ઔદ્યોગિક આધુનિકીકરણ અને આર્થિક વિકાસના વ્યાપક ઉદ્દેશ્યો સાથે પણ સુસંગત રહેશે. વ્યવસાયો માટે સરળ પ્રવેશ અને બહાર નીકળવાના વિકલ્પોની સુવિધા આપીને, રાજ્ય વધુ ગતિશીલ ઔદ્યોગિક ઈકોસિસ્ટમ બનાવવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. જોકે, આ સુધારાઓને અમલમાં મૂકવા માટે યોગ્ય નિયમન સુનિશ્ચિત કરવા અને દુરુપયોગ અટકાવવા માટે કાળજીપૂર્વક આયોજનની જરૂર પડશે. જીઆઈડીસી સત્તાવાળાઓ પાસેથી પ્લોટના વ્યવહારોની દેખરેખ રાખવા અને આ એસ્ટેટના ઔદ્યોગિક પાત્રને જાળવવા માટે સ્પષ્ટ માર્ગદર્શિકા અને દેખરેખ પદ્ધતિઓ સ્થાપિત કરવાની અપેક્ષા રાખવામાં આવે છે.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કમિટીના ચેરમેન અજિત શાહે જણાવ્યું હતું કે, ‘‘ફ્રીહોલ્ડ માલિકી ઉદ્યોગોને મોટી મદદ કરે છે કારણ કે તેમને વિવિધ પરવાનગીઓ માટે જીઆઈડીસીનો સંપર્ક કરવાની જરૂર નથી અને તેઓ બેંક મોર્ટગેજ દ્વારા સરળતાથી લોન મેળવી શકે છે. તેઓ અન્ય કોઈપણ મિલકતની જેમ પ્લોટ કોઈપણને વેચી શકે છે. યોજનામાં ફેરફાર માટે, તેમને જીઆઈડીસી ને બદલે ફક્ત સ્થાનિક સંસ્થા પાસેથી પરવાનગી લેવાની જરૂર છે. એકમોને ઈમ્પેક્ટ ફી કાયદાનો પણ લાભ મળી શકે છે. જો કે, આ વ્યવસ્થામાં ઉપયોગમાં ફેરફારની મંજૂરી નથી.''

### પાક....

રીતે યુદ્ધની સ્થિતિ સર્જાઈ ચૂકી છે. પાકિસ્તાનના દાણા-પાણી બંધ કર્યા બાદ હવે નાણાકીય ભંડોળ અંગે સમીક્ષા કરવા માટે ભારત આંતરરાષ્ટ્રીય એજન્સીઓને તાકીદ કરશે. ભારતે પાકિસ્તાન પર આતંકવાદીઓને સમર્થન આપવાનો આરોપ લગાવતા વૈશ્વિક સ્તરે તેની સામે આક્રમક વલણ અપનાવવાનું નક્કી કર્યું છે. નવી દિલ્હી આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (આઈએમએસ) સહિતની બહુપક્ષીય એજન્સીઓને પાકિસ્તાનને આપવામાં આવતા ભંડોળ અને લોન પર ફરીથી વિચાર કરવા માટે કહેશે. આ સાથે જ, ભારત વૈશ્વિક એન્ટી મની-લોન્ડરિંગ સંસ્થા, ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સને પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં મૂકવા માટે પણ વિનંતી કરશે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત તાજેતરના મહિનાઓમાં પાકિસ્તાનને નાદારીથી બચાવવા માટે આઈએમએફ દ્વારા આપવામાં આવેલી લોનની સમીક્ષા કરવાની માંગ કરશે. આ ઉપરાંત, વિશ્વ બેંક અને એશિયન વિકાસ બેંક જેવી અન્ય સંસ્થાઓ જે પાકિસ્તાનમાં વિવિધ પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડી રહી છે, તેમની સાથે પણ ભારત સંપર્કમાં છે. પાકિસ્તાનને ભંડોળ મેળવવામાં મુશ્કેલીઓ પડવાથી તેની નાજુક અર્થવ્યવસ્થાને મોટો ફટકો લાગી શકે છે. પાકિસ્તાને ગયા વર્ષે આઈએમએસ પાસેથી ૭ બિલિયનનો બેલઆઉટ કાર્યક્રમ મેળવ્યો હતો અને માર્ચ મહિનામાં તેને ૧.૩ બિલિયનની નવી ક્લાઈમેટ રેઝિલિયન્સ લોન પણ મળી હતી. આઈએમએસનું એક્ઝિક્યુટિવ બોર્ડ ૯ મેના રોજ વિસ્તૃત ભંડોળ સુવિધાની પ્રથમ સમીક્ષા માટે પાકિસ્તાની અધિકારીઓને મળવાનું છે અને સ્થિતિસ્થાપકતા અને ટકાઉપણું સુવિધા હેઠળ ભંડોળ માટે વિનંતી કરવાનું છે.

૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં એડીબીએ પાકિસ્તાનને ૭૬૪ લોન, અનુદાન અને તકનીકી સહાયના પ્રોજેક્ટ્સ દ્વારા કુલ ૪૩.૪ બિલિયન આપવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. હાલમાં, એડીબીના સાર્વભૌમ પોર્ટફોલિયોમાં ૫૩ લોન અને ત્રણ અનુદાનનો સમાવેશ થાય છે, જેની કુલ કિંમત ૯.૧૩ બિલિયન છે. આમાં ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં ગ્રામીણ રસ્તાઓના વિકાસ માટેની ૩૨૦ મિલિયનની લોન પણ સામેલ છે.

ઉલ્લેખનીય છે કે જાન્યુઆરી ૨૦૨૫માં વિશ્વ બેંકે પણ રોકડની તંગીનો સામનો કરી રહેલા પાકિસ્તાનને તેના પડકારોનો સામનો કરવા માટે ૨૦ બિલિયનનું ધિરાણ પેકેજ મંજૂર કર્યું હતું. હવે જોવાનું એ રહે છે કે ભારતના આંતરરાષ્ટ્રીય સ્તરે દબાણ લાવવાના પ્રયાસો પાકિસ્તાન માટે કેટલા અસરકારક સાબિત થાય છે.

### ગોવા...

ઘટનાની જાણ થતાં જ, મુખ્યમંત્રી ડો. પ્રમોદ સાવંતે પરિસ્થિતિનો તાગ મેળવવા માટે ઉત્તર ગોવા જિલ્લા હોસ્પિટલ અને બિચોલિમ હોસ્પિટલની મુલાકાત લીધી. મુખ્યમંત્રી ઘાયલોને મળ્યા અને તેમની સારવાર અંગે પૂછપરછ કરી અને અધિકારીઓને તમામ જરૂરી તબીબી સુવિધાઓ પૂરી પાડવા નિર્દેશ આપ્યો. શુક્રવારે શરૂ થયેલી શ્રી દેવી લૈરાઈ યાત્રા દરમિયાન આ નાસભાગ મચી ગઈ હતી. જેમાં હજારો ભક્તોએ ભાગ લીધો હતો. યાત્રા માટે લગભગ ૧,૦૦૦ પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. વહીવટીતંત્ર સંપૂર્ણપણે સતર્ક હતું. ભીડની ગતિવિધિઓનું હવાઈ નિરીક્ષણ કરવા માટે ડ્રોન પણ તૈનાત કરવામાં આવ્યા હતા. આ પહેલા શુક્રવારે મુખ્યમંત્રી સાવંત, તેમના પત્ની સુલક્ષણા, રાજ્યસભાના સાંસદ સદાનંદ શેટ તનાવડે અને ધારાસભ્યો પ્રેમેન્દ્ર શેટ અને કાર્લોસ ફરેરાએ સ્થળની મુલાકાત લીધી હતી.

(છેલ્લા પાનાનું ચાલુ)

### કમોસમી વરસાદ...

વેરાવળનું તાપમાન ૩૩.૬ ડિગ્રી દિવનું તાપમાન ૩૪.૫ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૪૨.૪ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૮.૬ ડિગ્રી, કેશોદનું તાપમાન ૪૦.૧ ડિગ્રી, કચ્છના ભૂજનું તાપમાન ૪૦ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૬.૪ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૬.૭ ડિગ્રી, કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૪૧.૮ ડિગ્રી, દક્ષિણ ગુજરાતનું તાપમાન ૪૨.૨ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૭.૨ ડિગ્રી, દમણનું તાપમાન ૩૫ ડિગ્રી, ઉત્તર ગુજરાતમાં અમદાવાદનું તાપમાન ૪૩.૪ ડિગ્રી, ડિસાનું તાપમાન ૪૦.૨ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૩.૫ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૪૨.૯ ડિગ્રી નોંધાયું હતુ. આજથી ગરમીનું જોર ઘટશે કમોસમી વરસાદ સાથે ૩૦ થી ૩૫ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફંકાવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે.

### ધોલેરા સ્માર્ટ સિટી...

સેમિકોન સિટીમાં સ્થાપવામાં આવ્યો છે. તે પ્લાન્ટ પ્રગતિ અને નિર્માણની સ્થિતીની સમીક્ષા પણ મુખ્યમંત્રીએ ટાટાના અધિકારીઓ સાથેની બેઠકમાં કરી હતી અને પ્લાન્ટની મુલાકાત પણ લીધી હતી.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધોલેરા સેમિકોન સિટીમાં નિર્માણાધિન હોસ્પિટલ, સ્કુલ, ફાયર સ્ટેશન, રેસીડેન્સિયલ કોમ્પ્લેક્સ, ટેન્ટ સિટી અને ફૂડ કોર્ટ સહિતના સ્થળોની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી.

તેમણે ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટની પણ સ્થળ મુલાકાત લઈને રૂપિયા ૧૩૫૦ કરોડના અંદાજિત ખર્ચ સાથે નિર્માણ થઈ રહેલા કાર્ગો બિલ્ડીંગ, ટર્મિનલ બિલ્ડીંગ અને રન-વે નિર્માણની કામગીરીની સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ધોલેરાની આ સમગ્ર સ્થળ મુલાકાત અને સાઈટ વિઝીટમાં મુખ્ય સચિવ પંકજ જોષી, મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડો. હસમુખ અઢિયા, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ, સલાહકાર એસ.એસ રાઠૌર તેમજ ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ મમતા વર્મા, વિજ્ઞાન અને પ્રદ્યોગિક વિભાગના અગ્ર સચિવ મોના ખંધાર, મુખ્યમંત્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, અમદાવાદ કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ૧૦ વર્ષની બાળકી...

બર્બરતાપૂર્ણ અને ક્રુરતાની તમામ હદો વટાવી દુષ્કર્મ આચર્યુ હતુ. આ કેસમાં ૭૨ દિવસની કાયદાકીય પ્રક્રિયાના અંતે કોર્ટે નરાધમ દોષીત વિજય પાસવાનને ફાંસીની સજા ફટકારી પરિવાર સાથે ખરો ન્યાય કર્યો છે. ઘટનામાં બાળકી ૮ દિવસ સુધી સારવાર હેઠળ રહી અને જિંદગી સામે ઝઝુમી હતી પરંતુ અંતે તેનું મૃત્યુ થયું હતું.


કમનસીબે આ ઝઘડિયાના આ ચકચારી રેપ કેસનું ટાઈમિંગ પણ દિલ્હીની નિર્ભયા કેસ સાથે મેળ ખાતુ હતુ. દિલ્હીની નિર્ભયા સાથે પણ ૧૬ ડિસેમ્બર ૨૦૧૨માં દુષ્કૃત્ય થયુ હતુ. જ્યારે ભરૂચના ઝઘડિયાની આ માસૂમ સાથે પણ ૧૬ ડિસેમ્બરે જ પાશવી કૃત્ય આચરવામાં આવ્યુ હતુ. ૧૬ ડિસેમ્બરથી ૨૩ ડિસેમ્બર સુધી બાળકી તેની પીડા સામે ઝઝુમતી રહી. બંને કેસમાં દુષ્કર્મની પેટર્ન પણ સરખી રહી હતી. ભરૂચની નિર્ભયા સાથે પણ નરાધમે એ જ પ્રકારની બર્બરતા આચરી હતી. બાળકીના યોનિ માર્ગમાં મેટલનો સળિયો ઘુસાડી તેને ભયંકર ઈજા પહોંચાડવામાં આવી હતી.

ઘટનાથી બાળકી એટલી હદે ડરી ગઈ હતી અને તેના મન મસ્તિષ્ક પર એટલી ખરાબ અસર થઈ હતી કે તેનામાંથી કોઈ ચિત્કાર પણ નીકળતો ન હતો. એસએસજી હોસ્પિટલના ડોક્ટરની ટીમ સતત બાળકીની દેખરેખ રાખી રહી હતી અને સારવાર કરી હતી. ૨ દિવસમાં બાળકીને ૩ યુનિટ બ્લડ પણ ચડાવવામાં આવ્યુ હતુ. પરંતુ સ્થિતિ એટલી ક્રિટીકલ બની ગઈ હતી કે બાળકી કોઈ રિસ્પોન્સ આપી રહી ન હતી. ઓપરેશન બાદ અને અન્ય સારવાર બાદ પણ બાળકીના શરીરમાં ઈન્ફેક્શન યથાવત રહ્યુ હતુ. એસએસજીના ૧૦ થી વધુ ડોક્ટરની ટીમ બાળકીની સારવારમાં લાગેલી હતી પરંતુ સ્થિતિ અત્યંત નાજુક બનેલી હતી અને તેના બ્લડ પ્રેશરમાં પણ સતત ઉતારચડાવ આવતો હતો. અંતે બાળકીએ જિંદગી સામે જાણે હાર માની લીધી અને હોસ્પિટલના બિસ્તર પર જ છેલ્લા શ્વાસ લીધા હતા. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ કેસમાં ઝડપી અને સચોટ ન્યાય અપાવવામાં યોગદાન આપનાર ન્યાયતંત્રનો આભાર વ્યક્ત કરી આ કેસમાં મજબૂત પુરાવાઓ એકત્ર કરી કડક સજા અપાવવા માટે ઉત્કૃષ્ઠ તપાસ કરનાર તમામ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા છે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

### રાજકોટ રેલવેના રિઝર્વેશન સુપરવાઈઝર નંદકિશોર ભટ્ટનું અવસાનઃ સોમવારે ઉઠમણું



**રાજકોટ :** ગુજરાતી શ્રીગૌડ માળવી બ્રાહ્મણ સ્વ. રતિલાલ લક્ષ્મીશંકર ભટ્ટના પુત્ર નંદકિશોરભાઈ (નીતિનભાઈ ઉંમર વર્ષ ૫૯ રેલ્વે રિઝર્વેશન સુપરવાઈઝર) તે અશોકભાઈ, દેવેન્દ્રભાઈ, સ્વ. પ્રફુલભાઈ, રાજેન્દ્રભાઈ, સ્વ. હંસાબેન હસમુખરાય જોષી, જયશ્રીબેન મનહરલાલ જોષી, કિરણબેન હરિપ્રસાદ ભટ્ટ, દિવ્યાબેન હરેશકુમાર જોષીના લઘુબંધુ તે તન્મયભાઈ, મૈત્રીબેન મિહિરભાઈ વ્યાસના પિતાશ્રી તે સ્વ. દુર્ગેશભાઈ ભોળાશંકર ભટ્ટના જમાઈનું તા. ૨/૫ને શુક્રવારે અવસાન થયું છે. સદગતનું ઉઠમણું અને બેસણું બંને પક્ષનું તારીખ ૫/ ૫ને સોમવારે સાંજે ૪:૩૦ થી ૬.૩૦ ભગવતી હોલ, રેલનગર બસ સ્ટેન્ડ પાસે, રેલનગર મેઈન રોડ, રાજકોટ ખાતે રાખ્યું છે.



**ભાવનગરઃ** દાઉદી વ્હોરા અલીઅસગરભાઈ ઉર્ફે મુન્નાભાઈ (ઉ.વ.૫૩) કાચવાળા તેં શરફઅલી હકીમજી લાખણકા વાળાના સુપુત્ર શબ્બીરભાઈ, નફીસાબેનના ભાઈ સકીનાબેનના પતિ ફાતેમાબેન મુર્તઝાભાઈ સાદીકોટ (પોરબંદર) ના પિતા ફિદાહુશેન ચંગીના જમાઈનું તા.૨ને શુક્રવારના રોજ ભાવનગર મુકામે વફાત પામેલ છે મર્હુમનું જીયારત તેમનાં નિવાસસ્થાન નારિયેળવાળી વખાર દીવાનપરા રોડ જીયારત રાત્રિના ૮ કલાકે મોહંમદી બાગ ભાવનગર ખાતે રાખવામાં આવેલ છે ટેલિફોનીક શોક સંદેશો મો.૯૯૦૯૪૪૨૬૬૩ ઉપર વ્યકત કરવો.

**રાજકોટઃ** શશીકાન્તભાઈ જગજીવનભાઈ ભુપ્તા (ઉ.વ.૭૫) તે શોભનાબેનના પતિ, હિરેનભાઈ, જીજ્ઞેશભાઈ, દક્ષાબેન જીજ્ઞેશકુમાર કક્કડ, દીપાબેન કમલકુમાર સોમૈયાના પિતા, સ્વ. જમનાદાસ દામજીભાઈ શિંગાળાના જમાઈનું તા. ૨ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૩ ના સાંજે ૫ થી ૬ દરમિયાન રાજકોટના નિવાસ સ્થાને રાખેલ છે. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**રાજકોટઃ** કાનાબાર કિશોરભાઈ વલ્લભજીભાઈ (ઉ.વ.૭૫) તે રમેશભાઈ, સ્વ. હીરાબેન, અનિલાબેન, અરવિંદકુમાર પોપટના મોટાભાઈ, ચંદનબેન પરેશકુમાર ચોલેરાના પિતા, સ્વ. સૂર્યાબેનના પતિ, તુષારભાઈ, અમિતભાઈ, ભાવિનભાઈના ભાઈજી, સ્વ. જેઠાલાલ હેમરાજભાઈ ઉનડકટના જમાઈનું અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા - પિયર પક્ષની સાદડી તા. ૩ ને શનિવારે સાંજે ૫ થી ૬.૩૦ દરમિયાન વાંકાનેર સોસાયટી કોમ્યુનિટી હોલ, વાંકાનેર સોસાયટી મેઈન રોડ, કોપર સીટી સામે, જામનગર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

## ગુજરાત સ્થાપના દિવસ નિમિતે
# બોટાદ: મોટી વાવડીમાં 'ઝવેરચંદ મેઘાણી સાર્વજનિક પુસ્તકાલય' ખુલ્લુ મુકાયું

**અબતક, રાજકોટ**

ગુજરાતના સ્થાપના દિવસે બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના મોટી વાવડી ગામ સ્થિત મોટી વાવડી પ્રાથમિક શાળા ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સાર્વજનિક પુસ્તકાલયની સ્થાપના થઈ. લોકલાગણીને માન આપીને આ શાળાનું નામકરણ પણ ઝવેરચંદ મેઘાણીની પુણ્યસ્મૃતિમાં કરવામાં આવશે. ઝવેરચંદ મેઘાણીની કર્મ-નિર્વાણભૂમિ બોટાદ જિલ્લો હોવાથી આનું સવિશેષ મહત્ત્વ છે.



નવી પેઢી આપણી ગૌરવવંતી સંસ્કૃતિ-સાહિત્યની મહામૂલી વિરાસતથી પરિચિત-પ્રેરિત થાય તેમજ રાષ્ટ્ર-ભાવના અને જીવન-મૂલ્યોનું સંસ્કાર-સિંચન થાય તે આશયથી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણીની પ્રેરણા-પરિકલ્પનાથી આ વિશિષ્ટ પુસ્તકાલયની સ્થાપના થઈ છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ.નો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે.

ધંધુકા ધારાસભ્ય કાળુભાઈ ડાભી, બોટાદ જિલ્લા વિકાસ અધિકારી અક્ષય બુડાનીયા (આઈએએસ), જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો. ભરતભાઈ વઢેર, રાણપુર મામલતદાર કે. બી. ગોહિલ અને તાલુકા વિકાસ અધિકારી ચેતનભાઈ દવે, રાણપુર એપીએમસી ચેરમેન કિશોરભાઈ ધાધલ અને પૂર્વ ચેરમેન નરેન્દ્રભાઈ દવે, મોટી વાવડી ગ્રામ પંચાયત પૂર્વ સરપંચ જયરાજભાઈ ધાધલ, વલકુભાઈ ધાધલ અને તલાટી રવિરાજસિંહ રાઠોડ, ગજુભા રહેવરની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકવાદીઓ દ્વારા નિર્દયી હત્યાકાંડમાં પોતાનો જીવ ગુમાવનાર ભારતવાસીઓને શ્રદ્ધાસુમન પણ અર્પણ કરવામાં આવ્યાં હતાં.

ગુજરાતી ભાષા-સાહિત્યના કવિતા, નવલકથા, નવલિકા, નાટક, જીવન-ચરિત્ર, ઈતિહાસ, પ્રવાસ-વર્ણન, ચિંતન, લોકસાહિત્ય જેવાં વિવિધસભર વિષયોનાં ૧૦૦૦ જેટલાં પ્રેરણાદાયી પુસ્તકોનું પિનાકી મેઘાણી દ્વારા સુયોગ્ય ચયન કરીને અહીં મૂકાયાં છે. .

# ધ્રાંગધ્રા: રાજપરા ગામે કુવામાંથી એક સાથે ત્રણ સાપનું રેસ્ક્યૂ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા તાલુકાના રાજપર ગામે મહેશભાઈ સરેવાડીયા ની વાડીમાં કુવાની અંદર ૧૨૦ ફૂટ ઊંડા કૂવામાં ત્રણ સાપનું જોતા વાડી માલિકે રેસ્કયુ જયેશ કુમાર ઝાલા ને જાણ કરતા જયેશ કુમાર ઝાલા સહિત તેમની ટીમ વાડી ખાતે પોંહચી ત્રણ સાપનું કૂવામાંથી સુરક્ષિત રેસ્કયુ કરી જંગલ વિસ્તારમાં છોડી મુકવામાં આવ્યો હતો.



છેલ્લા એક અઠવાડિયામા સર્પ રેસ્કયુ સાથે સર્પ દંશ ના પણ કેશો સામે આવેલ હોય તેવું જાણવા મળ્યું હતું ધ્રાંગધ્રા શહેરમા સામાજીક કાર્યકર , રેસ્કયુર , જીવદયાપ્રેમી તથા પત્રકારિત્વ સાથે સંકળાયેલા જયેશ કુમાર ઝાલા દ્વારા ૧૦ વર્ષ થી નિ શુલ્ક સર્પ રેસ્કયુ કરી જીવદયા નું ઉમદા કાર્ય કરે છે ધાંગધ્રા તાલુકાના રાજપર ગામે મહેશભાઈ સરેવાડીયા ની વાડીમાં કુવાની અંદર ૧૨૦ ફૂટ ઊંડા કૂવામાં ત્રણ સાપનું જોતા વાડી માલિકે રેસ્કયુ જયેશ કુમાર ઝાલા ને જાણ કરતા જયેશ કુમાર ઝાલા, હેમંતકુમાર દવે, ઓમ ઝાલા, પુષ્પરાજ ઝાલા સહિત તેમની ટીમ વાડી ખાતે પોંહચી ત્રણ સાપનું કૂવામાંથી સુરક્ષિત રેસ્કયુ કરી જંગલ વિસ્તારમાં છોડી મુકવામાં આવ્યો હતો.

# સુરેન્દ્રનગર જિલ્લામાં કપાસની ખેતી અંગે ખેડુતોને અપાયું માર્ગદર્શન

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લો કપાસના ઉત્પાદનમાં મોખરે છે ત્યારે નાના પાયે કપાસની ખેતી કરતા ખેડૂતોની આર્થિક સુરક્ષામાં સુધારો કરવાના હેતુથી શહેરના બસ સ્ટેન્ડ રોડ પર આવેલ એક હોટલ ખાતે આત્મા પ્રોજેક્ટ અને ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે કપાસની ટકાઉ ખેતી સંદર્ભે જિલ્લા સ્તરીય સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ખેડૂતોમાં ટકાઉ કપાસની ખેતી પ્રત્યે રસ જાગે તે માટે પ્રાકૃતિક કૃષિ અંગે ભવાઈ રજુ કરી ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના નિવૃત કૃષિ



વૈજ્ઞાનિક, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર કાંધાસરના કૃષિ વૈજ્ઞાનિક અને ખેડૂતો વચ્ચે પેનલ ડિસ્કશન કરવામાં આવ્યું હતું. આ તકે આત્મા પ્રોજેક્ટના ડાયરેક્ટર સહિતના મહાનુભાવો દ્વારા ખેડુતોને પ્રાકૃતિક કૃષી વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને રાસાયણીક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી અપનાવવા આહવાન કરવામાં આવ્યું હતું આ ઉપરાંત આવક વધારવાની દિશામાં આગળ વધી ટકાઉ ખેતી પધ્ધતીઓ અપનાવી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરી અને ઝેરી દવાઓ અને ખાતરનો ઉપયોગ ઘટાડવા અંગેના શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા. આ તકે સબંધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ લખતર, લીંબડી અને વિરમગામ તાલુકાના જુદાજુદા ગામનાં ખેડૂતો, પ્રગતિશીલ ખેડૂતો, એન.જી.ઓ., એફ.પી.ઓ.ના હોદેદારો જોડાયા હતા.

# અમરેલી: પી.પી. સોજીત્રા ફાઉન્ડેશનની રાહતદરે ચોપડા વિતરણની કામગીરીને બિરદાવતા સાંસદ ભરત સુતરીયા

### નહી નફો નહી નુકશાનના ધોરણે ચોપડાનું વિતરણ: જરૂરીયાતમંદ પરીવારોના બાળકો માટે સરાહનીય પ્રયાસ

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી નાગરિક સહકારી બેંક લી. તથા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ડાયરેક્ટર પી. પી. સોજીત્રા કે જેઓ સમાજ ઉપયોગી કાર્યો માટે સદા અગ્રેસર રહેલ છે. જેમણે અમરેલી જિલ્લાના નબળા અને જરૂરીયાત મંદ બ્રિલીયન્ટ વિદ્યાર્થીઓ કે જેઓની આર્થિક પરિસ્થિતી નબળી હોવાને કારણે આગળ વધી શકતા ન હોય તેવા વિદ્યાર્થીઓને મદદરૂપ થવા માટે પી.પી.સોજીત્રા દ્વારા પી. પી. સોજીત્રા ફાઉન્ડેશનની રચના કરેલ છે. આ અંતર્ગત ''ગુજરાત સ્થાપના દિવસે'', અમરેલી નાગરિક સહકારી બેંક લી., કેરીયા રોડ, અમરેલી ખાતે વિદ્યાર્થીઓને ૧,૦૦,૦૦૦ નંગ ઉત્કર્ષ



ક્વોલીટીના પુસ્તકો વ્યાજબી દરે મળી રહે તે હેતુથી રાહતદરે ચોપડા વિતરણનું શુભઆરંભ કરવામાં આવેલ હતુ. આ સરાહનીય કામગીરીની અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, અમરેલી વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા દ્વારા શુભેચ્છા મુલાકાત પી.પી.સોજીત્રાને અભિનંદન પાઠવેલ હતા. આ તકે પી. પી. સોજીત્રાએ અનુરોધ કરેલ છે કે આવા સારા ગુણવતાસભર ચોપડાઓ આવી મોંઘવારીમાં ખરીદતા પહેલા સામાન્ય વર્ગનો માણસ વિચાર કરે છે ત્યારે આવી ઉચ્ચ ગુણવતાવાળા ચોપડાઓ પી.પી. ફાઉન્ડેશન દ્વારા નહી નફો- નહી નુકશાનના ધોરણે વિતરીત કરી નાનામાં નાના માણસ ખરીદી કરી શકે તેવા વ્યાજબી દરે વેચાણ કરી રહ્યા છીએ.

# ધ્રાંગધ્રા: વાઘેશ્વરી માતાજીના પાટોત્સવમાં આરતીનો લ્હાવો લેતા પૂર્વ કેબીનેટ મંત્રી આઈ.કે.જાડેજા

### સોની સમાજ આયોજીત વાઘેશ્વરી માતાજી મંદિરે પાઠ મહોત્સવ અને નવચંડી યજ્ઞનો બહોળી સંખ્યામાં ભકતોએ લ્હાવો લીધો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા શહેરના ખારીશેરી વિસ્તારમાં સોની સમાજના વાઘેશ્વરી માતાજીના મંદિરે પાઠ મહોત્સવ અને નવચંડી યજ્ઞ આયોજન સમસ્ત ધાંગધ્રા સોની સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં પૂર્વ કેબિનેટ મંત્રી આઈ કે જાડેજા સહીત બહોળી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.



પથ્થરની ધરા ધ્રાંગધ્રા અનેક ઐતિહાસિક વારસા ધરાવતું શહેર છે. અહીં નાં રાજવીઓ ની વિરાસત રૂપી ઈમારતો, વાવો અને મંદિરો આજે ય જાજરમાન રીતે ધ્રાંગધ્રાની પૌરાણિક ભવ્યતાની ઝાંખી કરાવી જાય છે ધાંગધ્રા શહેરમાં ખાલી શેરી વિસ્તારમાં સોની સમાજના વાઘેશ્વરી માતાજીના મંદિરે વર્ષોથી ભાવિ ભક્તો તાવા, પ્રસાદ થી લઈને અનેક માનતાઓ અહીં કરતા આવ્યા છે. દર વર્ષે અહીં પાટોત્સવ ઉજવવામાં આવે છે જેમાં ધ્રાંગધ્રા શહેરના સોની સમાજ દ્વારા વાઘેશ્વરી માતાજીના મંદિરે પાઠ મહોત્સવ અને નવચંડી યજ્ઞ આયોજન સમસ્ત ધાંગધ્રા સોની સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં પૂર્વ કેબિનેટ મંત્રી આઈ કે જાડેજા, સોની સમાજના અગ્રણી નીતિનભાઈ સોની, કિરીટભાઈ સોની,સહીત બહોળી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# સુરેન્દ્રનગર: દુધરેજ કેનાલ પાસે ગેરકાયદે ધમધમતી હોટેલ પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું

### નર્મદા વિભાગની જગ્યા પર કાર્યરત હોટેલ પર પોલીસ, મામલતદાર, મનપા સહિત સંયુકત ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાં ગેરકાયદેસર અને પાકા દબાણો પર તંત્રનું બુલડોઝર ફેરવાઈ રહ્યું છે અને પાકા દબાણો દુર કરવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે ત્યારે સ્થાનીક તંત્રના અલગ-અલગ વિભાગોની ટીમ દ્વારા દુધરેજ નર્મદા કેનાલ પર બનાવેલ ગેરકાયદેસર હોટલ તોડી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.



આ અંગે મળતી માહિતી મુજબ શહેરના દુધરેજ પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલ પર છેલ્લા ચાર-પાંચ વર્ષ કરતા પણ વધુ સમયથી ગેરકાયદેસર હોટલ બનાવવામાં આવી હતી જે અંગે તંત્ર દ્વારા દબાણ તેમજ બાંધકામ કરનાર હોટલના માલીક સહિત સંચાલકને નોટીસ પણ પાઠવવામાં આવી હતી છતાં પણ ગેરકાયદેસર દબાણ દુર કરવામાં ન આવતા અંતે સ્થાનીક પોલીસ ટીમ, સીટી મામલતદાર સહિતની ટીમ અને મનપા તંત્ર તેમજ નર્મદા વિભાગના અધિકારીઓની હાજરીમાં જેસીબી વડે ગેરકાયદેસર હોટલ તોડી પાડવામાં આવી હતી. તેમજ દબાણ હટાવવાની કામગીરી દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો તેમજ પ્રાથમિક તપાસમાં અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ શખ્સ દ્વારા ગેરકાયદેસર હોટલ બનાવવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

# ઉપલેટા તાલુકામાં લાઠ ગામને ત્રીજી આંખ આપનાર સરપંચ પૃથ્વીરાજસિંહ ચુડાસમાનો આજે જન્મદિવસ

જન હૃદયમાં અમીટ છાપ ધરાવતા ઉપલેટા તાલુકાના લાઠ ગ્રામ પંચાયતના સરપંચ પૃથ્વીરાજ સિંહ ચુડાસમા આજે સફળ જીવનના ૪૦ વર્ષ પૂર્ણ કરી ૪૧માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યાં છે. નાનપણથી જ ભાજપના ભગવારંગે રંગાયેલા પૃથ્વીરાજ સિંહ યુવા ભાજપમાં સારી એવી કામગીરી કરતા પાર્ટી એ તેની નોંધ લઈ તાલુકા ભાજપમાં મહામંત્રી જેવી મહત્વની જવાબદારી શોપેલ હતી પાર્ટી પ્રત્યેની નિષ્ઠાને ધ્યાને લઈ અગાઉ તેમના ધર્મપત્ની ને લાઠ ગામના સરપંચ બનાવેલા હતા હાલ પૃથ્વીરાજસિંહ લાઠ ગામના સરપંચની જવાબદારી સાથે સાથે તેઓ સેવાકીય, સામાજીક, ધાર્મિક, પ્રવૃતિઓમાં હરહંમેશ મોખરે રહે છે. તેમ જ પંચાયત ભવન આંગણવાડી સહિતના વિકાસ કામો કરી આખા ગામમાં સીસી ટીવી કેમેરા લગાવી ગામને સુરક્ષિત કરેલ છે.



છેલ્લા ૧૦ વર્ષમાં ઉપલેટા તાલુકામાં સારી એવી લોકચાહના મેળવી દરેક સમાજના લોકોના હૈયામાં તેમણે સ્થાન મેળવ્યું છે. આજે તેમના જન્મદિવસ નિમિત્તે તેમને તેમના મો. નં. ૯૭૨૪૧ ૨૨૧૨૨ ઉપર સગાં-સંબંધી, મિત્રો, વેપારી, ક્ષત્રીય સમાજ અને રાજકીય આગેવાનો દ્વારા જન્મદિનની શુભેચ્છાઓ વર્ષી રહી છે.

# તળાવ ઉંડા કરાવી જળસંગ્રહ ક્ષમતા વધશે તેમજ ૫૦૦ વિઘા જમીનને ફાયદો થશે: મંત્રી બાવળીયા

### કમળાપુર ગામે તળાવ ઉંડા કરવાની કામગીરીનો પ્રારંભ

**અબતક, કાળુ રાઠોડ, જસદણ**

રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠામંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જસદણ તાલુકાના કમળાપુર ગામમાં તળાવને ઊંડા કરવાના કાર્યનો પ્રારંભ કરાવ્યો હતો.

કમળાપુરમાં અમૃત સરોવરમાં સમાવિષ્ટ કાળવાનું તળાવ સિંચાઈ વિભાગ દ્વારા મિકેનિકલ મશીનરીથી ઊંડું કરવામાં આવશે. જેના કારણે તળાવની જળસંગ્રહ ક્ષમતામાં વધારો થશે. આ સાથે આસપાસની આશરે ૫૦૦ વીઘા ખેતજમીનને ફાયદો થશે. ઉપરાંત, ભૂગર્ભ જળના તળ પણ સુધરશે. આ સાથે તળાવના પાળાનું મજબૂતીકરણ પણ કરવામાં આવશે.



આ તકે મંત્રી કુંવરજીભાઈએ આસપાસના ગામ લોકો સાથે સંવાદ કરીને લોકોના પ્રશ્નો જાણ્યા હતા. સ્થાનિક લોકોની રજૂઆતને પગલે, મંત્રીએ પોરાણીયા તળાવ પર નાળુ બનાવવા સંબંધિત અધિકારીને સ્થળ પર જ સૂચના આપી હતી. ઉપરાંત આસપાસના અન્ય ગામના તળાવોને ઊંડા કરવાની ખાતરી આપી હતી.

આ તકે જસદણ મામલતદાર આઈ.જી. ઝાલા, વિંછીયા તાલુકા વિકાસ અધિકારી પાર્થરાજસિંહ પરમાર, નાયબ કાર્યપાલક ઈજનેર અંકિત ગોહિલ, સિંચાઈ વિભાગના અન્ય અધિકારીઓ, આસપાસના ગામના અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જસદણ શહેર બે દિવસ તરસ્યુ રહેશે કનેકશનની કામગીરીને લઈને પાણી કાપ

### પાણી પુરવઠા સમિતિના ચેરમેન જલ્પાબેન કુબાવતે કરી જાહેરાત



**અબતક,હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણ નગરપાલિકાના પાણી પુરવઠા સમિતિના ચેરમેન જલ્પાબેન દુર્ગેશભાઈ કુબાવતએ આજે જાહેરાત કરી હતી કે આગામી તા.૫ અને ૬ સોમ અને મંગળવારના રોજ એમ બે દિવસ જે નાગરિકોને ગઢડીયારોડ સંપ પરથી એકાંતરા પાણી મળી રહ્યું છે તે વિસ્તારોમાં બે દિવસ પાણી મળશે નહી તેઓએ જણાવ્યું હતું કે હાલ એકાંતરા પાણી લોકોને મળી રહ્યું છે ત્યારે આગામી જલશે નલ યોજના અંતર્ગત જે નવી લાઈનોને કનેકશન આપવાના કારણે બે દિવસ પાણી કાપ રહેશે ત્યારબાદ પાણી વિતરણ રાબેતા મુજબ ચાલુ થઈ જશે અત્રે નોંધનીય છે કે જસદણ નગરપાલિકામાં વિવિધ સમિતિઓ રચાતા સભ્યો કાર્યરત થતાં લોકોને રાહત પહોંચી છે.

# ધારી: ગીગાસણમાં 'આપ'ના રાહુલ હરખાણીએ ઉપવાસ રાખી મૃતકોને શ્રધ્ધાંજલી અર્પી

**અબતક, મેહુલ ત્રિવેદી, ધારી**

ધારી તાલુકાના ગીગાસણમાં રહેતારાહુલભાઈ હરખાણી અમરેલી ડિસ્ટ્રિક્ટ યુથપ્રેસિડેન્ટ ૯૪ વિધાનસભા ધારી ખાંભા બગસરા ના પ્રભારી આમ આદમી પાર્ટી ના રાહુલભાઈ હરખાણી દ્વારાપણ ઉપવાસ રાખવામાં આવ્યા હતાઅને આ આમ આદમી પાર્ટી દ્વારા અમરેલી બગસરા ધારી ચલાલા સહિતના ગામોમાં આમ આદમી પાર્ટીના સભ્યો દ્વારા ઉપવાસ રાખવામાં આવ્યા હતા. આ ઉપવાસ પૂર્ણ થયા બાદ પહેલગાંવ નજીક થયેલ આંતકવાદી હુમલામાં મૃત્યુ પામનાર લોકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.જ્યારે આ કાર્યક્રમ અંતર્ગત આપ પાર્ટીના રાહુલભાઈ હરખાણી એ જણાવ્યું હતું કે વિસાવદર ખાતે વિધાનસભાની જે પેટા ચૂંટણી થઈ રહી છે તેમાં આમ આદમી પાર્ટી ચોક્કસથી જીતશે.



# જ્યા ગૌમાતાની સેવા થાય તે ભુમિ તીર્થ સમાન: દેવલ આઈ

### બલિયાવડના ચારણ જગદંબા દેવલ આઈએ અનસુયા ગૌધામની લીધી મુલાકાત

**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

સેવા ક્ષેત્રે જેમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી છે તેવા માણાવદરના અનસુયા ગૌધામમાં ચાલતી સેવાકીય પ્રવૃત્તિઓ તથા ગીર ગાયના ઉછેરની તરકીબભરી પદ્ધતિએ ભારત તથા વિદેશોના ગૌભક્તોને પણ આકર્ષ્યા છે. આ ગૌધામની મુલાકાત લઈ પોતાના ગૌશાળાની ગાયોને તે પ્રમાણે ઉછેર અને સંવર્ધન થાય તે માટે ગૌભક્તો ઊમટી રહ્યા છે અત્યાર સુધીમાં ૨૦૦ કરતાં વધારે પ્રતિષ્ઠિત અગ્રણીઓ, ધાર્મિક સંસ્થાના વડાઓ તથા વિદેશમાં રહીને સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવતા લોકોએ મુલાકાત લીધી છે.



અહીં ગીર ગાયોનું સંવર્ધન અનોખી રીતે કરવામાં આવે છે તેમનો ખોરાક ૩૬ જાતની જડીબુટ્ટીઓમાંથી તૈયાર કરવામાં આવે છે તથા પશુડોક્ટરો રોજ તેનું શારીરિક ચેક અપ કરી રહ્યા છે અહીં કોઈ ગાય શરીરે નબળી કે માંદી નથી હોતી. એવા અનસુયા ગૌધામની ખ્યાતિ સાંભળી જુનાગઢ પાસે આવેલ બલિયાવડથી માં ભગવતી દેવલ આઈ ધામથી ચારણ જગદંબા દેવલ આઈ મુલાકાત લીધી હતી. હિતેનભાઈ શેઠની ગૌ સેવાની પ્રવૃત્તિ જોય ખૂબ રાજીપો વ્યક્ત કર્યો હતો અને આશિષ પાઠવ્યા હતા. આઈશ્રી ચારણ જગદંબા દેવલમાંએ વધુમાં જણાવ્યું હતું કે પૃથ્વી પર જ્યાં ગૌમાતાની સેવા થાય છે તે પુણ્ય ભૂમિ તીર્થ સમાન છે. અનસુયા ગૌધામની મુલાકાત લઈ દેવલમાંએ હ્રદયથી આનંદ વ્યક્ત કર્યો હતો.

# ગોંડલ: જલારામ મંદિરે કાલે રામધૂન

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલના એડવોકેટ મુકેશભાઈ ગઢીયાના પિતાની આવતીકાલે રવિવાર ના રોજ ૧૪ મી પુણ્યતિથિએ સવારે ૫ વાગ્યેથી સાંજ ના ૮ વાગ્યા સુધી જલારામ મંદિર ૨૨ ભોજરાજપરા ગોંડલ ખાતે જલારામબાપાનો મહિમા તથા ધુન શાસ્ત્રી જગદીશ મહારાજ ના મુખે રસપાન કરાવશે સાંજે આરતી બાદ પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હોય આમંત્રીત મહેમાનોને પધારવા ગઢીયા પરિવાર દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### કોપીકેટ નહીં, ક્રિએટર ની દુનિયા!

# ડિજિટલના જમાનામાં આગામી પાંચ વર્ષમાં એક ટ્રિલિયન ડોલરનો વેપલો ક્રિએટર શોધી આપશે!

## ૩૫૦ બિલિયન ડોલરનો વેપલો પાંચ વર્ષમાં ૩ ગણો થઈ જશે

**અબતક, રાજકોટ**

ભારતમાં કન્ટેન્ટ ક્રિએટર્સ અને ઈન્ફ્લ્યુએન્સર્સનું ઈકોસિસ્ટમ ખૂબ જ ઝડપથી વિકસી રહ્યું છે, જ્યાં લાખો સર્જકો વિવિધ ડિજિટલ પ્લેટફોર્મ્સ પર સક્રિય છે. આ સર્જકો ફેશન, સુંદરતા, કુકિંગ, કોમેડી, ટેકનોલોજી, પ્રવાસ, શિક્ષણ અને નાણાકીય સલાહ જેવા અનેક વિષયો પર પોતાની આગવી શૈલીમાં કન્ટેન્ટ બનાવી રહ્યા છે. તેમની લોકપ્રિયતાનું મુખ્ય કારણ તેમની વાસ્તવિકતા, દર્શકો સાથેનું સીધું જોડાણ અને પ્રાદેશિક ભાષાઓમાં કન્ટેન્ટ બનાવવાની ક્ષમતા છે, જે તેમને દેશના નાના શહેરો અને ગામડાઓ સુધી પણ પહોંચાડે છે. તેઓ માત્ર મનોરંજન જ નથી આપતા, પરંતુ ગ્રાહકોના ખરીદીના નિર્ણયોને પણ પ્રભાવિત કરી રહ્યા છે અને બ્રાન્ડ્સ માટે માર્કેટિંગનો એક અત્યંત મહત્વપૂર્ણ ભાગ બની ગયા છે, જે ભારતના ડિજિટલ અર્થતંત્રના વિકાસમાં મોટો ફાળો આપી રહ્યા છે.

ત્યારે તાજેતરમાં જ બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રુપ દ્વારા પ્રકાશિત 'ફ્રોમ કન્ટેન્ટ ટુ કોમર્સ: મેપિંગ ઈન્ડિયાઝ ક્રિએટર ઈકોનોમી' નામના એક નવા અહેવાલ મુજબ, ભારતનું ક્રિએટર ઈકોનોમી દેશના ડિજિટલ અને કન્ઝ્યુમર માર્કેટને ઝડપથી બદલી રહ્યું છે. હાલમાં, ભારતના ક્રિએટર્સ વાર્ષિક ૩૫૦ બિલિયન ડોલર થી વધુના ગ્રાહક ખર્ચને પ્રભાવિત કરી રહ્યા છે. આ આંકડો ૨૦૩૦ સુધીમાં વધીને ૧ ટ્રિલિયન ડોલરને પાર કરી જવાનો અંદાજ છે.આ જ રિપોર્ટ સૂચવે છે કે ક્રિએટર ઈકોસિસ્ટમમાંથી સર્જકોની સીધી આવક પણ નોંધપાત્ર રીતે વધશે. હાલમાં જે આવક ૨૦-૨૫ બિલિયન ડોલર છે, તે દાયકાના અંત સુધીમાં પાંચ ગણી વધીને ૧૦૦-૧૨૫ બિલિયન ડોલર થવાની અપેક્ષા છે. ભારત હવે આશરે ૨ થી ૨.૫ મિલિયન સક્રિય ડિજિટલ સર્જકોનું ઘર છે (જેમના ૧,૦૦૦ થી વધુ ફોલોઅર્સ છે), જે ભારતને વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી વિકસતા ક્રિએટર બજારોમાંનું એક બનાવે છે.જોકે, રિપોર્ટ એમ પણ જણાવે છે કે હાલમાં માત્ર ૮-૧૦% સર્જકો જ તેમની સામગ્રીમાંથી અસરકારક રીતે કમાણી કરી રહ્યા છે, જે આ ક્ષેત્રમાં રહેલી મોટી વણઉપયોગી સંભાવના દર્શાવે છે. બીસીજીના મેનેજિંગ ડિરેક્ટર અને ભાગીદાર વિપિન ગુપ્તાના મતે, ભારતનું સર્જક અર્થતંત્ર ગ્રાહકોની ખરીદીની વર્તણૂકને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવશે, અને ૨૦૩૦ સુધીમાં દેશના કુલ ગ્રાહક ખર્ચમાં ૨૫-૩૦% હિસ્સો ક્રિએટર-સંચાલિત ખર્ચનો હશે.તેમણે વધુમાં જણાવ્યું કે જે શરૂઆતમાં ફક્ત યુવા પેઢી (જનરેશન ઝેડ) અને મેટ્રો શહેરો સુધી સીમિત હતું, તે હવે તમામ વય જૂથો અને નાના શહેરો સુધી પહોંચી રહ્યું છે. આનાથી પ્રભાવ પાડવાના અને જોડાણ સાધવાના નવા રસ્તાઓ ખુલ્યા છે. ફેશન, સુંદરતા અને મનોરંજન જેવી શ્રેણીઓ આમાં અગ્રણી છે, જ્યારે લાઈવ કોમર્સ અને વર્ચ્યુઅલ ગિફ્ટિંગ જેવા નવા કમાણીના મોડેલ સર્જકો અને બ્રાન્ડ્સ કેવી રીતે સાથે મળીને મૂલ્ય બનાવે છે તેને ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યા છે.રિપોર્ટ મુજબ, સર્જક માર્કેટિંગ હવે બ્રાન્ડ્સ માટે તેમની માર્કેટિંગ વ્યૂહરચનાનું મુખ્ય અંગ બની રહ્યું છે. આગામી બે થી ત્રણ વર્ષમાં આવી પહેલો માટે બ્રાન્ડ્સના બજેટમાં ૧.૫ થી ૩ ગણો વધારો થવાની શક્યતા છે. શ્રી ગુપ્તાએ સૂચવ્યું કે આ સંભાવનાનો પૂરો લાભ લેવા માટે, બ્રાન્ડ્સે સર્જક-સંચાલિત પરિણામો પર વિશ્વાસ મૂકવો જોઈએ, નિર્ણયો ઝડપથી લેવા જોઈએ, ઝડપી સામગ્રી વ્યૂહરચના અપનાવવી જોઈએ અને સર્જકો સાથે લાંબા ગાળાની ભાગીદારીમાં રોકાણ કરવું જોઈએ.રિપોર્ટમાં શોર્ટ-ફોર્મ વીડિયોને સૌથી પ્રચલિત કન્ટેન્ટ ફોર્મેટ તરીકે ઓળખવામાં આવ્યું છે, જેમાં YouTube શોર્ટ્સ, ઈન્સ્ટાગ્રામ રીલ્સ અને મોજ જેવા પ્લેટફોર્મ ટોચ પર છે. કોમેડી, ફિલ્મો, દૈનિક ધારાવાહિકો (ડેઈલી સોપ્સ) અને ફેશન જેવી શૈલીઓ સૌથી વધુ લોકપ્રિય છે. આ બદલાતા માહોલમાં સફળ થવા માટે, અહેવાલમાં બ્રાન્ડ્સને ઝડપી સામગ્રી બનાવવા, સર્જકોને વધુ સર્જનાત્મક સ્વતંત્રતા આપવા, ચોક્કસ પ્રેક્ષકોને લક્ષ્ય બનાવતી જોડાણ વ્યૂહરચના અપનાવવા અને સર્જકો સાથેના સહયોગને મેનેજ કરવા માટે ખાસ ટીમો બનાવવાની ભલામણ કરવામાં આવી છે.

## એઆઈ યુગમાં સર્જનાત્મકતાને ટકાવી રાખવા, મીડિયા અખંડિતતા અને સાંસ્કૃતિક વારસો જાળવવા ૭૭ દેશનો વૈશ્વિક સંકલ્પ

મુંબઈમાં વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ (વેવસ)નું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૩ મુદ્દાના આ વૈશ્વિક મીડિયા સંવાદ, જેને વેવ્ઝ ઘોષણા પણ કહેવાય છે, તે મુંબઈમાં યોજાયેલી દુનિયાભરના ઓડિયો, વિડિયો અને મનોરંજન સાથે જોડાયેલા લોકોની પરિષદ (વેવસ) ના બીજા દિવસે નક્કી કરવામાં આવેલો એક કરાર છે. ૭૭ દેશોના પ્રતિનિધિઓએ ભેગા થઈને નક્કી કર્યું કે તેઓ મીડિયા અને મનોરંજનના ક્ષેત્રમાં અમુક મહત્વના કામોમાં એકબીજાને મદદ કરશે. આ ઘોષણાપત્રનો મુખ્ય હેતુ ડિજિટલ યુગમાં આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવાનો અને અલગ અલગ દેશો વચ્ચે સર્જનાત્મક કાર્યોમાં સહયોગ વધારવાનો છે.

આ ઘોષણાપત્ર દ્વારા, ભાગ લેનાર દેશોએ પરંપરાઓ અને વારસાનું રક્ષણ કરવા માટે સાથે મળીને કામ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. તેમણે ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) જેવા આધુનિક સમયમાં પણ કલા અને મનોરંજન ક્ષેત્રે સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો. ઘોષણાપત્રનો ઉદ્દેશ્ય ડિજિટલ વિભાજનને ઘટાડવાનો, સાંસ્કૃતિક વિવિધતાનું સન્માન કરવાનો અને બધા માટે સમાન તથા નવીન બજારો ઊભા કરવાનો છે.

વેવસ ઘોષણાપત્રમાં મીડિયા અને મનોરંજનને લોકો, સંસ્કૃતિઓ અને દેશો વચ્ચે સંવાદ વધારવા અને એકબીજાને સમજવા માટેના મહત્વપૂર્ણ માધ્યમ તરીકે સ્વીકારવામાં આવ્યું છે. તેમાં ખોટી માહિતી અને ભ્રામક પ્રચાર સામે લડવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો છે, અને સાચા સમાચાર આધારિત પત્રકારત્વ અને જવાબદાર જાહેરાતને પ્રોત્સાહન આપવાની વાત કહેવાઈ છે. આ ઘોષણાપત્ર માનવ અધિકારો અને સાંસ્કૃતિક લાગણીઓનો આદર કરતી સામગ્રીને પણ સમર્થન આપે છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ અને વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે આ સમિટના મહત્વ વિશે વાત કરી. તેમણે જણાવ્યું કે મીડિયા અને મનોરંજન ક્ષેત્ર વૈશ્વિક સ્તરે લોકોને જોડવામાં અને ભવિષ્યને આકાર આપવામાં મોટી ભૂમિકા ભજવી શકે છે. તેમણે ટેકનોલોજીને આપણા વારસાને સાચવવા અને તેની કદર વધારવા માટેના સાધન તરીકે જોવાની વાત કરી અને AI જેવા નવા ટેકનોલોજીકલ પડકારોનો સામનો કરવા માટે તૈયાર રહેવા હાકલ કરી.

## ક્યાં ક્યાં ૧૩ મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે?

૦૧. દરેક દેશ પોતાની પરંપરા અને વારસાને સાચવશે અને આજના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના સમયમાં નવું બનાવવાની પ્રવૃત્તિને વધારશે.

૦૨. દુનિયામાં ડિજિટલ તફાવત (જેમની પાસે ઈન્ટરનેટ અને ટેકનોલોજી છે અને જેમની પાસે નથી તેમની વચ્ચેનો ગેપ) ઓછો કરશે. બધાને મીડિયાની સમાન તક મળશે.

૦૩. દુનિયામાં અલગ-અલગ સંસ્કૃતિઓનું જતન કરશે. દરેક દેશની સંસ્કૃતિ અને ભાષાને સાચવવામાં આવશે.

૦૪. મીડિયા અને મનોરંજનના બજારો ન્યાયી અને નવા વિચારોને પ્રોત્સાહન આપનારા બનશે. કોઈની બૌદ્ધિક સંપત્તિની ચોરી નહીં થાય તેનું ધ્યાન રાખવામાં આવશે.

૦૫. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવી નવી ટેકનોલોજીનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવામાં આવશે. તેનાથી કોઈને નુકસાન ન થાય અને કોઈની સાથે ભેદભાવ ન થાય તેનું ધ્યાન રખાશે.

૦૬. મીડિયા અને મનોરંજન દ્વારા લોકો, સંસ્કૃતિઓ અને દેશો એકબીજાની સાથે વધુ વાતચીત અને સંપર્ક કરશે.

૦૭. મીડિયા એકબીજા સાથે સંવાદ અને સમજણ વધારવાનું સાધન બનશે.

૦૮. મીડિયાના કામમાં બધા લોકો માટે વધુ તકો ઊભી થશે.

૦૯. એક દેશનો મીડિયા બીજા દેશના મીડિયા સાથે ભાગીદારી, સહ-નિર્માણ, વેપાર અને રોકાણ કરીને મજબૂત બનશે.

૧૦. ખોટી માહિતી અને અફવાઓનો સામનો કરવામાં આવશે. સાચી માહિતી અને જવાબદાર પત્રકારત્વને પ્રોત્સાહન મળશે.

૧૧. એવી સામગ્રી બનાવવામાં આવશે જે માનવ અધિકારો અને દરેક સંસ્કૃતિનું સન્માન કરે.

૧૨. જુદા જુદા દેશો સાથે મળીને મીડિયા પ્રોજેક્ટ્સ કરશે જેથી એકબીજાને વધુ સારી રીતે સમજી શકાય.

૧૩. મીડિયા અને મનોરંજનના ઉદ્યોગોમાં નોકરીઓ ઊભી થશે અને યુવાનો, મહિલાઓ અને જે લોકો પછાત છે તેઓને પણ તક મળશે.

# સમય બદલાઈ રહ્યો છે...હવે જાતીય સ્વાસ્થ્ય વધારવા પણ સ્ટાર્ટ અપ્સની બોલબાલા

### જાતીય સમસ્યાઓ તથા સુખાકારી માટે લોકો પ્રાઈવસીના કારણે ઓનલાઈન કંપનીઓ ઉપર વધુ વિશ્વાસ મૂકી રહ્યા છે, જેના કારણે આવી કંપનીઓ સતત આગળ વધી રહી છે

**અબતક, નવી દિલ્હી**

હવે સમય બદલી રહ્યો છે. જાતીય સ્વાસ્થ્ય અને સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરતા ઘણા સ્ટાર્ટ અપ્સ પણ શરૂ થયા છે. આ સ્ટાર્ટઅપ્સ પુરુષ અને સ્ત્રી બંને ગ્રાહકોને વંધ્યત્વ, ઈરેક્ટાઈલ ડિસફંક્શન, સ્ખલન, હોર્મોન ટ્રેકિંગ, તેમજ ગર્ભનિરોધક અને વ્યકિતગત માલિશ જેવા ઉત્પાદનો જેવી ઓફરો પૂરી પાડે છે. સ્થાપકો કહે છે કે જાગૃતિ વધારવાથી - ખાસ કરીને જનરલ ઝેડ અને મિલેનિયલ્સમાં - જાતીય સ્વાસ્થ્ય વિશેના કલંકને ઘટાડવામાં મદદ મળી રહી છે. તાજેતરના અઠવાડિયામાં ભંડોળ એકત્ર કરનારા સ્ટાર્ટઅપ્સમાં બોલ્ડકેરનો સમાવેશ થાય છે, જેના સહ-સ્થાપકોમાં બોલિવૂડ અભિનેતા રણવીર સિંહનો સમાવેશ થાય છે, ઓલાના ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ પ્રણય જીવરાજકા દ્વારા સ્થાપિત અને ફ્લિપકાર્ટના સહ-સ્થાપક બિન્ની બંસલ દ્વારા સમર્થિત એલો હેલ્થ, ફાયરસાઈડ વેન્ચર્સ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ રાઝ અને મહિલા ઈન્ટિમેટ બ્રાન્ડ ધેટ સેસી થિંગનો સમાવેશ થાય છે. બેંગલુરુ સ્થિત ઈનિટો, જે મહિલાઓ માટે ફર્ટિલિટી મોનિટર બનાવે છે, તે ૧૫-૨૦ મિલિયન ડોલર એકત્ર કરવા માટે વાટાઘાટો કરી રહી છે, સ્ટાર્ટઅપ્સ કહે છે કે ટેલિહેલ્થનો વધતો ઉપયોગ, સારી લોજિસ્ટિક્સ અને વ્યાપક ડાયગ્નોસ્ટિક્સ ઍક્સેસને કારણે ખાનગી અને વ્યક્તિગત સંભાળ પૂરી પાડવાનું સરળ બન્યું છે. અમારા કિસ્સામાં, વપરાશકર્તા ક્લિનિકમાં જવા માંગતો નથી - આ નજીકના સમુદાયો છે જ્યાં ગોપનીયતા મહત્વપૂર્ણ છે, જાન્યુઆરીમાં ૧ મિલિયન ડોલર એકત્ર કરનાર રાઝ એપના સહ-સ્થાપક આકાશ કુમારે જણાવ્યું.

આ ટેકનોલોજી અમને સંપૂર્ણ વર્ચ્યુઅલ સંભાળ પૂરી પાડવાની મંજૂરી આપે છે: ડોક્ટરની સલાહ, નિદાન, દવાઓ, કાઉન્સેલિંગ અને જીવનશૈલી સહાય. વધુમાં, બોલ્ડકેરના સહ-સ્થાપક રજત જાધવે જણાવ્યું હતું કે, ''વધુ ખુલ્લા રહેવા ઈચ્છુક ગ્રાહકોના એક યુવાન સમૂહે વધતી જતી નિકાલજોગ આવક સાથે માંગને વેગ આપ્યો છે.'' આ સ્ટાર્ટઅપે તાજેતરમાં બ્લૂમ નામની એક નવી લાઈન સાથે મહિલાઓના સુખાકારીમાં ઝંપલાવ્યું છે, જે માસિક સ્રાવના સ્વાસ્થ્ય, મેનોપોઝ, ગર્ભાવસ્થા સંભાળ અને સ્વચ્છતાને આવરી લે છે.

# હવે મની માર્કેટ ૭ વાગ્યા સુધી ખુલ્લી રહે તેવી શક્યતા

### રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રચાયેલા એક પેનલ મની માર્કેટ માટે ટ્રેડિંગ વિન્ડો સાંજે ૫ને બદલે વધુ બે કલાક ખુલ્લી રાખવા કરી ભલામણ

**અબતક, રાજકોટ**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રચાયેલા એક કાર્યકારી જૂથે કોલ મની માર્કેટ માટે ટ્રેડિંગના કલાકો વધારવાની ભલામણ કરી છે. આ જૂથે સૂચન કર્યું કે ટ્રેડિંગ વિન્ડો સાંજે ૭ વાગ્યા સુધી ખુલ્લી રાખવી જોઈએ. વર્તમાન સમયમાં સાંજે ૫ વાગ્યા સુધી જ ટ્રેડિંગ વિન્ડો ખુલ્લી રહે છે.

આ પગલાનો ઉદ્દેશ્ય બેંકોને રીઅલ-ટાઈમ ચુકવણી પ્રણાલીઓની જરૂરિયાતો અનુસાર તેમના ભંડોળનું વધુ સારી રીતે સંચાલન કરવામાં મદદ કરવાનો છે. જોકે, જૂથે સરકારી સિક્યોરિટીઝ, વ્યાજ દર ડેરિવેટિવ્ઝ અથવા વિદેશી વિનિમય બજારો જેવા અન્ય નાણાકીય બજારો માટે ટ્રેડિંગ કલાકોમાં કોઈ ફેરફાર સૂચવ્યો ન હતો. કાર્યકારી જૂથની અધ્યક્ષતા આરબીઆઈના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર રાધા શ્યામ રાઠોએ કરી હતી. આરબીઆઈએ આ વર્ષે ફેબ્રુઆરીમાં તેની નાણાકીય નીતિ સમીક્ષા દરમિયાન આ જૂથની રચનાની જાહેરાત કરી હતી.ગ્રુપ રિપોર્ટમાં જણાવાયું છે કે સ્ટેન્ડઅલોન પ્રાઈમરી ડીલરો એ કોલ મની માર્કેટમાં લાંબા ટ્રેડિંગ કલાકોની વિનંતી કરી હતી. તેમણે એવું પણ સૂચન કર્યું કે રદ કરાયેલા વ્યવહારો સહિત રિપોર્ટિંગ વિન્ડો સાંજે ૭.૩૦ વાગ્યા સુધી ખુલ્લી રહેવી જોઈએ.આ અહેવાલ છેલ્લા દાયકામાં રાતોરાત મની માર્કેટમાં જોવા મળેલી નોંધપાત્ર વૃદ્ધિ પર પ્રકાશ પાડે છે.

૨૦૧૪-૧૫ અને ૨૦૨૪-૨૫ વચ્ચે, આ બજારમાં વાર્ષિક ટર્નઓવર ૨૮૧.૩૭ લાખ કરોડ રૂપિયાથી વધીને ૧,૩૨૪.૦૫ લાખ કરોડ રૂપિયા થયું. દરમિયાન, સરેરાશ દૈનિક ટર્નઓવર રૂ. ૧.૧૭ લાખ કરોડથી વધીને રૂ. ૫.૫૨ લાખ કરોડ થયું. આ ઝડપી વૃદ્ધિ મુખ્યત્વે બજારના કોલેટરલાઈઝ્ડ સેગમેન્ટમાં વધારાને કારણે હતી.

આ જ સમયગાળા દરમિયાન, આ સેગમેન્ટમાં ટર્નઓવર રૂ. ૨૪૫.૨૭ લાખ કરોડથી વધીને રૂ. ૧,૨૯૬.૬૨ લાખ કરોડ થયું. તેનાથી વિપરીત, નોન-કોલેટરલાઈઝ્ડ કોલ મની માર્કેટમાં ટર્નઓવર રૂ. ૩૬.૧૦ લાખ કરોડથી ઘટીને રૂ. ૨૭.૪૨ લાખ કરોડ થયું. રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે કોલ મની માર્કેટ ફક્ત બેંકો અને સ્ટેન્ડઅલોન પ્રાથમિક ડીલરો માટે જ ખુલ્લું છે. આ સહભાગીઓને આરબીઆઈની લિક્વિડિટી એડજસ્ટમેન્ટ સુવિધાઓની ઍક્સેસ છે. આ બજારમાં સહકારી બેંકો મુખ્ય ધિરાણકર્તા છે, જ્યારે એસપીડી મુખ્ય ઉધાર લેનારા છે.

# ગુજરાતના "ટાઈટન્સે" હૈદરાબાદનો "સુર્યાસ્ત" કર્યો!!!

### જીત સાથે ગુજરાત ટાઈટન્સે પ્લેઓફમાં પહોંચવાની પોતાની સ્થિતિ વધુ મજબૂત બનાવી જ્યારે સનરાઈઝર્સ હૈદરાબાદ માટે હવે પ્લેઓફમાં પહોંચવું મુશ્કેલ: બેટીંગ-બોલિંગમાં ગુજરાતનું શાનદાર પ્રદશન: પ્રસિદ્ધ ક્રિષ્ના મેન ઓફ ધ મેચ બન્યો



**અબતક, અમદાવાદ**

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫માં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી ૫૧મી મેચમાં ગુજરાત ટાઈટન્સએ સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ૩૮ રનથી શાનદાર જીત મેળવી છે. ગુજરાતના આ 'બ્લોકબસ્ટર શો' એ સનરાઈઝર્સ હૈદરાબાદની પ્લેઓફમાં પહોંચવાની આશાઓને મોટો ફટકો માર્યો છે અને તેમની આશાઓ હવે ઠગારી નીવડી છે. ગુજરાત ટાઈટન્સે બેટિંગ અને બોલિંગ બંને ક્ષેત્રે જોરદાર પ્રદર્શન કરીને એસઆરએચને ઘૂંટણિયે પડવા મજબૂર કર્યું. ગુજરાતે પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ૨૦ ઓવરમાં ૨૨૪ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. આ સિઝનનો એક મોટો સ્કોર હતો, જેનો પીછો કરવો હૈદરાબાદ માટે મુશ્કેલ સાબિત થયો. ૨૨૫ રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી સનરાઈઝર્સ હૈદરાબાદની શરૂઆત ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માએ ઝડપી આપી હતી, પરંતુ હેડ ૨૦ રન બનાવીને આઉટ થઈ ગયો. અભિષેક શર્મા એક અલગ જ લયમાં જોવા મળ્યો, જેણે તોફાની રીતે ચોગ્ગા અને છગ્ગા ફટકારીને ૨૮ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી. તેણે ૪૧ બોલમાં ૭૪ રનની શક્તિશાળી ઈનિંગ રમી, જેમાં ૪ ચોગ્ગા અને ૬ છગ્ગા સામેલ હતા.

ઈશાન કિશન પણ ત્રીજા નંબરે બેટિંગ કરવા આવ્યો, પરંતુ માત્ર ૧૩ રન બનાવીને આઉટ થયો. અભિષેકે હેઈન રિક કલાસેન સાથે ૫૭ રનની ભાગીદારી પણ કરી. ટીમને કલાસેન પાસેથી મોટી અને વિસ્ફોટક ઈનિંગ્સની અપેક્ષા હતી, પરંતુ તે ફક્ત ૨૩ રન બનાવીને આઉટ થયો. મેચનો સૌથી મોટો ટર્નિંગ પોઈન્ટ ત્યારે આવ્યો જ્યારે સનરાઈઝર્સ હૈદરાબાદનો સ્કોર એક સમયે ૨ વિકેટના નુકસાને ૧૩૯ રન હતો. આ દરમિયાન, SRH એ માત્ર ૪ બોલના ગાળામાં બે સેટ બેટ્સમેનો - અભિષેક શર્મા અને હેનરિક કલાસેનની વિકેટ ગુમાવી દીધી. આ બંને બેટ્સમેનોમાં ટીમને જીત અપાવવાની ક્ષમતા હતી, પરંતુ તેમની વિકેટો પડતા જ હૈદરાબાદની બેટિંગ લાઈનઅપનો ધબડકો શરૂ થયો. આ પછી, વિકેટોનો એટલો પતન શરૂ થયો કે એસઆરએચ એ માત્ર ૬ રનની અંદર ચાર વિકેટ ગુમાવી દીધી અને રન ચેઝમાંથી બહાર થઈ ગયું. ગુજરાત ટાઈટન્સના બોલરોએ સિરાજ અને કૃષ્ણના શાનદાર પ્રદર્શન કરીને હૈદરાબાદના બેટ્સમેનોને નિયંત્રિત કર્યા અને નિયમિત અંતરાલે વિકેટો ઝડપી. ગુજરાતની ઘાતક બોલિંગ સામે હૈદરાબાદની ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં માત્ર ૧૮૬ રન જ બનાવી શકી અને ૩૮ રનથી મેચ હારી ગઈ. જીત સાથે ગુજરાત ટાઈટન્સે પ્લેઓફમાં પહોંચવાની પોતાની સ્થિતિ વધુ મજબૂત બનાવી છે, જ્યારે સનરાઈઝર્સ હૈદરાબાદ માટે હવે પ્લેઓફમાં પહોંચવું અત્યંત મુશ્કેલ બની ગયું છે. ગુજરાતના ઓલરાઉન્ડ પ્રદર્શનને કારણે આ મેચ તેમના માટે બ્લોકબસ્ટર સાબિત થઈ.

# આર્જેન્ટિનામાં ૭.૪ રેકટર સ્કેલનો ભૂકંપ

### ચિલીના દક્ષિણ કિનારે સુનામીનું અપાતા ૧,૧૦૦ થી વધુ લોકોનું સ્થળાંતર કરાયું

**અબતક, રાજકોટ**

આર્જેન્ટિના અને ચિલીને જોડતા ડ્રેક પેસેજ વિસ્તારમાં ૭.૪ ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો છે. આ ભૂકંપના કારણે ચિલીએ તેના દક્ષિણી તટીય વિસ્તારો માટે સુનામીની ચેતવણી જારી કરી અને મોટા પાયે સ્થળાંતર શરૂ કર્યું. ચિલીના રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિકે મેગાલેન્સ પ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારોને તાત્કાલિક ખાલી કરવા વિનંતી કરી અને રાજ્યના તમામ સંસાધનો કોઈપણ અસરનો સામનો કરવા માટે ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપી. સાવચેતીના પગલા રૂપે, પ્યુઅર્ટો વિલિયમ્સમાં ૧,૧૦૦ થી વધુ રહેવાસીઓને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે, જેમાં ચિલીના એન્ટાર્કટિક પાયા પરથી પણ સ્થળાંતર કરવામાં આવ્યું છે.

યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે અનુસાર, ભૂકંપનું કેન્દ્રબિંદુ ઉશુઆયા, આર્જેન્ટિનાથી લગભગ ૨૨૨ કિલોમીટર દક્ષિણમાં ડ્રેક પેસેજમાં ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું. સ્થાનિક અહેવાલો મુજબ, ઉશુઆયા શહેરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા અને ત્યારબાદ આફ્ટરશોક્સ પણ આવ્યા હતા. આ શક્તિશાળી ભૂકંપ બાદ, ચિલીએ તાત્કાલિક સુનામીની ચેતવણી જારી કરીને તેના દક્ષિણી તટીય વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવાની કાર્યવાહી શરૂ કરી.સુનામીની ચેતવણી મુખ્યત્વે ચિલીના દક્ષિણી મેગાલેનેસ પ્રદેશ અને ચિલીના એન્ટાર્કટિક ક્ષેત્રના અમુક ભાગોને લાગુ પડી હતી. રોઈટર્સ સાથે વાત કરતા ચિલીના એન્ટાર્કટિક ઈન્સ્ટિટ્યૂટ એ જણાવ્યું હતું કે સાવચેતીના પગલા રૂપે દેશના એન્ટાર્કટિક પાયા પરથી પણ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. સ્થાનિક અહેવાલો મુજબ, દક્ષિણી દ્વીપસમૂહમાં આવેલા પ્યુઅર્ટો વિલિયમ્સ શહેરમાંથી અત્યાર સુધીમાં ૧,૧૦૦ થી વધુ રહેવાસીઓને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. અધિકારીઓએ રહેવાસીઓને સમુદ્ર સપાટીથી ઓછામાં ઓછા ૩૦ મીટર ઉપરના સુરક્ષિત વિસ્તારોમાં જવાની સૂચના આપી છે.દેશના આપત્તિ વ્યવસ્થાપન અધિકારીઓએ અસરગ્રસ્ત વિસ્તારોના રહેવાસીઓને શાંત રહેવા અને કટોકટી સેવાઓ તેમજ સ્થાનિક અધિકારીઓના નિર્દેશોનું પાલન કરવાની સલાહ આપી છે. અધિકારીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ સ્થળાંતર એક સાવચેતીનું પગલું છે, જેનો ઉદ્દેશ્ય દરિયા કિનારે આવેલા ભૂકંપને કારણે સુનામીની સંભવિત ગતિવિધિઓના કિસ્સામાં નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવાનો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા (પરંતુ બીબીસી દ્વારા હજુ સુધી ચકાસાયેલ ન હોય તેવા) ફૂટેજમાં સાયરન વાગતી વખતે લોકો શાંતિથી સ્થળાંતર કરતા દેખાઈ રહ્યા છે, જે સૂચવે છે કે કાર્યવાહી વ્યવસ્થિત રીતે ચાલી રહી છે.

# નાસ્તાના પેકેટમાં સંગ્રહિત ૩૯ કિલો હાઈડ્રોપોનિક્સ ડ્રગ્સ સાથે અમદાવાદ એરપોર્ટથી બેંગકોક પ્રવાસી ઝડપાયો

### છેલ્લા ૧૨ દિવસમાં અલગ અલગ ત્રણ પ્રવાસીઓ હાઈડ્રોપોનિક્સ ડ્રગ્સ સાથે ઝડપાયા: માત્ર સોનાની દાણચોરી માટે કુખ્યાત અમદાવાદ એરપોર્ટ હવે ડ્રગ્સ-ગાંજાનું પણ પ્રવેશદ્વાર

**અબતક, અમદાવાદ**

હવે અમદાવાદ એરપોર્ટ પરથી સોનાની દાણચોરીની સાથે સાથે ગાંજો અને ડ્રગ્સનું પણ આગમન થઈ રહ્યું છે. આંતરે દિવસે એજન્સીઓ દ્વારા પેડલરોને ઝડપી લેવામાં આવી છે. ત્યારે જ બેંગકોકથી આવી રહેલા ત્રણ ભારતીય નાગરિકો પાસેથી ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઈન્ટેલિજન્સ અને એર ઈન્ટેલિજન્સ યુનિટે રૂપિયા ૩૯ કરોડનો ૩૯.૨૪ કિલો હાઈડ્રોપોનિક્સ ગાંજો ઝડપી લીધો છે. આ યુવાનો ગાંજો કોના માટે લાવ્યા હતા તેની તપાસ ચાલી રહી છે. અમદાવાદ એરપોર્ટ પરથી ડ્રગ્સની હેરાફેરી વધતાં એજન્સીઓ એક્ટિવ બની ગઈ છે.

ડીઆરઆઈની ટીમે પખવાડિયામાં હાઈડ્રોપોનિક્સ ગાંજો ઝડપીને હેટ્રિક પૂરી કરી છે. પખવાડિયામાં ૯૫ કિલો હાઈડ્રોપોનિક્સ ગાંજો ઝડપી લેવામાં આવ્યો છે, જે ચિંતાનો વિષય છે.ડીઆરઆઈ અને એર ઈન્ટેલિજન્સ યુનિટને સંયુક્ત બાતમી મળી હતી કે બેંગકોકથી આવી રહેલા ચોક્કસ પેસેન્જર પાસે અત્યંત મોંઘો હાઈડ્રોપોનિક્સ ગાંજાનો જથ્થો છે, જેના પગલે અધિકારીઓ એલર્ટ બની ગયા હતા. બેંગકોકની ફ્લાઈટ લેન્ડ થતાંની સાથે જ શંકાસ્પદ ૩ પેસેન્જરને અલગ તારવીને તેમની પૂછપરછ કરવામાં આવી હતી. તપાસ કરતાં બેંગકોકથી આવેલા આ ત્રણ ભારતીય નાગરિકો પાસેથી ૩૯.૨૪ કિલો હાઈડ્રોપોનિક્સ ગાંજો મળી આવ્યો હતો. જેની બજાર કિંમત ૩૯ કરોડ થાય છે. અધિકારીઓએ ગાંજાના જથ્થા સાથે ત્રણેય મુસાફરોની અટક કરી તેમની પૂછપરછ શરૂ કરી છે. હવે જોવાનું એ રહ્યું કે એજન્સીઓ ગાંજો મોકલનાર અને ગાંજો મંગાવનાર સુધી પહોંચી શકે છે કે કેમ?.જ્યારે ૨૦મી તારીખે પણ અમદાવાદ એરપોર્ટ પરથી ૧૭.૫ કિલો ગ્રામ ગાંજો એજન્સીએ ઝડપી લીધો હતો. આમ પખવાડિયામાં એજન્સી દ્વારા ૯૫ કિલો ગાંજો ઝડપી લેવામાં આવ્યો છે. સાથે સાથે છ પેસેન્જરની પણ અટક કરવામાં આવી છે. આ તમામ કેસમાં ગાંજો લઈને આવતા મુસાફરો બેંગકોકથી જ આવ્યાનું નોંધાયું છે. હવે બેંગકોકથી હાઈડ્રોપોનિક્સ ગાંજો ભારતમાં ઘૂસાડવાનું રેકેટ ચાલી રહ્યું છે.

# કેન્સર હોસ્પિટલના લાભાર્થે ''માં ખોડલ રથ''નું ૪૫ ગામોમાં પરિભ્રમણ





## ઠેબા ગામથી શરૂ થયેલી યાત્રા છ દિવસમાં ૪૫ ગામોમાં ફરશે

ખોડલધામ ટ્રસ્ટ કાગવડ આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સાથે સમાજને પણ અને વિધિ પ્રવૃત્તિ કરે છે ચેરમેન નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટ દ્વારા આધ્યાત્મિક શિક્ષણ આરોગ્ય અને ખેતીલક્ષી પ્રવૃત્તિઓ ચાલી રહી છે ખોડલધામ ટ્રસ્ટ સંચાલિત કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ ના લાભાર્થે જામનગરમાં ખોડીયાર માતાજીની રથ ૪૫ ગામોમાં ફરી અને મા ખોડલ રથ દ્વારા હોસ્પિટલના માટે દાન એકઠું કરવા આવશે મા ખોડલ ગામ જઈને કેન્સર હોસ્પિટલના લાભાર્થે દાન એકઠું કરશે અને અધતન સુવિધા સાથેની હોસ્પિટલ ઉભી કરવામાં આવશે

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત ''કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ'' ના લાભાર્થે જામનગર તાલુકામાં શ્રી ખોડીયાર માતાજીની શોભાયાત્રા (રથ) તથા દરેક ગામોમાં માતાજીની મહા આરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે આજરોજ ૩ મેએ સવારે મા ખોડલના રથનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં સર્વ સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ઠેબામાં કેન્સર હોસ્પિટલની થીમ અને મા ખોડલના રથનું રંગોળી કરી સ્વાગત કર્યું હતું અને જે રૂટ ઉપર રથ પરિભ્રમણ કરવાનો છે તે તમામ રૂટને શણગારવામાં આવ્યા છે. સર્વે સમાજના લોકો દ્વારા રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

મા ખોડલનો અને કેન્સર હોસ્પિટલનો રથ દરરોજ છ ગામડામાં પરિભ્રમણ કરશે, અને ૭ દિવસમાં ૪૫ જેટલા ગામડામાં ખોડલધામ કેન્સર હોસ્પિટલ રિસર્ચ

મા ખોડલનો રથ જામનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં દરરોજ અલગ અલગ ગામોમાં ફરશે અને બપોરનું રોકાણ અને રાત્રે રોકાણ કરશે. જ્યારે મા ખોડલના રથનો આજે ૨ મેના રોજ સવારે પ્રારંભ થયો છે અને તારીખ ૮.૫.૨૦૨૫ ના રોજ શોભાયાત્રા પૂર્ણ કરશે.

ઈન્સ્ટિટ્યૂટની થીમમાંથી તૈયાર કરાયેલો અને મા ખોડલની મૂર્તિ બિરાજમાન કરેલા રથ ફરશે અને દરેક જગ્યાએ વિવિધ સમાજના લોકો તેમજ ગામડામાં અલગ અલગ જગ્યાએ મહા આરતી પણ કરવામાં આવશે. જ્યારે રથના પ્રારંભ વખતે લેઉવા પટેલ સમાજના પ્રમુખ મનસુખભાઈ રાબડીયા, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, જિલ્લા ભાજપ પ્રમુખ વિનુભાઈ ભંડેરી, પૂર્વ પ્રમુખ રમેશભાઈ મુંગરા, મનોજ કથીરીયા, શ્રી ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી, જિલ્લા કન્વીનર મયુરભાઈ મુંગરા તેમજ જિલ્લા પંચાયતના સદસ્ય અને કોર્પોરેટરો તેમજ સમાજના સંસ્થાના આગેવાનો હાજર રહ્યા હતા.

# આતંકી હુમલામાં મૃત્યુ પામેલા દિવંગતોને દેશભક્તિના ગીતો થકી ભાવાંજલિ પાઠવતું મનપા





જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં મૃત્યુ પામનાર સ્વજનોને દેશભક્તિ ગીતના માધ્યમથી ગુજરાત સ્થાપના દિન નિમિતે જામનગર મહાનગરપાલિકા દ્વારા ૧ લી મે ના રોજ મ્યુનિ. ટાઉનહોલમાં રાત્રે ૯ કલાકે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને સમગ્ર ટાઉનહોલ દેશભકિત ગીત તથા ગુજરાતી લોકસાહિત્યના માધ્યમથી દેશભક્તિમય બન્યો હતો.

આ કાર્યક્રમમાં મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, ડે.મેયર શ્રીમતિ ક્રિષ્નાબેન સોઢા, શહેર ભાજપ અધ્યક્ષા શ્રીમતિ બીનાબેન કોઠારી, શાસકપક્ષ નેતા આશિષભાઈ જોશી, દંડક કેતનભાઈ નાખવા, રમત-ગમત અને સાંસ્કૃતિક સમિતિના ચેરમેન જીતેશભાઈ શીંગાળા, ચેરમેન ન.પ્રા.શિ.સ.ના પરસોતમભાઈ કકનાણી, મ્યુનિ.સભ્યો, વિરોધપક્ષ ઉપનેતા રાહુલભાઈ બોરીચા હસમુખભાઈ હિંડોચા, પૂર્વ શહેર મહામંત્રી પ્રકાશભાઈ બાંભણીયા, પૂર્વ શહેર મહામંત્રી મેરામણભાઈ ભાટુ,પૂર્વ શહેર મહામંત્રી વિજયસિંહ જેઠવા , પવનહંસના ડાયરેકટર અને પૂર્વ મેયર અમીબેન પરીખ,પૂર્વ મેયર દિનેશભાઈ પટેલ,પૂર્વ મેયર હસમુખભાઈ જેઠવા, ન.પ્રા.શિ.સ. ના પૂર્વ ચેરમેન વસંતભાઈ ગોરી,પૂર્વ ધારાસભ્ય લાલજીભાઈ સોલંકી, ન.પ્રા.શિ.સ. ના વાઈસ ચેરમેન દિનેશભાઈ દેસાઈ, માન.ડે.કમિશનર ડી.એ.ઝાલા, આસી. કમિશનર ભાવેશભાઈ જાની, કાર્યપાલક ઈજનેર નીતિનભાઈ દીક્ષિત, કાર્યપાલક ઈજનેર એન.એમ. પટેલ તથા અધિકારીઓ/કર્મચારીઓ તથા બહોળી સંખ્યામાં નગરજનો પણ ઉપસ્થિત રહેલ.

# ત્રણ પોલીસ સ્ટેશન દ્વારા પકડાયેલા રૂા.૪૩.૬૨ લાખના દારૂ-બીયરનો નાશ કરાયો

## ૧૦૬૦૦ નાની-મોટી શરાબની અને બિયરની ૨૦૯૬ બોટલ પર રોડ રોલર ફેરવ્યું



જામનગર શહેરના સીટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશન તેમજ સી. ડિવિઝન પોલીસ સ્ટેશન ઉપરાંત બેડી મરીન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલો રૂપિયા ૪૬.૬૨ લાખની કિંમતનો ઈંગ્લિશ દારૂ અને બિયરનો જથ્થો, કે જેનો ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં નાશ કરવામાં આવ્યો હતો, અને તેના પર બુલડોઝર ફેરવી દેવાયું હતું.

જામનગરના સિવિલ એરપોર્ટ ની નજીક સરકારી ખરાબાની ખુલ્લી જગ્યામાં આજે સવારે શહેર વિભાગના પ્રાંત અધિકારી પી.બી. પરમાર ની રાહબરી હેઠળ સમગ્ર દારૂ અને બિયરના જથ્થા નો નાશ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જેમાં નશાબંધી શાખાના અધિકારી, ઉપરાંત જામનગર શહેરના સીટી એ. ડિવિઝન અને સી. ડિવિઝન ઉપરાંત બેડી મરીન પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને પોલીસ સ્ટાફ હાજર રહ્યા હતા, તેઓની હાજરીમાં તમામ દારૂ બિયરના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. ત્રણેય પોલીસ સ્ટેશન હેઠળ પકડી પાડવામાં આવેલા ૮૧૨૮ નંગ મોટી ઈંગ્લિશ દારૂની બાટલી, ૨,૪૭૪ નાની બાટલી, અને ૨૦૯૬ નંગ બિયર ના ટીન વગેરે સહિત ૧૨,૬૯૮ નંગ ઈંગ્લિશ દારૂ અને બિયર ની બાટલી અને ટીન સહિતના જથ્થા પર આજે સવારે ૧૦.૦૦ વાગ્યાના અરસામાં બુલડોઝર ફેરવી દેવાયું હતું, અને કુલ ૪૬,૬૨,૪૭૮ ની કિંમત ના દારૂ બિયર ના જથ્થાનો સંપૂર્ણપણે જાહેરમાં નાશ કરવામાં આવ્યો હતો.

### પહેલગામ આતંકી હુમલાને પગલે

# વાડીનારમાં કોસ્ટગાર્ડ ડીઆઈજી દ્વારા ઓપરેશનલ તૈયારીઓની સમીક્ષા

## કચ્છ અખાતનાં સંવેદનશીલ દરિયાઈ સુરક્ષાની વર્તમાન પરિસ્થિતિ, યુનિટ્સની કાર્યક્ષમતા, ઉપલબ્ધ સુરક્ષા સાધનો, સ્ટાફની તાલીમ અને કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટેની સજ્જતાની ચકાસણી



પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલાના પગલે દેશભરમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સુદૃઢ બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને ખાસ કરીને સંવેદનશીલ ગણાતા દરિયાઈ વિસ્તારોની સુરક્ષા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે, કોસ્ટ ગાર્ડ ડિસ્ટ્રિક્ટ (ઉત્તર ગુજરાત) ના કમાન્ડર, ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ મનજીત સિંહ ગિલે તારીખ ૦૨ મે ૨૦૨૫ ના રોજ વાડીનાર સ્થિત ભારતીય કોસ્ટ ગાર્ડ સ્ટેશન અને ત્યાં તૈનાત વિવિધ યુનિટ્સની મુલાકાત લઈને તેમની ઓપરેશનલ તૈયારીઓની સઘન સમીક્ષા કરી હતી.

ડીઆઈજી મનજીત સિંહ ગિલની આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરમાં પ્રવાસીઓને નિશાન બનાવીને થયેલા આતંકવાદી હુમલાના સંદર્ભમાં દરિયાઈ સીમાની સુરક્ષા વ્યવસ્થા અને જવાનોની સજ્જતા ચકાસવાનો હતો. વાડીનાર, જે કચ્છના અખાતના સંવેદનશીલ વિસ્તારમાં આવેલું છે, તેની સુરક્ષા વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ છે. મુલાકાત દરમિયાન કમાન્ડેરે કોસ્ટ ગાર્ડ સ્ટેશન વાડીનાર ખાતે તૈનાત જહાજો (એફ્લોટ યુનિટ્સ) અને દરિયા કિનારા પર કાર્યરત યુનિટ્સ (શોર યુનિટ્સ) ની મુલાકાત લીધી હતી. તેમણે યુનિટ્સની કાર્યક્ષમતા, ઉપલબ્ધ સુરક્ષા સાધનો, સ્ટાફની તાલીમ અને કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટેની તેમની સજ્જતા અંગે વિગતવાર સમીક્ષા અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જવાનો સાથે સીધી વાતચીત કરીને તેમણે તેમનો ઉત્સાહ વધાર્યો હતો અને કોઈપણ પડકારનો સામનો કરવા માટે સતર્ક રહેવા સૂચનો આપ્યા હતા.

### કમાન્ડર મનજીતસિંહ ગિલની જિલ્લા કલેકટર સાથે બેઠક

આ મુલાકાત દરમિયાન, ડીઆઈજી મનજીત સિંહ ગિલે ખંભાળિયાના જિલ્લા કલેકટર રાજેશ એમ તન્ના (ટી.એ.એસ.) સાથે પણ મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકમાં મુખ્યત્વે કચ્છના અખાતના દરિયાઈ વિસ્તારની વર્તમાન સુરક્ષા પરિસ્થિતિ, સંભવિત જોખમો અને તેને પહોંચી વળવા માટે કોસ્ટ ગાર્ડ અને સ્થાનિક પ્રશાસન વચ્ચેના સંકલન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સરહદી અને દરિયાકાંઠાના વિસ્તારોની સુરક્ષા માટે સંયુક્ત પ્રયાસો અને માહિતીના આદાનપ્રદાન પર ભાર મૂકવામાં આવ્યો હતો.

# 'વન નેશન વન ઈલેકશન' બીલ લાગુ થવાથી દેશને મોટો ફાયદો થશે: મંત્રી રાઘવજીભાઈ પટેલ



## 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' ના પ્રસ્તાવને હાપા માર્કેટીંગ યાર્ડના વેપારીઓ દ્વારા સમર્થન અપાયું

હાપા માર્કેટીગ યાર્ડ ખાતે કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલની અધ્યક્ષતામાં એક રાષ્ટ્ર,એક ચૂંટણીના પ્રસ્તાવને લઈને તથા લોકોમાં જાગૃતતા આવે તે હેતુથી બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં હાપા માર્કેટિંગ યાર્ડના વેપારીઓ, હોદ્દેદારો દ્વારા પ્રસ્તાવને સમર્થન જાહેર કરવામાં આવ્યું હતું.

આ તકે મંત્રીએ જણાવ્યું હતું કે, દેશભરમાં 'વન નેશન, વન ઈલેકશન બીલ લાગુ થવાથી ચોક્કસ સમય મર્યાદાની અંદર ચૂંટણીઓ થશે જેનાથી દેશને ઘણો ફાયદો થશે. દર થોડા મહિને કયાંક ને કયાંક ચૂંટણીઓ યોજાતી રહે છે. તેની અસર વિકાસના કામ પર પડે છે. આખા દેશની વિધાનસભાઓ અને લોકસભાની ચૂંટણીઓ એક સાથે થાય તો તેનાથી ચૂંટણી પર થતા ખર્ચમાં ઘટાડો થશે.

આ બેઠકમાં અગ્રણી વિનોદભાઈ ભંડેરી, હાપા એપીએમસીના ચેરમેન મુકુન્દભાઈ સભાયા,અગ્રણી કુમારપાળસિંહ રાણા,માર્કેટિંગ યાર્ડના ડાયરેકટર, હોદ્દેદારો, વેપારીઓ અને પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. અને પ્રસ્તાવને સમર્થન જાહેર કરવામાં આવ્યું હતું.

# પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા મુખ્યમંત્રીએ માર્ગદર્શન આપ્યું

## ધારાસભ્ય દિવ્યેશ અકબરી અને રિવાબા જાડેજા જોડાયા



શાળાના વિકાસ માટે બંને સમિતિ ના સભ્યોને પ્રોત્સાહિત કરવા તથા વિવિધ બાબતો થી માહિતગાર કરવા માટે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી પ્રેરક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું , જેમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ - જામનગર હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓમાં વિડીયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

# રાહ જોવા છતાં મ્યુનિ. કમિશનરે મુલાકાત ન આપતા કોંગી નગરસેવિકાની તબિયત લથડી!

## કમિશનર ચેમ્બરની બહારથી સિધ્ધા હોસ્પિટલ લઈ જવાયા



જામનગરના કોંગ્રેસના કોર્પોરેટર ત્રીજા સિવિક સેન્ટરની રજૂઆત કરવા માટે ગયા હતાં.

પ્રશ્નની રજૂઆત માટે મ્યુનિસિપલ કમિશનર સમક્ષ પહોંચ્યા હતા. પરંતુ કમિશનરે તેમને મુલાકાત આપી ન હતી. આ પછી તેમની તબિયત લથડતાં તેઓને હોસ્પિટલમાં લઈ જવા હતા , જો કે મોડી સાંજે તેઓ ફરી મહાનગરપાલિકાની કચેરીએ પહોંચ્યા હતા, અને કમિશનર સમક્ષ રૂબરૂ રજૂઆત કરી હતી.

જામનગરના વોર્ડ નંબર ચારના કોંગ્રેસના કોર્પોરેટર રચનાબેન નંદાણીયા આજે બપોરે મહાનગરપાલિકામાં કચેરીમાં કમિશનર કાર્યાલય પહોંચ્યા હતા. અને કમિશનરની મુલાકાત કરવા પ્રયાસ કર્યો હતો .પરંતુ તેમને અડધો કલાક ચેમ્બરની બહાર અન્ય ચેમ્બરમાં બેસાડી રાખવામાં આવ્યા હતા. આ પછી કમિશનર બહાર નીકળી ગયા હતા. પરંતુ કોર્પોરેટરને મુલાકાત આપી ન હતી.

બીજી તરફ કોર્પોરેટર રચનાબેન નંદાણીયાએ જ્યાં સુધી કમિશનર મુલાકાત ના આપે ત્યાં સુધી ત્યાં જ બેસી રહેવાનો નિર્ણય કર્યો હતો. આ દરમિયાન તેમની તબિયત લથડતા તાત્કાલિક તેઓને જીજી હોસ્પિટલ લઈ જવા હતા.જ્યાં તેઓની સારવાર કરવામાં આવી હતી. આ પછી મોડી સાંજે તેઓ હોસ્પિટલથી ફરી પાછા કમિશનર કાર્યાલય પહોંચ્યા હતા અને જ્યાં કમિશનર સમક્ષ પોતાના મત વિસ્તારમાં ત્રણ સીવીક સેન્ટર બનાવી આપવાની રજૂઆત કરી હતી.

# પીઆઈ ચાવડા સામે ડિસિપ્લિનરી તપાસનાં આદેશ પર હાઈકોર્ટનું રૂક જાઓ

## સિટી એ ડિવિઝન પીઆઈ નિકુંજ ચાવડા વિરુદ્ધ સિવિલ મામલામાં ફોજદારી કેસ દાખલ કર્યાનું ટાંકી કોર્ટએ ડિસિપ્લિનરી તપાસ કરવા આદેશ આપ્યા'તા

ગુજરાત હાઈકોર્ટે શુક્રવારે જામનગર કોર્ટ દ્વારા પોલીસ અધિક્ષકને સિવિલ વિવાદમાં ફોજદારી કેસ દાખલ કરવા બદલ પોલીસ ઈન્સ્પેકટર ચાવડા સામે ડિસિપ્લિનરી તપાસ શરૂ કરવાના આદેશ પર સ્ટે આપ્યો હતો.

કેસની વિગતો અનુસાર ૯ એપ્રિલના રોજ, જામનગરના એડિશનલ સેશન્સ જજ આર.વી. મંડાણીએ જામનગર પંચકોશી એ ડિવિઝન પીઆઈ એન.એ. ચાવડા સામે શિસ્ત તપાસનો આદેશ આપ્યો હતો. કોર્ટે ભારતીય દંડ સંહિતા (આઈપીસી) હેઠળ વિશ્વાસઘાતના ગુનાના આરોપોની તપાસ કરી રહેલી એક મહિલા દ્વારા દાખલ કરાયેલી આગોતરા જામીન અરજીનો નિર્ણય લેતી વેળાએ આ આદેશ આપ્યો હતો. કોર્ટે એક મહિનાની અંદર તેના આદેશનો પ્રાથમિક પાલન અહેવાલ અને છ મહિના પછી અંતિમ અહેવાલ માંગ્યો હતો.

જેની સામે પીઆઈ ચાવડાએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો અને તેમના વકીલો રાહુલ શર્મા અને ઉત્કર્ષ દવેએ રજૂઆત કરી હતી કે, નીચલી અદાલતે કાયદાના સમાધાન કરાયેલ પ્રસ્તાવ વિરુદ્ધ કાર્યવાહી કરી હતી. તેમણે ભારત સંઘ વિરુદ્ધ માનસિંહ વર્માના કેસમાં સુપ્રીમ કોર્ટના આદેશ પર આધાર રાખ્યો હતો કે આગોતરા જામીન અરજીનો નિર્ણય કરતી વખતે કોર્ટ દ્વારા આવા નિર્દેશો આપી શકાતા નથી.

પ્રારંભિક સુનાવણી પછી ન્યાયાધીશ ડી. એ. જોશીએ જણાવ્યું હતું કે, વકીલો દ્વારા રજૂ કરાયેલી રજૂઆતોને ધ્યાનમાં રાખીને હાઈકોર્ટએ નીચલી અદાલતનાં આદેશ પર ૩૦ જૂન, ૨૦૨૫ ના સુધી સ્ટે આપ્યો હતો.

### શું હતો સમગ્ર મામલો?

જામનગરમાં બ્રાસપાર્ટનો ધંધો કરતા ભાવીન રમેશભાઈ મંગએ ફરીદાબાદના શ્રી દુર્ગા એન્જીનિયરીંગના નામે કારખાનું ધરાવતા મંજુબેન વિવેકભાઈ પાંડે કે જે કાનપુર ઉતરપ્રદેશમા રહે છે તેના વિરુધ્ધ પોતાના ધંધાકીય વ્યવહારની બાકી લેણી રકમ રૂા.૨૧,૯૧,૧૮૦નો વિશ્વાસઘાત કર્યા અંગેની જમનગર સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ ૪૦૬ મુજબની ફરીયાદ કરેલ હતી.જે સામે આરોપી મંજુબેન વિવેકભાઈ પાડેએ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરેલ અને આગોતરા જામીન અરજીના કામે આરોપીના વકીલ ચંદ્રેશ મોતાની દલીલો કે ફરીયાદીએ કરેલ ફરીયાદ તેના ધંધાકીય વ્યવહારની સને ૨૦૧૫ થી સને ૨૦૨૦ સુધીની બાકી લેણી રકમની ફરીયાદ કરેલ છે.જે મુદત બહારના લેણાની રીકવરી કરવા માટે એફ.આઈ. આર. દાખલ કરેલી અને આરોપી પર પ્રેસર લઈ આવીને કોઈ પણ રીતે ફરીયાદીના મુદ્દત બહારના લેણાની રીકવરી થય જાય તે રીતે મુદત બહારના લેણામાં પોલીસે ફરીયાદ દાખલ કરેલ છે અને આ લેણુ ફરીયાદીએ લેવાનુ રહે છે તેવુ માની લેવામાં આવે તો પણ ફરીયાદીની ફરીયાદ મુજબ કાયદાકીય જોગવાઈ મુજબ સિવીલ રાહે પણ વસુલાત કરવા પાત્ર રહેતુ નથી તેવા લેણાની વસુલાત માટે પોલીસ એજન્સી ગુન્હો દાખલ કરી વસુલાતનો પ્રયત્ન કરે છે.

# સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજયભરમાં આજથી ૬ દિવસ કમોસમી વરસાદની શકયતા

## ૩૦થી ૩૫ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશેઃ આજે બનાસકાંઠા સાબરકાંઠા અને કચ્છમાં માવઠું પડશે કાલથી જોર વધશે

**અબતક, રાજકોટ**

છેલ્લા ઘણા દિવસથી કાળઝાળ ગરમીમાં શેકાય રહેલા ગુજરાતવાસીઓને આજથી ગરમીમાં રાહત મળશે. આજથી છ દિવસ સુધી રાજયના અલગઅલગ વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામા આવી છે. માવઠાની સંભાવનાના પગલે રાજયભરમાં માર્કેટીંગ યાર્ડને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. એકપણ જણસી ખૂલ્લામાં ન ઉતારવા સૂચના આપી દેવામાં આવી છે. આજે ત્રણ જિલ્લામાં કમોસમી વરસાદ પડશે દરમિયાન આવતીકાલથી માવઠાનું જોર વધશે. સામાન્ય રીતે મે માસમાં માવઠા વરસતા જ હોય છે. આજથી ગરમીનું જોર વધશે. બીજી તરફ કમોસમી વરસાદની આગાહીના પગલે ખેડુતોમાં ચિંતાનો માહોલ છવાય ગયો છે. માવઠાની સાથે ૩૦ થી ૩૫ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવાની શકયતા પણ વ્યકત કરવામાં આવી છે.

રાજયમાં વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસર તળે આજથી વાતાવરણમાં પલટો જોવા મળશે. આગામી ૮મી મેં સુધી રાજયમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે. આજે શનિવારે રાજયના ત્રણ જિલ્લા બનાસકાંઠા, સાબરકાંઠા અને કચ્છમાં કમોસમી વરસાદ વરસી શકે છે. આવતીકાલે રવિવારથી માવઠાનું જોર વધશે. કાલે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટાઉદેપુર, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દિવ અને કચ્છ જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં માવઠાની શકયતા રહેલી છે.

આગામી સોમવારે વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, વલસાડ, નવસારી, ડાંગ, દમણ, દાદરાનગર હવેલી બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, પાટણ, અરવલ્લી, પંચ મહાલ, દાહોદ, મહિસાગર, ભાવનગર, અમરેલી અને કચ્છ જિલ્લામાં કમોસમી વરસાદ પડશે. આગામી મંગળવારના રોજ વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, વલસાડ, નવસારી, ડાંગ, દમણ, દાદરાનગર હવેલી, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ અને કચ્છ જિલ્લામાં માવઠું પડશે.

બુધવારના રોજ બનાસકાંઠા, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, તાપી, વલસાડ, નવસારી, ડાંગ, દમણ, દાદરાનગર હવેલી, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ અને કચ્છમાં જયારે ગુરૂવારના રોજ બનાસકાંઠા, પાટણ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર, મોરબી, ગીર સોમનાથ અને કચ્છમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે.

આજથી ગરમીમાં રાહત મળશે. મહતમ તાપમાનનો પારો ૨ થી ૩ ડિગ્રી સુધી ઘટશે. કમોસમી વરસાદની આગાહીના પગલે રાજયભરનાં માર્કેટીંગ યાર્ડને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. આગામી છ દિવસ સુધી એક પણ જણસીને ખૂલ્લામાં નહી ઉતારવા તાકીદ કરવામાં આવી છે. કમોસમી વરસાદની આગાહીથી ખેડુતો ચિંતિત બની ગયા છે. જો માવઠું પડશે તો કેરી, ઘઉં, મેથી, જીરા સહિતના પાકોને નુકશાની થવાની ભીતિ જણાય રહી છે.

શુક્રવારે પણ રાજયભરમાં હીટવેવનો પ્રકોપ યથાવત રહ્યો હતો. રાજયના ૧૨ શહેરોમાં મહતમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતુ. સૌરાષ્ટ્રમાં અમરેલીનું તાપમાન ૪૨.૩ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૪૧.૬ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૩.૧ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૩.૮ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૫.૬ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૪૩.૧ ડિગ્રી,

(અનુ. આઠમા પાને)

### વાવ-થરાદમાં ૩.૪ની તીવ્રતાનો ભૂકંપ

**એકબાજુ ગરમી અને બીજીબાજુ રાજ્યમાં ભૂકંપના આંચકાનું પ્રમાણ યથાવત છે. ત્યારે આજે રાતે ૩:૩૫ કલાકે ઉત્તર ગુજરાતમાં ૩.૪ની તીવ્રતાના ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિદું ગાંધીનગરથી ૨૭ કિલોમીટરની દૂર નોંધાયું હતું. જો કે આ આંચકાથી કોઈ જાનહાનીના સમાચાર પ્રાપ્ત થયા નથી.**

# લોધિકાથી ચાર પાકિસ્તાની ઝડપાતા ભારે ખળભળાટ

## પાકિસ્તાની મહિલા પુત્ર - પુત્રી અને પૌત્ર સાથે લોધિકામાં ૨૮ વર્ષથી સ્થાયી થયાંનો ખુલાસો

## મુનાફ નામનો શખ્સ કામ અર્થે કરાચી ગયા બાદ પાકિસ્તાની મહિલા સાથે નિકાહ કરી ભારત લઈ આવ્યો'તો

**અબતક, રાજકોટ**

પહેલગામ હુમલા બાદ ભારત સરકારે સરહદ પાર અને અંદર બંને તરફ સફાયો કરવાનો નિર્ધાર કરી ગેરકાયદે ઘુષણખોરોને ખદેડી મુકવા અભિયાન શરૂ કરતા રાજ્યભરમાંથી ઘુષણખોરોને વીણી વીણીને દેશનિકાલ કરવા ગતિવિધિ તેજ કરવામાં આવી છે. હાલ સુધીમાં રાજ્યમાંથી સેંકડો ઘુષણખોરો ઝડપાઈ ચુક્યા છે જેમાં મોટાભાગનાં બાંગ્લાદેશી ઘુષણખોરો હોવાનું સામે આવ્યા બાદ રાજકોટની ભાગોળે આવેલ લોધીકાથી પોલીસે ચાર પાકિસ્તાનીઓને ઝડપી લેતા ખળભળાટ મચી જવા પામ્યો છે. પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ઘુષણખોરોને શોધી કાઢવાની રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને જિલ્લા પોલીસવડા હિમકરસિંહની સૂચનાને પગલે રાજકોટ ગ્રામ્ય પોલીસની ટીમો કાર્યરત હતી. દરમિયમ લોધીકા પોલીસનાં પીએસઆઈ ઈંદ્રજિતસિંહ સરવૈયાની ટીમો દ્વારા ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન રિસોર્સથી તપાસ કરી હતી. દરમિયાન પોલીસની ટીમને હકીકત મળી હતી કે, લોધીકા વિસ્તારમાં ચાર પાકિસ્તાની ઘુષણખોરો લાંબા સમયથી વસવાટ કરી રહ્યા છે.

લોધીકા પોલીસને મળેલી બાતમીનાં આધારે પોલીસે ખાનગી રાહે તપાસ કરાવતા મુનાફ નામના શખ્સનાં ઘરેથી બે મહિલાઓ, એક પુરુષ અને એક સગીર એમ કુલ ચાર પાકિસ્તાની નાગરિકો કોઈ પણ આધાર પુરાવા વિના લોધીકામાં રહેતા હોવાનું સામે આવતા પોલીસે ચારેયને ડિટેઈન કરી પૂછપરછનો દોર શરૂ કર્યો હતો.

પોલીસની પૂછપરછમાં સામે આવ્યું હતું કે, મુનાફ નામનો શખ્સ ત્રણેક દાયકા પૂર્વે કામ અર્થે કરાચી ગયો હતો. જ્યાં તેનો સંપર્ક એક યુવતી સાથે થતાં બંનેએ નિકાહ કરી લીધા હતા. બાદમાં પાકિસ્તાન ખાતે જ એક પુત્ર અને એક પુત્રીનો જન્મ થયો હતો. જે બાદ પાકિસ્તાની મહિલા તેના બંને સંતાનો સાથે વિઝા મેળવીને ભારત આવી હતી અને લોધીકામાં સ્થાયી થઈ હતી. વિઝા પૂર્ણ થયાં છતાં મહિલાએ વિઝા રીન્યુ કરાવ્યા ન હતા અને તેણે લોધીકા ખાતે રહેવાનું ચાલુ રાખ્યું હતું. પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર મહિલાનાં પુત્રની ઉંમર હાલ ૨૫ વર્ષ છે જ્યારે દીકરીની ઉંમર ૨૨ વર્ષ છે. મહિલાનાં પુત્રનાં પણ લગ્ન થઈ ગયા છે અને તેના ઘરે પણ એક સંતાન છે અને તેઓ છેલ્લા ૨૮ વર્ષથી લોધીકામાં રહે છે તેવી કેફીયત પાકિસ્તાની નાગરિકોએ આપી છે. લોધીકા પોલીસે ચારેય પાકિસ્તાની નાગરિકોને અટકાયતમાં લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી રાષ્ટ્રીય એજન્સીઓને જાણ કરતા ટૂંક સમયમાં સ્ટેટ આઈબી, સેન્ટ્રલ આઈબી, નેવી, બીએસએફ, એરફોર્સ અને એનઆઈએ સહીતની એજન્સીઓ દોડી આવશે અને તમામ પાકિસ્તાનીઓની પૂછપરછ કરી દેશનિકાલ કરવા તજવીજ હાથ ધરવામાં આવશે.

### જામનગરનાં યુવાનનાં પ્રેમમાં પડી બાંગ્લાદેશી 'સીમા હૈદર' પડધરી દોડી આવી

#### શાહીદાનાં છૂટાછેડા થયાં બાદ ઈન્સ્ટાગ્રામથી સમીરનાં સંપર્કમાં આવીઃ રૂ. ૭ હજાર લઈ સુરતમાં રહેતા બાંગ્લાદેશીએ બોર્ડર ક્રોસ કરાવી દીધાનો ખુલાસો

પડધરીમાંથી પણ બહુચર્ચિત સીમા હૈદર જેવું પ્રકરણ સામે આવ્યું છે. પડધરી પાસેથી ઝડપાયેલી બાંગ્લાદેશી નાગરિક શાહીદા જામનગરના યુવાન સાથે લગ્ન કરવા માટે બોર્ડર ક્રોસ કરી ભારત આવી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે શાહીદા છેલ્લા દોઢેક વર્ષથી જામનગર રહેતી હતી. બારેક વર્ષ પહેલાં તેના બાંગ્લાદેશમાં લગ્ન થયા હતા. લગ્નજીવન દરમિયાન પુત્રીની પ્રાપ્તી થઈ હતી. ત્યાર પછી તેના છૂટાછેડા થઈ ગયા હતા. બાદમાં તે ઈન્સ્ટાગ્રામ થકી જામનગરના સમીર નામના યુવક સાથે પરિચયમાં આવી હતી. બંનેએ ઘણાં સમય સુધી ચેટ કરી હતી. શાહીદાને સમીર સાથે લગ્ન કરવા હોવાથી બાંગ્લાદેશમાં તેના ગામના હબીબનો સંપર્ક કર્યો હતો. જે તે વખતે સુરતમાં રહેતો હતો. બે વર્ષ પહેલાં શાહીદા, હબીબ સાથે તેના ગામથી બોર્ડર ક્રોસ કરી પગપાળા કોલકતા આવી હતી. બોર્ડર ક્રોસ કરાવવા બદલ તેણે હબીબને રૂ. ૭,૦૦૦ આપ્યા હતા. બદલામાં હબીબે તેને સીમકાર્ડ કઢાવી આપ્યું હતું. સાથો-સાથ તેને સુરત લઈ આવ્યો હતો. જયાં તેની સાથે છ મહિના સુધી રહી હતી. બાદમાં ટ્રેનમાં જામનગર આવી હતી. જયાંથી દ્વારકા ગઈ હતી. જયાં સમીર મળ્યો હતો. દ્વારકામાં એકાદ વર્ષ તેની સાથે રહી હતી. છેલ્લા છ મહિનાથી બંને જામનગરમાં ભાડાના મકાનમાં રહેતાં હતા. શાહીદાની પુત્રી હાલ તેની માતા સાથે રહે છે. તેના પિતાનું અવસાન થઈ ગયું છે. પડધરી પોલીસે તેનું નિવેદન નોંધી પુછપરછ જારી રાખી છે.

# ધોલેરા સ્માર્ટ સિટીને 'સેમીકોન સિટી' તરીકે વિકસાવાશે

## અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વેની ૯૫ ટકા કામગીરી પૂર્ણઃ મુખ્યમંત્રીએ કરી સમીક્ષા



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધોલેરા સરના સર્વાંગી વિકાસના કામોની પ્રગતિની સમીક્ષા ધોલેરાની સ્થળ મુલાકાત લઈને કરી હતી.

મુખ્યમંત્રીએ રાજયના વિવિધ વિકાસલક્ષી કાર્યોના મોટા પ્રોજેક્ટસની પ્રગતિ અને કામગીરીના નિરીક્ષણ તથા જરૂરી માર્ગદર્શન માટે આવા પ્રોજેક્ટસની સાઈટ મુલાકાતનો ઉપક્રમે શરૂ કર્યો છે.

મુખ્યમંત્રી સમક્ષના આ પ્રેઝન્ટેશનમાં માળખાકીય સુવિધાના મહત્વપૂર્ણ પ્રોજેક્ટસ અંગેની વિગતો આપતા જણાવવામાં આવ્યું હતું કે, અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવેની ૯૫ ટકા કામગીરી પૂરી થઈ ગઈ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બાકી રહેલી કામગીરી અંગેની વિગતો મેળવવા સાથે આ કામો સમય બધ્ધ અને ગુણવત્તા યુક્ત પૂર્ણ થાય તે માટે માર્ગદર્શન આપ્યું હતું.

ધોલેરામાં રોડ રસ્તા, અંડર ગ્રાઉન્ડ ફેસીલીટીઝ, પ્લગ એન્ડ પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની તમામ સુવિધા પુરી થઈ ગઈ છે અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, કોમન એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ આઈસીટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એબીસીડી બિલ્ડીંગ જેવી માળખાકીય સુવિધાના કામો પણ પૂર્ણ થઈ ગયા છે. તેમજ ૩૦૦ મેગા વોટનો સોલાર પાર્કની પણ કામગીરી પૂરી થઈ છે. તેની વિગતો મુખ્યમંત્રી સમક્ષ સીઈઓ કુલદીપ આર્યએ આપી હતી.

ધોલેરા સરમાં જે કાર્યો પ્રગતિ હેઠળ છે તેની વિગતો પ્રેઝન્ટેશનમાં આપતા જણાવવામાં આવ્યું હતું કે, ભીમનાથ ધોલેરા ફ્રેઈટ રેલ્વેલાઈન, ૧૯૨ બેડની હોસ્પિટલ, ૧૨માં ધોરણ સુધીની શાળા, ફાયર સ્ટેશન અને ઈન્વેસ્ટર્સ માટે આવાસીય સુવિધાના કામો હાલ ચાલી રહ્યા છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતને વિશ્વનું સેમિકન્ડક્ટર હબ બનાવવાની નેમ રાખી છે. ગુજરાત પણ તેમાં સૂર પુરાવતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં દેશનું સેમિકન્ડકટર બનવા માટે સેમિકન્ડકટર ઉત્પાદનની ઈકો સિસ્ટમ સાથે સજ્જ છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીના દિશાદર્શનમાં ધોલેરા સ્માર્ટ સિટીને સેમીકોન સિટી તરીકે વિકસાવવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

રાજ્ય સરકારે ધોલેરા સ્માર્ટ સિટીમાં સેમિકન્ડક્ટર ઉત્પાદન ઈકો સિસ્ટમ ઊભી કરવાની જે મુહિમ ઉપાડી છે. તેમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના સેમિકન્ડક્ટર નિર્માતા ઉદ્યોગ-કંપનીઓ પોતાના યુનિટસ સ્થાપી રહી છે.

ધોલેરા સર ખાતે પ્રગતિમાં હોય તેવા ૧૨ જેટલા પ્રોજેક્ટસ ડેવલપર્સે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ પોતાના પ્રોજેક્ટસની પ્રગતિ તેમજ બાંધકામ આયોજન સહિતના ભવિષ્યના રોડમેપનું પ્રેઝન્ટેશન કર્યું હતું.

ટાટા ઈલેક્ટ્રોનિક્સનો જે સેમિકન્ડકટર પ્લાન્ટ ધોલેરા

(અનુ. આઠમા પાને)

# ૧૦ વર્ષની બાળકીનું શિયળ લૂંટનાર હેવાનને ફક્ત ૭૨ દિવસમાં સજા-એ-મોતનું એલાન

## નવા ફોજદારી કાયદાની અમલવારી બાદ રાજ્યમાં પ્રથમ ફાંસીની સજાઃ પીડિત પરિવારને ન્યાય મળ્યોઃ ઝડપી અને સચોટ ન્યાય અપાવવામાં યોગદાન આપનાર તમામ પોલીસ અધિકારીઓ-કર્મચારીઓને અભિનંદન પાઠવતા હર્ષ સંઘવી

### ઝઘડિયાની દુષ્કર્મ પીડિતા માસુમ આઠ દિવસની સારવાર બાદ જિંદગીની જંગ હારી ગઈ'તી

**અબતક, રાજકોટ**

ભરૂચના ઝઘડિયામાં જીઆઈડીસી વિસ્તારમાં રહેતી ૧૦ વર્ષિય બાળકીને વિજય પાસવાન નામના હવસખોરે તેની હવસનો શિકાર બનાવી અને તેના પર પાશવી રીતે બર્બરતાની તમામ હદો પાર કરતો બળાત્કાર ગુજાર્યો હતો. દિલ્હીના નિર્ભયા કાંડની જેમ જ આ હવસખોરે બાળકી પર

(અનુ. આઠમા પાને)

